અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૯ | અંક : ૭૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**વડાપ્રધાનનો આસામથી કોંગ્રેસ પર કટાક્ષ** | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના દરાંગ જિલ્લામાં મંગલદોઈ ખાતે રૂ. ૬૩૦૦ કરોડના હેલ્થકેર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો

# કોઈ મને ગમે તેટલા અપશબ્દો કહે, હું શિવ ભક્ત, ઝેર પી જાઉં છું : મોદી



## મોદીએ દિલ્હીમાં જ્ઞાન ભારતમ નામનું એક નવું ડિજિટલ પોર્ટલ લોન્ચ કર્યું

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં જ્ઞાન ભારતમ નામનું એક નવું ડિજિટલ પોર્ટલ લોન્ચ કર્યું છે. શુક્રવારે સાંજે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પોર્ટલ ખાસ કરીને ભારતની હસ્તપ્રતોને ડિજિટલ સ્વરૂપમાં સુરક્ષિત રાખવા અને સાચવવા માટે બનાવવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ પ્રાણી પ્રેમીઓ સાથેની તેમની મુલાકાતની એક રમુજી વાર્તા સંભળાવી અને પ્રાણી પ્રેમીઓના વિચાર પર પણ પ્રશ્નો ઉઠાવ્યા.પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેઓ તાજેતરમાં એક પ્રાણી પ્રેમીને મળ્યા હતા. પ્રધાનમંત્રીની આ વાત સાંભળીને ત્યાં હાજર લોકો હસવા લાગ્યા. પછી પ્રધાનમંત્રીએ કહ્યું, તમે લોકો કેમ હસો છો? આપણા દેશમાં ઘણા લોકો એવા છે જે ગાયને પ્રાણી નથી માનતા. પ્રધાનમંત્રીની આ વાત સાંભળીને લોકો વધુ હસવા લાગ્યા. વડા પ્રધાનની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે તાજેતરમાં દિલ્હીમાં રખડતા કૂતરાઓનો મુદ્દો ચર્ચામાં હતો. સુપ્રીમ કોર્ટે શરૂઆતમાં રાજધાનીની શેરીઓમાંથી રખડતા કૂતરાઓને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, બાદમાં કોર્ટે કહ્યું કે હડકવા અથવા આક્રમક વર્તન ધરાવતા કૂતરાઓ સિવાય, બાકીના બધા કૂતરાઓને નસબંધી અને રસીકરણ પછી છોડી દેવા જોઈએ. તમને જણાવી દઈએ કે મોદી સરકાર ગાયોના કલ્યાણ માટે સમયાંતરે પગલાં લેતી રહે છે, જેમ કે રાષ્ટ્રીય કામધેનુ કમિશનની રચના.જ્ઞાન ભારતમ પોર્ટલ દ્વારા ભારતના સાંસ્કૃતિક વારસાને બચાવવા અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. દેશના વિવિધ ભાગોમાંથી એક કરોડથી વધુ હસ્તપ્રતો શોધીને એકત્રિત કરવામાં આવશે અને પછી તેનું ડિજિટાઇઝેશન કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા, યુવા પેઢી તેમની સંસ્કૃતિને વધુ સારી રીતે સમજી શકશે અને તેની સાથે જોડાવાની તક મળશે.**

| **(એજન્સી)** દરાંગ, તા.૧૪ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૧૪ સપ્ટેમ્બરના રોજ આસામના દરાંગ જિલ્લામાં મંગલદોઈ ખાતે રૂ. ૬૩૦૦ કરોડના હેલ્થકેર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો છે. તેમણે દરાંગ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને જીએનએમ સ્કૂલના બાંધકામનો શુભારંભ કરાવ્યો છે. આ હેલ્થકેર પ્રોજેક્ટ પાછળ રૂ. ૫૭૦ કરોડનું રોકાણ કરવામાં આવશે. આ ઉદ્ઘાટન દરમિયાન વડાપ્રધાન મોદીએ આસામની પ્રજાને સંબોધતાં પોતાને ભગવાન શિવના ભક્ત તરીકે દર્શાવ્યા છે. તેમણે કહ્યું કે, કોઈ મને ગમે તેટલી ગાળો આપે, હું બધુ ઝેર પચાવી જઉ છું. તેમણે કોંગ્રેસ પાર્ટી પર કટાક્ષ કરતાં કહ્યું કે, મારુ રિમોટ કંટ્રોલ દેશની ૧૪૦ કરોડ જનતા છે. તે મારી માલિક છે. હું શિવ ભક્ત છું. ગમે તેવુ ઝેર પચાવી જઉ છું. પીએમ મોદીએ કહ્યું કે, મારા માટે તો મારી પ્રજા જ મારો ભગવાન છે. મારા ભગવાન પાસે મારા આત્માનો અવાજ નહીં નીકળે તો બીજે ક્યાં નીકળશે. તેઓ મારા માલિક છે. મારા માટે પૂજનીય છે. મારો રિમોટ કંટ્રોલ છે. થોડા દિવસ પહેલાં બિહારના દરભંગામાં I.N.D.I.A ગઠબંધનની વોટર અધિકાર યાત્રા દરમિયાન વિપક્ષના અમુક કાર્યકરોએ પીએમ મોદી અને તેમની માતાને અપશબ્દો કર્યા હતા. જેનો વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયો પર આકરી પ્રતિક્રિયા આપતાં વડાપ્રધાને આસામથી કોંગ્રેસ પર કટાક્ષ કર્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરાંગ અને ગોલાઘાટ જિલ્લામાં રૂ. ૧૮૫૩૦ કરોડની પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું છે. તેમણે બે જનસભાને સંબોધી હતી. જેમાં કહ્યું હતું કે, આસામ ૧૩ ટકાના દરે ઝડપથી વિકસી રહ્યું છે. આસામના લોકોના આકરા પરિશ્રમ અને ભાજપની ડબલ એન્જિન સરકારના યોગદાનનું આ પરિણામ છે. આજે વિશ્વમાં ભારત સૌથી ઝડપથી વિકસતો દેશ બન્યો છે અને તેમાં આસામ સૌથી ઝડપથી વિકસતુ રાજ્ય. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામની મુલાકાતે છે. તેમણે દારંગમાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે તાજેતરમાં પૂર્ણ થયેલા ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, ઓપરેશન સિંદૂર મા કામાખ્યાના આશીર્વાદથી જબરદસ્ત સફળતા મળી છે. તેમણે કોંગ્રેસ પાર્ટી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, "હું ભગવાન શિવનો ભક્ત છું, હું બધુ ઝેર પીય જાઉં છું." પીએમ મોદીએ કહ્યું કે, કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકાર આસામ અને ઉત્તર પૂર્વના વિકાસ માટે સંપૂર્ણ પ્રામાણિકતા સાથે કામ કરી રહી છે. ભૂપેન હજારિકાને યાદ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, થોડા દિવસો પહેલા તેમના જન્મદિવસ પર આયોજિત કાર્યક્રમમાં હાજરી આપવી તેમના માટે સૌભાગ્યની વાત છે. પીએમ મોદીએ કહ્યું કે, સરકાર આસામના મહાન સંતાનો અને પૂર્વજોએ જોયેલા સ્વપ્નને સાકાર કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે. પીએમએ કોંગ્રેસ પાર્ટી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે યાદ અપાવ્યું કે, જે દિવસે ભારત સરકારે ભૂપેન હજારિકાને ભારત રત્ન આપ્યો હતો, તે જ દિવસે કોંગ્રેસ અધ્યક્ષે તેમનું અપમાન કરીને કહ્યું હતું કે, મોદી "નાચવા-ગાવા વાળા" ને ભારત રત્ન આપી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### ૫, ૧૦ રૂપિયાવાળા બિસ્કિટ, વેફરના પડીકાના ભાવ ઘટશે નહીં




| નવી દિલ્હી, તા.૧૪ |

નેક્સ્ટ જનરેશન જીએસટી હેઠળ કરવામાં આવેલા સુધારાનો લાભ ૨૨ સપ્ટેમ્બરથી મળવાનો છે. કંપનીઓ પણ ભાવમાં ઘટાડાની જાહેરાત કરી રહી છે. નવા સુધારેલા ભાવ સાથે નવો સ્ટોક માર્કેટમાં પહોંચવા લાગ્યો છે. આ સુધારા વચ્ચે એફએમસીજી કંપનીઓએ મહત્ત્વની જાણકારી આપી છે કે, ૫,૧૦,૨૦ રૂપિયાની ચીપ્સ, કુરકરે, બિસ્કિટ, નમકીન, સાબુ અને ટૂથપેસ્ટના ભાવમાં કોઈ ફેરફાર થશે નહીં. એફએમસીજી કંપનીઓના અધિકારીઓએ જણાવ્યું હતું કે, રૂ. પાંચની કિંમતના બિસ્કિટ-નાસ્તાના પડીકા, રૂ. ૧૦નો સાબુ તેમજ રૂ. ૨૦ની ટૂથપેસ્ટ જેવી નાની પેકેજ્ડ આઈટમ્સના ભાવમાં કોઈ ફેરફાર થશે નહીં. આ નાના પેકેટ પર જીએસટી ઘટાડાનો લાભ મળશે નહીં. મીડિયા રિપોર્ટ અનુસાર કંપનીઓએ જણાવ્યું હતું કે, મોટાભાગના ભારતીય ખરીદદાર નિશ્ચિત કિંમતની ખરીદી કરવા ટેવાયેલા છે.

### ભારત સરકારની અનોખી પહેલ!

# દૂબઈમાં શરૂ થયું આઈઆઈએમ અમદાવાદનું પહેલું વિદેશી કેમ્પસ

## દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તોમે DIAC ખાતે કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું

| **(એજન્સી)** નવી દિલ્હી, તા.૧૪ |

દુબઈમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદના નવા આંતરરાષ્ટ્રીય કેમ્પસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તોમે દુબઈ ઈન્ટરનેશનલ એકેડેમિક સિટી (DIAC) ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (IIM-A) ના પ્રથમ વિદેશી કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. બીજી પહેલમાં, ભારતના કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને IIT દિલ્હી અબુ ધાબી ખાતે અટલ ઈન્ક્યુબેશન સેન્ટર (AIC)નું ઉદ્ઘાટન કર્યું, જે ભારતીય સંસ્થા દ્વારા આયોજિત પ્રથમ વિદેશી AIC છે. આ ઐતિહાસિક પ્રસંગે દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તોમે હાજરી આપી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર



પ્રધાને આ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, આ ભારત અને UAE વચ્ચે શિક્ષણ સહયોગનો એક મહત્વપૂર્ણ પ્રકરણ છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને UAEના રાષ્ટ્રપતિ વચ્ચેના અગાઉના કરારનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેના પછી IIT અબુ ધાબીની સ્થાપના કરવામાં આવી હતી. IIM અમદાવાદના દુબઈ કેમ્પસને ભારતની શિક્ષણ પ્રણાલીના વૈશ્વિકરણ તરફ એક મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. આ કેમ્પસ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે ઉત્તમ તકો પૂરી પાડશે. UAEના શિક્ષણ મંત્રી અબ્દુલ રહેમાન અલ અવાર પણ ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહ્યા હતા. કેમ્પસ વિશે : IIM-A દુબઈ સપ્ટેમ્બરના અંત સુધીમાં કાર્યરત વ્યાવસાયિકો અને ઉદ્યોગસાહસિકો માટે પૂર્ણ-સમયના એક વર્ષના MBA સાથે તેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરશે. ભારતના કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ મણિપાલ યુનિવર્સિટી, સિમ્બાયોસિસ યુનિવર્સિટી, BITS પિલાની અને એમિટી યુનિવર્સિટી જેવી ભારતીય સંસ્થાઓના અધિકારીઓ સાથે ગોળમેજી ચર્ચા પણ કરી હતી, જેમણે દુબઈમાં પોતાના કેમ્પસ સ્થાપ્યા છે અને સંશોધનને પેપર્સથી ઉત્પાદનો તરફ ખસેડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

### યુનેસ્કોની સંભવિત વર્લ્ડ હેરિટેઝની યાદીમાં ભારતના ૭ સ્થળ સામેલ

| નવી દિલ્હી, તા.૧૪ |

ભારતના સાત ઐતિહાસિક સ્થળને યુનેસ્કોની સંભવિત વર્લ્ડ હેરિટેજની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. યુનેસ્કોમાં ભારતના સ્થાયી પ્રતિનિધિમંડળે આ અંગે માહિતી આપી હતી. આ યાદીમાં સાત રાજ્યોના સાત સ્થળ સામેલ છે. જે દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો મહત્ત્વનો ભાગ છે. આ યાદીમાં મહારાષ્ટ્ર, મેઘાલય, નાગાલેન્ડ, આંધ્રપ્રદેશ, કેરળ અને કર્ણાટકના સ્થળ સામેલ છે. જેમાં પંચગનીમાં ડેક્કન ટ્રેપ્સ, મહારાષ્ટ્રનું મહાબળેશ્વર, અને આંધ્રપ્રદેશની તિરૂમાલા હિલ્સ સામેલ છે. યુનેસ્કોની સંભવિત હેરિટેજ યાદીમાં મહારાષ્ટ્રના બે સ્થળે સ્થાન મેળવ્યું છે.

### લખનઉ એરપોર્ટ પર મોટી હોનારત ટળી

# ટેકઓફ સમયે ઉડી જ ના શક્યું ઈન્ડિગોનું વિમાન

**સપા અધ્યક્ષ અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ પણ હતા**

| **(એજન્સી)** લખનઉ, તા.૧૪ |

ઉત્તર પ્રદેશના લખનઉ એરપોર્ટ પર આજે ૧૪ સપ્ટેમ્બરે રવિવારે દર્દનાક દુર્ઘટના બનતા ટળી છે. દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ટેકઓફ દરમિયાન જ રનવે પર રોકાઈ ગઈ છે. કેપ્ટને સમય સૂચકતા સાથે વિમાન રોકી ૧૫૧ પેસેન્જરનો જીવ બચાવ્યો છે. આ વિમાનમાં સમાજવાદી પાર્ટીના સાંસદ અને સપા અધ્યક્ષ અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ પણ હતા. મીડિયા સૂત્રો અનુસાર, વિમાન રનવે પરથી ટેકઓફ કરી રહ્યું હતું. તે સમયે સ્પીડમાં દોડવા તો લાગ્યું પણ હવામાં ઉડી શક્યુ નહીં. ફ્લાઈટના કેપ્ટને સમય સૂચકતાથી રનવેના અંતિમ માર્ગ પહેલાં જ વિમાન અટકાવી દીધું. આ ઘટનાથી વિમાનમાં હાજર પેસેન્જર ભયભીત બન્યા હતા. જો કે, તમામ પેસેન્જર સુરક્ષિત રહ્યા હતા. બાદમાં તેમને અન્ય ફ્લાઈટમાં દિલ્હી મોકલવામાં આવ્યા હતા. સુરતથી દુબઈ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં પણ ઉડાન દરમિયાન ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. જેથી ફ્લાઈટનું અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તાત્કાલિક લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ વિમાનમાં ૧૭૦થી વધુ પેસેન્જર સવાર હતા. અધિકારીઓએ જણાવ્યું કે, આ ઈમરજન્સી લેન્ડિંગ ન હતું. પરંતુ ટેક્નિકલ ખામીના કારણે સુરક્ષિત ઓપરેશન સુનિશ્ચિત કરતાં આ પગલું લેવામાં આવ્યું હતું. જેથી વિમાનનું અમદાવાદમાં લેન્ડિંગ કરાવ્યું હતું. અધિકારીઓએ બાદમાં સ્પષ્ટતા કરી હતી કે, આ નિર્ણય પેસેન્જરની સુરક્ષાને ધ્યાનમાં રાખી લેવામાં આવ્યો છે.

## માતા વૈષ્ણોદેવી યાત્રા આગામી આદેશો સુધી મુલતવી રખાઈ

| **(એજન્સી)** જમ્મુ, તા.૧૪ |

જો તમે પણ માતા વૈષ્ણો દેવીની યાત્રાનું આયોજન કરી રહ્યા છો, તો તેને હાલ પૂરતું મુલતવી રાખો. વાસ્તવમાં, માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે રવિવાર (૧૪ સપ્ટેમ્બર) થી શરૂ થતી યાત્રા હાલ પૂરતી મુલતવી રાખી છે. યાત્રાના રૂટ પર સતત વરસાદને કારણે શ્રાઈન બોર્ડે આ નિર્ણય લીધો છે. શ્રાઈન બોર્ડે કહ્યું કે માતા વૈષ્ણો દેવી યાત્રા આગામી આદેશો સુધી મુલતવી રાખવામાં આવી છે. ભક્તોને સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા અપડેટ રહેવા વિનંતી છે. અગાઉ શુક્રવારે (૧૨ સપ્ટેમ્બર) શ્રાઈન બોર્ડે કહ્યું હતું કે ખરાબ હવામાન અને ટ્રેકની જરૂરી જાળવણીને કારણે કામચલાઉ સ્થગિત કર્યા પછી, અનુકૂળ હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને શ્રી માતા વૈષ્ણો દેવીની યાત્રા ફરી શરૂ થશે. નોંધનીય છે કે ૨૬ ઓગસ્ટના રોજ જમ્મુ વિભાગમાં અત્યંત ખરાબ હવામાન દરમિયાન માતા વૈષ્ણો દેવી મંદિર માર્ગ પર ભૂસ્ખલનને કારણે ૩૫ થી વધુ યાત્રાળુઓએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

## માઈગ્રેશનના કારણે બ્રિટનમાં સંકટ સર્જાઈ રહ્યું છે : ઈલોન મસ્ક

| **(એજન્સી)** લંડન, તા.૧૪ |

બ્રિટનમાં ઈમિગ્રેશન સામે આંદોલનની આગ ભયંકર સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. લંડનમાં ઈમિગ્રેશન વિરોધી કાર્યકર્તા ટોમી રોબિન્સનના નેતૃત્વમાં લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ દરમિયાન દુનિયાનો સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે પણ આગમાં ઘી હોમવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે, હવે બ્રિટનમાં સત્તા પરિવર્તનની જરૂર છે. દેખાવકારો વિરોધીઓ પાસે કરો યા મરો સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. બ્રિટનમાં આંદોલન અંગે દુનિયાનો સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે કહ્યું કે બ્રિટનની અવદશા શરૂ થઈ ગઈ છે અને આવનારા સમયમાં તે સમગ્ર દેશનો વિનાશ તરફ દોરી જશે. મોટા પાયે માઈગ્રેશનના કારણે બ્રિટનમાં સંકટ સર્જાઈ રહ્યું છે. મોટી હિંસા થવાની છે. આવી સ્થિતિમાં દેખાવકારો પાસે ફક્ત કરો યા મરો સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. યુકેના પ્રધાનમંત્રી કીર સ્ટારમરને લઈને ઈલોન મસ્કે કહ્યું, મારો સંદેશ એ છે કે હિંસાની આગ ચોક્કસ તમારા સુધી પહોંચશે.



# આણંદમાં હોટલમાંથી MD ડ્રગ્સ સાથે નારનો યુવાન ઝડપાયો

। (એજન્સી) આણંદ, તા.૧૪ ।

આણંદમાં અમુલ ડેરીની બાજુમાં આવેલ હોટલ ના રુમ નં. ૨૦૭માંથી નારના યુવાન મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે ઝડપાયો હતો. પોલીસે તેની પાસેથી ચાર ગ્રામનો જથ્થો કબજે લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.આણંદ પોલીસને બાતમી મળી હતી કે પ્રતિકકુમાર ઉર્ફે ભાણો રોહિતભાઈ પટેલ (રહે. ડાયમાવડ પંચાયત પાસે નાર તા. પેટલાદ) એમ. ડી. ડ્રગ્સની હેરાફેરી કરે છે. હાલમાં કાર લઈ આણંદ અમુલ ડેરી પાસે આવેલ હોટલ સચના રૂમ નં. ૨૦૭માં આવેલો છે. ચોક્કસ બાતમીના પગલે પંચો સાથે એસઓજી પોલીસ હોટલ સચમાં પ્રવેશી રુમ નં. ૨૦૭માં જઈ તપાસ કરતા પ્રતિક ઉર્ફે ભાણો રોહિતભાઈ પટેલ રહે.નાર હોવાનું ખુલ્યું હતું. પોલીસે તપાસ કરતા પેન્ટના ખીસ્સામાંથી કાળા રંગના પર્સમાંથી એક જીપલોક પાઉચમાં શંકાસ્પદ નશીલો એમ. ડી. ડ્રગ્સનો પદાર્થ મળ્યો હતો.

### એક વર્ષ પહેલાં સુરતની ઘટનામાં ખુલાસો!

# યુવતીએ પ્રેમનું નાટક કરી ફસાવતા રત્નકલાકારે આપઘાત કર્યો હતો

## ૨૦ વર્ષના અમરકાંત પાસે ભાભી નિલમ યાદવ અને સહેલી શીતલ ગુપ્તાએ ૧.૨૦ લાખ પણ પડાવ્યા હતા

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરતના પરવટ ગામના ગોકુલનગર વિસ્તારમાં એક વર્ષ પહેલાં બનેલી ઘટનામાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. ૨૦ વર્ષના રત્નકલાકાર અમરકાંતે તેના પડોશમાં રહેતી ભાભી દ્વારા પરિચય કરાવાયેલી યુવતીના પ્રેમજાળમાં ફસાઈને આત્મહત્યા કરી હતી. આ મામલાની પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતાં અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ના રિપોર્ટના આધારે ભાભી અને તેની સહેલી સામે ગુનો નોંધીને તેમની ધરપકડ કરી છે. આશરે એક વર્ષ પહેલાં પરવટ ગામના ગોકુલનગરમાં રહેતા અમરકાંત યાદવ નામના યુવકે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. અમરકાંત રત્નકલાકાર તરીકે કામ કરતો હતો અને તેણે પોતાના રૂમમાં જ આ પગલું ભર્યું હતું. બનાવ સમયે પોલીસને તેના રૂમમાંથી એક સ્યુસાઈડ નોટ પણ મળી હતી, જેમાં તેણે આત્મહત્યા કરવા પાછળનું કારણ લખ્યું હતું. પોલીસે આ મામલે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, અમરકાંતના પાડોશમાં રહેતી ભાભી નીલમ યાદવે તેનો પરિચય તેની સહેલી શીતલ ગુપ્તા સાથે કરાવ્યો હતો. શીતલે અમરકાંત સાથે પ્રેમ સંબંધનો ઢોંગ કર્યો હતો અને પ્રેમજાળમાં ફસાવીને તેની પાસેથી કુલ રૂ. ૧.૨૦ લાખ પડાવ્યા હતા. જ્યારે અમરકાંતને પૈસાની જરૂર હતી, ત્યારે તેણે શીતલ પાસે આ પૈસા પાછા માંગ્યા હતા. પરંતુ શીતલે પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો અને ધમકી પણ આપી હતી. અમરકાંતે સ્યુસાઈડ નોટમાં નીલમ અને શીતલ બંનેએ પૈસા પડાવ્યા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. પોલીસે આ સ્યુસાઈડ નોટને FSLમાં હેન્ડરાઈટિંગ એક્સપર્ટ પાસે તપાસ માટે મોકલી હતી.

### અમદાવાદમાં સગીર સાથે કૃત્ય

# સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય બદલ સાડા સોળ વર્ષના કિશોરને ૨૦ વર્ષની સજા

## કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરના ગુનાહિત કૃત્યને નજરઅંદાજ કરી શકાય નહી : કોર્ટ




। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદના ખોખરા વિસ્તારમાં ૧૪ વર્ષના એક કિશોરને ૧૬ વર્ષ અને ૬ મહિનાની વય ધરાવતા કિશોર દ્વારા બળજબરીપૂર્વક મણિનગર રેલ્વે કોલોની પાસે લઇ જઇ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરી વીડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપવાના ચકચારભર્યા કેસમાં અત્રેની જુવેનાઇલ જસ્ટિસ એક્ટ હેઠળની સ્પેશિયલ કોર્ટના જજ મનીષ પ્રદ્યુમન પુરોહિતે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને ૨૦ વર્ષની કેદની સજા ફટકારતો મહત્ત્વનો ચુકાદો જાહેર કર્યો હતો. ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમવાર જુવેનાઇલ જસ્ટિસ કોર્ટ દ્વારા કોઇ કિશોરને ૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી છે. જુવેનાઇલ જસ્ટિસ કોર્ટનો રાજયનો આ પહેલો ઐતિહાસિક ચુકાદો છે. તો, કોર્ટે ભોગ બનેલ કિશોરને ધી ગુજરાત વીકટીમ કોમ્પેન્સેશન સ્કીમ ૨૦૧૯ હેઠળ સિટી સિવીલ એન્ડ સેશન્સ લીગલ સત્ત્વસ કમિટી અમદાવાદ દ્વારા વળતર પેટે રૂ.૪ લાખ ચૂકવી આપવા પણ હુકમમાં ઠરાવ્યું હતું. કોર્ટે દોષિત કિશોરને સજાની સાથે સાથે પાંચ હજાર દંડ પણ ફટકાર્યો હતો. જુવેનાઇલ જસ્ટિસ એક્ટ હેઠળ સ્પેશ્યલ કોર્ટ સમક્ષ ચાલેલા આ કેસના ટ્રાયલ દરમ્યાન સરકારપક્ષ તરફથી અધિક સરકારી વકીલ જી.પી.દવેએ અદાલતનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે, જાન્યુઆરી-૨૦૨૪માં શહેરના ખોખરા વિસ્તારમાં ૧૪ વર્ષનો કિશોર સ્કૂલેથી છૂટીને ઘેર જઇ રહ્યો હતો ત્યારે અમરાઇવાડી વિસ્તારમાં રહેતા ૧૬ વર્ષ અને ૬ માસની ઉંમરના કિશોરે તેને રોકી જણાવ્યું હતું કે, તું કે મ મારી સાથે વાત નથી કરતો. બાદમાં તેને ડરાવી, ધમકાવી, બિભત્સ ગાળો આપી માર્યો હતો. એ પછી તેને બળજબરીપૂર્વક મણિનગર રેલ્વે કોલોની ખાતે લઇ ગયો હતો, જયાં તેણે ૧૪ વર્ષીય કિશોર પર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યુ હતું. આ ગુનાહિત કૃત્ય આચરી સાડા સોળ વર્ષના કિશોરે વીડિયો પણ ઉતારી લીધો હતો અને તે વાયરલ કરવાની ધમકી આપી ભોગ બનનાર કિશોર પાસેથી રૂ.બે હજાર પડાવી લીધા હતા. એટલું જ નહી, તેણે બીજા દસ હજાર રૂપિયા આપવા પણ પીડિત કિશોરને જણાવ્યું હતું. બનાવ બાદ ભોગ બનનાર કિશોરે પોતાના પરિવારમાં જાણ કરતાં ખોખરા પોલીસે ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ના કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર વિરૂદ્ધ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય, ખંડણી, ધમકી, પોક્સો એક્ટ, આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી જુવેનાઇલ જસ્ટિસ બોર્ડમાં કેસ રજૂ કર્યો હતો. બાદમાં કિશોર વિરૂદ્ધ ચાર્જફ્રેમ કરાયો હતો. સરકારપક્ષ તરફથી ૧૨ સાક્ષીઓ અને ૩૦ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરી કેસ પુરવાર કરતાં કોર્ટને જણાવાયું કે, કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર વિરૂદ્ધના આરોપો ઘણા ગંભીર છે. આ ગુનાહિત કૃત્યથી ભોગ બનનાર બાળકના માનસપટ પર બહુ ઘેરી અને નકારાત્મક અસરો પડી છે.

# દહેજની ઓર્ગેનીક ઇન્ડસ્ટ્રીઝમાં ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ

। (એજન્સી) ભરૂચ, તા.૧૪ ।

ભરૂચ જિલ્લાના દહેજમાં આવેલી ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીઝમાં આગ ફાટી નીકળતા જ દોડધામ મચી ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડ્યા હતા. બપોરના સમયે એકાએક આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.ભરૂચના દહેજમાં ફરી એકવાર આગનો બનાવ સામે આવ્યો છે. દહેજમાં આવેલી ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીઝમાં આજરોજ બપોરના સમયે આગ ફાટી નીકળી હતી. આગ ફાટી નીકળતા જ દોડધામ મચી ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડ્યા હતા.

# ૧૯ વર્ષથી નાસતો-ફરતો સુરતનો મોસ્ટ વોન્ટેડ આરોપી કર્ણાટકથી ઝડપાયો

## ૨૦૦૭માં તે હત્યા અને લૂંટના કેસમાં સંડોવાયેલો હતો, તેના પર ૪૫૦૦૦ રૂપિયાનું ઇનામ જાહેર હતું

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

છેલ્લા ૧૯ વર્ષથી નાસતો ફરતો સુરત શહેરના મોસ્ટ વોન્ટેડ ટોપ-૧૬ આરોપીઓ પૈકીના એક આરોપીને સુરત શહેર SOGએ કર્ણાટક રાજ્યના ઉડુપ્પી ખાતેથી ઝડપી પાડ્યો છે. મૂળ રાજસ્થાનના વતની ૪૦ વર્ષીય આરોપી નરેશ કેસરીમલજી રાવલનું નામ અનેકવાર ગંભીર ગુનાઓમાં સંડોવણી બદલ સુરત પોલીસના ચોપડે નોંધાયેલું હતું, ત્યારે તેને પકડવા માટે રૂ. ૪૫,૦૦૦નું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે ભારે મહેનત બાદ ખૂદ SOGની ટીમે જ આ વોન્ટેડ આરોપીને પકડી પાડ્યો છે.

પકડાયેલા વોન્ટેડ આરોપી નરેશ રાવલ સામે સન ૨૦૦૭માં ઉમરા પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૩૦૨, ૩૯૪, ૧૨૦(બ), ૧૮૮ મુજબ અન્ય સાથીઓ સાથે મળી શહેરના અઠવાલા વિસ્તારમાં ફરિયાદીના બંગલામાં ઘૂસીને વોચમેનની હત્યાનો કેસ નોંધાયો હતો. ત્યાર બાદ ફરિયાદી અને તેની પત્નીને બાંધીને હીરા-જડિત દાગીના, રોકડ તથા વિદેશી ચલણ સહિત લાખો રૂપિયાની લૂંટ પણ ચલાવી હતી. આ ગુનામાં તેના સાથીદારો પકડાયા હતા, પરંતુ નરેશ ઘણા વર્ષથી નાસતો ફરતો હતો. જેથી તેને પકડવા માટે ૪૫૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરાયું હતું.

હાલ કેસના ૧૯ વર્ષ બાદ સુરત SOGની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે માહિતી મળી હતી કે, આરોપી પોતાના મૂળ વતન રાજસ્થાનના સુમેરપુરમાંથી ભાગીને કર્ણાટકના ઉડુપ્પીમાં રહેતો હતો. ત્યાં તેણે કોરાવર સમાજની યુવતી સાથે લગ્ન કરી પોતાનું નામ બદલી ''નિર્મલ કેસરીમલજી કોરાવર'' રાખ્યું હતું અને દરિયાકિનારે મજૂરી કામ કરતો હતો. આટલી માહિતી મળતા જ, એસ.ઓ.જી.ની ટીમે સ્થાનિક વેપારીનો વેશ ધારણ કરી બે દિવસ સુધી વોચ રાખ્યા બાદ તેને ઝડપી લીધો છે. ત્યારે તપાસમાં જાણવા મળ્યું છે કે, આરોપી નવીન વિરુદ્ધ ઉમરા પોલીસ સ્ટેશનમાં હત્યા અને લૂંટ સહિત ઉધના પોલીસ મથકમાં પણ વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૭માં ચોરીની ફરિયાદ નોંધાયેલી છે. જેથી ઝડપાયેલ આરોપીને સુરત લાવી ઉમરા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે અને આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. ત્યારે તપાસમાં જાણવા મળ્યું છે કે, આરોપી નવીન વિરુદ્ધ ઉમરા પોલીસ સ્ટેશનમાં હત્યા અને લૂંટ સહિત ઉધના પોલીસ મથકમાં પણ વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૭માં ચોરીની ફરિયાદ નોંધાયેલી છે. જેથી ઝડપાયેલ આરોપીને સુરત લાવી ઉમરા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે અને આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

### ૧૦ દરવાજા ખોલી પાણીની જાવક શરૂ

# નર્મદા ડેમની જળસપાટી સીઝનમાં બીજી વાર ૧૩૬ મીટર પાર થઈ

। (એજન્સી) નર્મદા, તા.૧૪ ।

ઉપરવાસમાંથી આવતા પુષ્કળ પાણીના પ્રવાહને કારણે ગુજરાતની જીવાદોરી ગણાતા નર્મદા નદી પરના સરદાર સરોવર નર્મદા ડેમના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. હાલમાં ડેમની જળસપાટી ૧૩૬.૩૩ મીટર પર પહોંચી છે, જે મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટરથી માત્ર ૨.૩૫ મીટર નીચે છે. જેના પગલે અધિકારીઓએ ૧૦ દરવાજા ખોલીને પાણીને નદીમાં છોડવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. નોંધનીય છે કે, આ ચામાસું સીઝનમાં નર્મદા ડેમની જળસપાટી બીજીવાર ૧૩૬ મીટરને પાર કરી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઉપરવાસમાંથી વરસાદને કારણે નર્મદા ડેમમાં ૧,૧૨,૭૪૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. આ વધતા પ્રવાહને નિયંત્રિત કરવા માટે ડેમના ૧૦ દરવાજા ૧.૦૪ મીટરના ઊંચાણ સુધી ખોલવામાં આવ્યા છે, જેથી નર્મદા નદીમાં ૧,૨૦,૧૧૨ ક્યુસેક પાણીની જાવક થઈ રહી છે. જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરક્ષાને ધ્યાને લઈને નીચલા વિસ્તારોને એલર્ટ કરાયા છે. આ તરફ મહીસાગરમાં આવેલો કડાણા ડેમ પણ વરસાદી પાણીથી નોધપાત્ર માત્રા ભરાયેલો છે. કડાણા ડેમ કુલ ક્ષમતાના ૯૫.૩૯ ટકા જેટલો વરસાદી પાણીથી હાલમાં ભરાયેલો છે, જેથી ડેમના ૩ જેટલા ગેટને બે ફૂટ સુધી ખોલીને ૩૦૦૦૦ ક્યુસેક જેટલું પાણી હાલ મહી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

### ઘટનાના ત્રીજા દિવસે પણ પ્લાન્ટ બંધ રહ્યો

# પંચમહાલની જીએફએલની ગેસ લીકેજની ઘટનામાં બે કર્મચારીઓના મોત

## અસરગ્રસ્ત બાર કર્મચારીઓને સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા

। (એજન્સી) ગોધરા, તા.૧૪ ।

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રણજીતનગર ખાતે આવેલી ગુજરાત ફ્લોરો કંપની (જીએફએલ)માં બુધવારે બપોરના સમયે અચાનક ગેસ લીકેજની ઘટના બનતા નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનામાં અસરગ્રસ્ત ૧૨ કર્મચારીઓને વડોદરાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં વેન્ટીલેટર પર રહેલા એક કર્મચારીનું ગુરુવારે રાત્રે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ સંદર્ભે રાજગઢ પોલીસ અને વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે અને ગેસ લીકેજનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી. ઘટનાના ત્રીજા દિવસે પણ પ્લાન્ટ બંધ રહ્યો હોવાનું જાણવા મળે છે.રણજીતનગર ખાતે આવેલી જીએફએલ કંપનીમાં બુધવારે બપોરના સમયે અચાનક ગેસ લીકેજની ઘટના બનતા અફડા તફડી મચી ગઈ હતી, જેમાં નજીકમાં આવેલા મંદિરમાં પૂજા કરતા પૂજારી હરેશભાઈ વ્યાસનું મોત નિપજ્યું હતું. જયારે અસરગ્રસ્ત ૧૨ કર્મચારીઓને પ્રથમ હાલોલ અને ત્યાંથી વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. રાજગઢ પોલીસ મથકના પો.એસ.આઈ રાઠોડ દ્વારા અકસ્માત મોતના કાગળો કરી બનાવ સંદર્ભે તપાસ હાથ ધરાઈ અને કંપનીના અન્ય કર્મચારીઓ અને અસરગ્રસ્ત કર્મચારીઓના નિવેદનો લઈ તપાસ શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર અને તેમની ટીમ દ્વારા પ્લાન્ટની મુલાકાત લઈ તપાસ શરૂ કરી. જો કે લીકેજનું ચોક્કસ કારણ જાણવા મળ્યું ન હોવાથી હાલમાં પ્લાન્ટને બંધ કરવામાં આવ્યો છે.

### માંડવીમાં ખેડૂતોની લડતને મળ્યો મોટો આધાર

# GHCLની અરજી NGTએ ફગાવી, હવે થશે સંપૂર્ણ સુનાવણી

। (એજન્સી) માંડવી, તા.૧૪ ।

માંડવી તાલુકાના બાડા ગામે GHCLના સોડા એશ અને સોડિયમ બાયકાર્બોનેટ ઉત્પાદન પ્રોજેક્ટ સામે સ્થાનિક ખેડૂતોની લડતને એક મોટો વિજય મળ્યો છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે, જેના કારણે ખેડૂતોની લડતને કાનૂની સ્તરે મોટો આધાર મળ્યો છે. GHCL કંપનીએ NGT સમક્ષ એવી દલીલ કરી હતી કે આ અપીલ પ્રોજેક્ટને વિલંબિત કરવા માટે દાખલ કરવામાં આવી છે અને તેને ફગાવી દેવી જોઈએ. જોકે, દ્રની પુણે સ્થિત પશ્ચિમ ઝોન ખંડપીઠે કંપનીની આ દલીલને ફગાવી દીધી હતી. જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવની અધ્યક્ષતાવાળી ખંડપીઠે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કોઈપણ અસરગ્રસ્ત વ્યક્તિને પર્યાવરણીય મંજૂરી સામે અપીલ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. ટ્રિબ્યુનલે પોતાના વિસ્તૃત હુકમમાં જણાવ્યું કે અપીલને ફગાવવાનો કોઈ આધાર નથી. આ નિર્ણય પછી હવે આ મામલાની સંપૂર્ણ સુનાવણી થશે અને ખેડૂતો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને યોગ્ય રીતે સાંભળવામાં આવશે. આ મામલે આગામી સુનાવણી ૧૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ થશે. માંડવીના બાડા ગામના લોકો આ પ્લાન્ટનો લાંબા સમયથી વિરોધ કરી રહ્યા છે. તેઓનું માનવું છે કે આ પ્રોજેક્ટ પર્યાવરણ અને ખેતી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. મહત્વનું છે કે, માંડવીના બાડા ગામના લોકો આ પ્લાન્ટનો લાંબા સમયથી વિરોધ કરી રહ્યા છે.

## વિશેષ

### યુનિવર્સિટી દીઠ ૧૦૦ બેઠકો સાથે સ્ટડી સેન્ટર તૈયાર કરાયા : રાજ્યમાં કુલ એક હજાર સ્ટડી સેન્ટર ઉભા થયા

# UPSC-GPSC ની તૈયારી કરતા યુવાનોને ફાયદો થશે, યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓને વિશેષ તાલીમ આપવામાં આવશે

। (માહિતી) ગાંધીનગર ।

રાજ્ય સરકાર દ્વારા UPSC અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં પણ વિદ્યાર્થીઓને આ પરીક્ષાઓ માટે વિશેષ તાલીમ આપવામાં આવશે. આ પગલું રાજ્યના યુવાનોને સિવિલ સર્વિસમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરશે.

આ યોજના હેઠળ, ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં સ્ટડી સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે. દરેક યુનિવર્સિટીમાં ૧૦૦ બેઠકો ઉપલબ્ધ રહેશે. આ રીતે, રાજ્યભરમાં કુલ ૧૦૦૦ સ્ટડી સેન્ટર તૈયાર કરાયા છે. આ સેન્ટર્સમાં પ્રવેશ મેળવવા માટે, ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષા આપવી પડશે. આ પ્રવેશ પરીક્ષા દ્વારા યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

આ કાર્યક્રમનો સૌથી મોટો ફાયદો એ છે કે પસંદ થયેલા ઉમેદવારોને વિનામૂલ્યે






તાલીમ આપવામાં આવશે. આ તાલીમમાં નિષ્ણાત ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન, અભ્યાસ સામગ્રી અને મોક ટેસ્ટ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જે ઉમેદવારો આ તકનો લાભ લેવા માંગતા હોય, તેઓએ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ પહેલથી આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને પણ સિવિલ સર્વિસની તૈયારી કરવાની તક મળશે. આશા છે કે આ નિર્ણયથી ગુજરાતના ઘણા યુવાનો પોતાના સપના સાકાર કરી શકશે. આ કાર્યક્રમનો સૌથી મોટો ફાયદો એ છે કે પસંદ થયેલા ઉમેદવારોને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવશે. આ તાલીમમાં નિષ્ણાત ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન, અભ્યાસ સામગ્રી અને મોક ટેસ્ટ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જે ઉમેદવારો આ તકનો લાભ લેવા માંગતા હોય, તેઓએ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ પહેલથી આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને પણ સિવિલ સર્વિસની તૈયારી કરવાની તક મળશે. આશા છે કે આ નિર્ણયથી ગુજરાતના ઘણા યુવાનો પોતાના સપના સાકાર કરી શકશે.

નોંધનીય છે કે, ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કરેલ રાજ્યના વિદ્યાર્થીઓને UPSC/GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડવા તેમજ ગ્રામીણ અને અલ્પ વિકસિત વિસ્તારોના વિદ્યાર્થીઓને આર્થિક અડચણ વિના IAS પરીક્ષાની તૈયારી માટે જરૂરી સંસાધનો, અભ્યાસસામગ્રી અને નિષ્ણાંતોના માર્ગદર્શન દ્વારા રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ બનાવવા માટે તેમજ રાજ્યના વિદ્યાર્થીઓને IAS જેવી પ્રતિષ્ઠીત સેવાઓમાં પ્રવેશવા માટે તૈયાર કરીને રાષ્ટ્રના વહીવટીતંત્રમાં યોગ્ય નેતૃત્વનું નિર્માણ કરવા માટે રાજ્યની ૧૦ સરકારી યુનિવર્સિટીઓ/સરકારી કોલજોમાં IAS સ્ટડી સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

દરેક સ્ટડી સેન્ટર્સ ખાતે ૧૦૦ સીટો રાખવામાં આવેલ છે. આમ, સમગ્ર રાજ્યમાંથી કુલ ૧૦૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષાના મેરીટ અનુસાર પ્રવેશ આપીને તેઓને IAS સ્ટડી સેન્ટર્સ ખાતે UPSC/GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિનામૂલ્યે કોચિંગ આપવામાં આવશે. IAS સ્ટડી સેન્ટરની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તાઃ૧૫/૦૯/૨૦૨૫ હોય, IAS સ્ટડી સેન્ટરના કોચિંગ માટે વધુ ને વધુ વિદ્યાર્થીઓ ઓનલાઈન અરજી કરી લાભ લે તે માટે આપની કક્ષાએથી આપની યુનિવર્સિટીના એલ્યુમની એસોસિએશન તેમજ વિવિધ વિભાગોના વિદ્યાર્થી ગ્રુપ તેમજ વિભાગના એલ્યુમની એસોસિએશન તેમજ સંલગ્ન કોલેજોને પણ તેમના વિદ્યાર્થીઓના એલ્યુમની એસોસિએશન અને વિદ્યાર્થીઓને તાઃ૧૨/૦૯/૨૦૨૫ અથવા તાઃ૧૩/૦૯/૨૦૨૫ના રોજ અચૂક જાણ કરવા સૂચના આપવા જણાવવામાં આવે છે. IAS સ્ટડી સેન્ટરની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે યુનિવર્સિટીએ કરેલ કાર્યવાહીની વિગતોનો અહેવાલ અત્રેની કચેરીની યુનિવર્સિટી શાખાને ખાતે દિન-૩માં મોકલી આપવાનો રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# નિવૃત્તિ વિશે કલ્પના કરવી? તમે છોડવા માંગતા ન હો તે કારકિર્દી કેવી રીતે બનાવવી તે અહીં છે

**મોટા ભાગનું કામ વ્યર્થ છે, તમારા બોસ માંગણી કરી રહ્યા છે, કાર્યો મામૂલી છે, તમને તમારી કિંમતની ચૂકવણી કરવામાં આવી નથી અને તમે ક્યારેય પૂરતી ઊંઘ મેળવી શકતા નથી.**



પ્રથમ સમસ્યા એ છે કે કામ ઘણીવાર જરૂરી છે. બીજી સમસ્યા એ છે કે, જો તમે ભાગી શકો તો પણ તમને સમાન પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડશે. તમને જીવવા માટે પૈસાની જરૂર છે, અને, ધારી લઈએ કે તમે ટ્રસ્ટ ફંડ સાથે જન્મ્યા નથી, તેનો અર્થ એ કે તમારે તેને કમાવવા માટે કામ કરવું પડશે. ચોરી કર્યા વિના તે પૈસા મેળવવા માટે, અન્ય લોકોએ તે તમને આપવા પડશે. જેનો અર્થ થાય છે કે તેઓને વધુ મૂલ્યવાન વસ્તુના બદલામાં તે આપવાની જરૂર છે. આ મૂલ્ય સમીકરણ એ કારણ છે કે ઘણા રોકાણ કૌભાંડો કામ કરતા નથી. તેઓ તમને એવું વિચારીને ફસાવે છે કે તમે વિનિમયમાં મૂલ્ય ઉમેર્યા વિના પૈસા મેળવી શકો છો. વાસ્તવિક રોકાણ આ કરે છે - અન્ય લોકોને તમારા નાણાંનો ઉપયોગ કરવાની મંજૂરી આપીને, તેના બદલામાં પાછળથી વ્યાજ (અથવા નફો) સાથે. જો કે, યોજનાઓ આ તર્કને બાયપાસ કરવાનો પ્રયાસ કરે છે, તેમ છતાં, તમને બતાવવા માટે કે તમે ઓછા કામ માટે અને ઓછા જોખમમાં બીજા બધા કરતાં વધુ કમાણી કરી શકો છો તેવો એક માર્ગ છે. મૂલ્ય, જોકે, પૂરતું નથી. કારણ કે આપણે બજારના અર્થતંત્રમાં રહીએ છીએ, અમે બધા તેને પહોંચાડવા માટે સ્પર્ધા કરી રહ્યા છીએ. જેનો અર્થ એ છે કે તમે જે મૂલ્ય ઓફર કરો છો તે દરેક વ્યક્તિ સૌથી નીચી કિંમતે બિડ મેળવવાનું વલણ ધરાવે છે. આ સ્પર્ધાત્મક સમીકરણ બતાવે છે કે મોટાભાગની નિષ્ક્રિય-આવક પ્રણાલીઓ કેમ નિષ્ફળ જાય છે. તમે એવી સિસ્ટમને સ્વચાલિત કરી શકો છો કે જે તમે સૂતા હોવ ત્યારે નાણાં ઉત્પન્ન કરી શકે, પરંતુ તે જ વસ્તુ કરવાથી અને તમારા નફાને ઘટાડવાથી બીજાને શું અટકાવવાનું છે? પ્રારંભિક નિવૃત્તિના ઉત્સાહીઓ કરકસરથી જીવીને અને ઉન્મત્ત બચત દર રાખીને આ મુશ્કેલીને ટાળી શકે છે. સારું કર્યું, તમે તમારા કાર્યકારી જીવનમાંથી એક દાયકા (અથવા બે) પણ હજામત કરી શકશો. જો કે, કામને એકસાથે છોડી દેવાથી શૂન્યાવકાશ સર્જાય છે. તમે તમારા સમય સાથે શું કરવા જઈ રહ્યા છો? તમને અર્થ અને હેતુ શું આપશે? વહેલા નિવૃત્ત થવું સેક્સી લાગે છે, જ્યાં સુધી તમને ખ્યાલ ન આવે કે તે તમને ન ગમતી વસ્તુને ટાળવાની માત્ર એક યોજના છે - તમને ગમશે તેવું જીવન બનાવવાની વ્યૂહરચના (પોતાની રીતે) નથી. ભાગી જવાને બદલે તમારે શું કરવું જોઈએ? મોટા ભાગનું કામ વ્યર્થ છે. પરંતુ તમારા માટે જરૂરી નથી. ખરેખર અર્થપૂર્ણ અને પરિપૂર્ણ કારકિર્દી મેળવવી શક્ય છે. એક જે તમને પડકાર આપશે, તમને ઉત્તેજિત કરશે અને તમને એવું અનુભવ કરાવશે કે તમારી પાસે એક મિશન છે - માત્ર નોકરીની સ્થિતિને બદલે. આ પ્રકારનું કામ કેવી રીતે મેળવવું તે માટેની ઉત્તમ સલાહ તમારા જુસ્સાને અનુસરવાની હતી. બહાદુર બનો. નોકરી છોડી દો. તમારા સપનાના વ્યવસાયમાં જાઓ, ભલે મોટાભાગના લોકો તે કરી શકતા નથી. આ મૂંગી સલાહ છે, અને તે બે કારણોસર ખરાબ છે. સૌપ્રથમ, તમારી પેશન સલાહને અનુસરો એ જ સમસ્યાઓ ઊભી કરે છે જેવી અન્ય વર્ક-એસ્કેપ વ્યૂહરચનાઓ જે મેં ઉપર ઉલ્લેખ કર્યો છે. પૂર્વ-અસ્તિત્વમાં રહેલા જુસ્સોની સૂચિ જે લોકો માને છે કે તેમની પાસે અસ્તિત્વમાં રહેલી કુલ નોકરીઓ કરતાં ઘણી સાંકડી છે. લોકો ઓફિસ મેનેજર નહીં પણ ડાન્સર બનવાનું સપનું જુએ છે. ''જુસ્સો'' નોકરીઓ ત્યાંની કુલ નોકરીઓ કરતાં ઘણી ઓછી હોવાથી, તેઓ અત્યંત સ્પર્ધાત્મક હોય છે. આમ તેઓ ઓછા પૈસા ચૂકવે છે અને ટકી રહેવું મુશ્કેલ બનાવે છે. સ્પર્ધા અન્ય નકારાત્મક વલણોને પણ વધારી શકે છે. હું તમને કહી શકતો નથી કે મેં કેટલી વાર ધિક્કારપાત્ર બોસ અને સહકર્મીઓ વિશે સાંભળ્યું છે જે ઉદ્યોગોમાં લોકો જુસ્સા માટે જાય છે. તેઓ અસ્તિત્વમાં છે.

**''જુસ્સો'' સ્પર્ધા અન્ય નકારાત્મક વલણોને પણ વધારી શકે**

## તમારે તમારી જીવનશૈલીને વાટાઘાટ કરવાની જરૂર છે

**ડિફૉલ્ટ જીવનશૈલી પસંદગી ઓથી સાવચેત રહો**

**મોટાભાગની વસ્તુઓ વાટાઘાટ કરી શકાય તેવી હોય છે, જો તમે દુર્લભ અને એટલા મૂલ્યવાન છો કે લોકો તમને અપવાદ બનાવી શકે**



જ્યારે કારકિર્દીની મૂડી મેળવવી એ મામૂલી નથી, અને તે મુખ્ય વસ્તુ છે જે વિવિધ કારકિર્દીની ઈચ્છનીયતાને અલગ પાડે છે, તે તમને ગમશે તેવું કામ કરવાનું એકમાત્ર પગલું નથી. કારકિર્દીની મૂડી પૂરતી નથી, તમારે જે જીવનશૈલી જીવવી હોય તે માટે વાટાઘાટો કરવા માટે તમારે ખરેખર તેનો ઉપયોગ કરવાની જરૂર છે. તમે ખરેખર કેવા પ્રકારની જીવનશૈલી ઈચ્છો છો? ઘણા લોકો માટે, તેઓ ક્યારેય પાછળ હટતા નથી અને ખરેખર પોતાને પૂછે છે કે તેઓ કેવા પ્રકારની કારકિર્દી ઈચ્છે છે. તેના બદલે, તેઓ સ્કિનર બોક્સમાં મહત્વાકાંક્ષી ઉંદરોની જેમ કાર્ય કરે છે, ટૂંકા ગાળાના કારકિર્દીના પુરસ્કારો મેળવવા માટે યોગ્ય લિવર્સને દબાણ કરે છે, તે પૂછ્યા વિના કે તેઓ તે બોક્સમાં પ્રથમ સ્થાને રહેવા માંગે છે કે કેમ. મેં તાજેતરમાં એવી વ્યક્તિ વિશેની આ રસપ્રદ વાર્તા વાંચી કે જે ભૌતિકશાસ્ત્રમાં ''આકસ્મિક રીતે'' મેજર બન્યો, ગ્રેડ મેળવવા માટે ટૂંકા ગાળાની સ્પર્ધા દ્વારા આગળ વધ્યો, અને પછી ગ્રેડ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો, તેણે ખરેખર ક્યારેય પૂછ્યું નહીં કે તે ખરેખર કેવા પ્રકારની કારકિર્દી ઈચ્છે છે. મને લાગે છે કે આ વાસ્તવમાં મોટાભાગના લોકો સમજે છે તેના કરતાં ઘણું સામાન્ય છે. તેઓ એવી કંપનીમાં પ્રવેશ કરે છે જે ખરેખર લાંબા સમય સુધી કામ કરવાને પ્રાથમિકતા આપે છે, તેથી તેઓ તેમની આસપાસના લોકોને ખુશ કરવા માટે કલાકો મૂકવાનું શરૂ કરે છે, આ કંપની ખરેખર યોગ્ય છે કે કેમ તે પૂછવાને બદલે. અથવા તેઓ વધારાના પ્રમોશનનો પીછો કરવાનું શરૂ કરે છે, ખરેખર પૂછ્યા વિના કે પગારમાં એક નાનો બમ્પ વધારાની જવાબદારીને યોગ્ય છે કે કેમ. પ્રથમ પાઠમાં, મેં એવા લોકોની મજાક ઉડાવી જેઓ મૂલ્ય ઉમેર્યા વિના સમૃદ્ધ થવા માટે ભ્રમનો પીછો કરે છે. પરંતુ, નિષ્પક્ષતામાં, ઓછામાં ઓછા તે લોકો પાસે જીવનશૈલી છે જે તેઓ બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. તેઓ તેના વિશે બિનઅસરકારક રીતે જઈ શકે છે, પરંતુ તેઓ ઓછામાં ઓછું જાણે છે કે તેઓ કેવા પ્રકારનું જીવન બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. શું તમે? "પરંતુ તે જ રીતે વસ્તુઓ છે..." પ્રસંગોપાત હું એવી કોઈ વ્યક્તિ સાથે વાત કરીશ કે જે તેના અથવા તેણીના કામની સ્થિતિ વિશે ફરિયાદ કરે છે. કલાકો ખૂબ લાંબા છે. રજાઓ અસ્તિત્વમાં નથી. તમે ઘરેથી કામ કરી શકતા નથી અથવા લવચીક કલાકો મેળવી શકતા નથી. આ ફરિયાદોમાં ગર્ભિત એ છે કે નોકરીની આ જ રીત છે. તમારી પાસે કોઈ વિકલ્પ નથી. અલબત્ત, કેટલાક કિસ્સાઓમાં, તેઓ સાચા હોઈ શકે છે. જો તમારી નોકરી લગ્ન ફોટોગ્રાફર છે, તો તમે ઘરેથી કામ કરી શકતા નથી. જો તમે પ્રોગ્રામર છો, તો તમે આખો દિવસ કમ્પ્યુટર્સ સાથે કામ કરશો. કેટલીકવાર અવરોધો વાસ્તવિક કાર્યમાં આંતરિક રીતે જોડાયેલા હોય છે. પરંતુ દરેક વ્યક્તિ માટે મેં સાંભળ્યું છે કે જેઓ ફરિયાદ કરે છે કે "આ જ રીતે વસ્તુઓ છે", હું અન્ય લોકોને જાણું છું જેઓ નિયમો તોડે છે. મારા એક સારા મિત્રએ કંપનીની નીતિની વિરુદ્ધ હોવા છતાં તેનો બાકીનો સમય વ્યક્તિગત પ્રોજેક્ટ પર કામ કરવા માટે કંપનીમાં પાર્ટ ટાઈમ કામ માટે વાટાઘાટો કરી. હું એવા લોકોને જાણું છું જેઓ ઘરેથી કામ કરે છે, પછી ભલે તેમના સહકાર્યકરો ન કરી શકે. હું એવા લોકોને ઓળખું છું જેઓ વર્ષના છ મહિના કામ કરે છે અને બાકીના છ મહિનાની રજા લે છે.

# શું તમે વિચાર્યું છે કે તમે તમારા જીવન સાથે શું કરવા માંગો છો?

મને ખબર નથી કે મારે જીવનમાં શું કરવું છે, હું માત્ર એટલું જાણું છું કે તે આ નથી ." તે લાગણી હતી જે એક મિત્રએ મને પ્રતિબિંબિત કરી. તેણી વીસના દાયકાના મધ્યમાં છે, સ્માર્ટ, સમજદાર અને મહેનતુ છે. પરંતુ તેણી હજી પણ કામ કરતી નોકરીઓમાં અટવાઇ છે જે લઘુત્તમ વેતનથી વધુ આગળ વધતી નથી. દર વર્ષે, તેણી મને કહે છે, કે તેણી યુનિવર્સિટીઓ માટે અરજી કરે છે, પરંતુ તે ક્યારેય પસાર થતી નથી. શા માટે? કારણ કે તે આ પ્રશ્નનો જવાબ આપી શકતો નથી. ઉત્કટ વિકાસ થાય છે, મને ચિંતા છે કે ઘણા લોકો સમાન જાળમાં ફસાઈ જાય છે. તેઓ કંઈપણ કરવાનું શરૂ કરી શકે તે પહેલાં તેઓએ જીવનના મોટા નિર્ણયો લેવાની જરૂર છે તેવું માનવાની જાળ. તમારે ઉત્કટ સાથે જન્મ લેવાની જરૂર છે તે જાળ. અને જૂઠાણું કે તમારી રુચિઓને વ્યવસાય સાથે જોડવામાં સક્ષમ છે તે સરળ છે. જ્યારે લોકો મને પૂછે છે કે હું પાંચ કે દસ વર્ષમાં શું કરીશ, ત્યારે હું સામાન્ય રીતે તેમને કહું છું કે હું એક ઉદ્યોગસાહસિક બનવા જઈ રહ્યો છું. ''ઓહ. તમારો વ્યવસાય શું હશે?" મારી પાસે એવું માનવા માટેનું કારણ છે કે આ ઈન્ટરનેટ વ્યવસાય તે હોઈ શકે છે. આવક અને ફ્રીલાન્સ વર્ક વચ્ચે હું આ વર્ષે લગભગ દસ હજાર ડોલર કમાવવાની અપેક્ષા રાખું છું. આગામી ચાર કે પાંચ વર્ષ માટે એકાગ્ર પ્રયત્નો ચોક્કસપણે આને રહેવા યોગ્ય આવક બનાવી શકે છે. પરંતુ હું સામાન્ય રીતે તે કહેતો નથી. કારણ કે તે મુદ્દો નથી. સંપૂર્ણ પ્રમાણિકતામાં, મને કોઈ ખ્યાલ નથી કે હું એક દાયકામાં ક્યાં જઈશ. મારો ટ્રેક રેકોર્ડ દર્શાવે છે કે છેલ્લા બે વર્ષોમાં પણ મારા જુસ્સામાં નોંધપાત્ર વિકાસ થયો છે. જેમ જેમ બેન તેની કિશોરવયના ઝઈ બનવાની વાર્તા શેર કરે છે, તે સ્પષ્ટ થાય છે કે તેનો જુસ્સો વિકસિત થયો છે. ઉદ્યોગસાહસિકતા અને તફાવત લાવવામાં રસ હતો. પરંતુ આ રુચિઓમાંથી, તેણે નાના પગલાઓ બનાવ્યા, દરેક એક ઉત્કટ નિર્માણ. હું માનતો નથી કે તેની મુસાફરી ક્યારેય તે નક્કી કરવા સાથે શરૂ થઈ છે કે તે તેના જીવનમાં શું કરવા માંગે છે. જિજ્ઞાસા સાથે નિર્ણય બદલો, કારકિર્દીના માર્ગ વિશે ચોક્કસ નિર્ણયો લેવાને બદલે, હું માનું છું કે તમારે ઉત્સુક થવું જોઈએ. વિશ્વ કેવી રીતે કાર્ય કરે છે તે વિશે ઉત્સુક બનો. તમારી પોતાની રુચિઓ પર ધ્યાન આપો અને તમે કોઈ વસ્તુમાં જુસ્સાનો ઉપયોગ કરી શકો તેવી નાની રીતો શોધો. જો તમે હજી સુધી તેમાંથી પૈસા કમાવવાનો કોઈ રસ્તો શોધી શકતા નથી. જુસ્સાથી પૈસા કમાવનાર સુધીનો સેતુ ઉતાવળમાં ન બનાવી શકાય. વ્યાજ ઘણીવાર કાઢી નાખવામાં આવે છે કારણ કે તેને આવકના સ્ત્રોતમાં તરત જ રિલે કરી શકાતું નથી. અને તેથી તે કાર્ય જેટલું મહત્વનું નથી. બ્લોગિંગ એ એક ઉત્તમ ઉદાહરણ છે. હું ઘણા બ્લોગર્સને જાણું છું જેઓ પ્રો જવા માંગે છે. તેઓ તેમની પાસે જે વ્યાજ ધરાવે છે તે લેવા અને તેને આવકના ઉત્કટ સ્ત્રોતમાં ફેરવવા માંગે છે. પરંતુ બ્લોગિંગ સરળ નથી. મેં જોયેલી સૌથી ઝડપી સફળતાઓ પણ, લેખક બ્લોગિંગને શોખ કરતાં વધુ હોવાનો દાવો કરી શકે તે પહેલાં એક વર્ષનો સમય લીધો. અને તે પ્રતિભા, નસીબ અને અવિશ્વસનીય કાર્યને કારણે હતા. ધીરજ એ જુસ્સાના વિકાસ માટે જરૂરી ઘટક છે. પરંતુ તેનાથી પણ વધુ, તમારે અન્ય શક્યતાઓ માટે ખુલ્લા રહેવાની જરૂર છે. આવક માટે વ્યાજ એ સીધો માર્ગ નથી, ૮૦% નવા વ્યવસાયો પ્રથમ પાંચ વર્ષમાં નિષ્ફળ જાય છે. પરંતુ વધુ રસપ્રદ વાત એ છે કે ૨૦% જે સફળ થયા છે, તેમાંના મોટાભાગના લોકોએ અપેક્ષા મુજબ તેમ કર્યું નથી. તેની અત્યંત લોકપ્રિય વેબસાઈટ સેટ કરતા પહેલા, સ્ટીવ પાવલીના માનતા હતા કે તે ઉત્પાદનો અને વર્કશોપ દ્વારા તેની મોટાભાગની આવક મેળવશે. પરંતુ લગભગ પાંચ વર્ષ પછી, તે આ બધું જાહેરાત અને સંલગ્ન વેચાણમાંથી બનાવે છે.



**તે એક પ્રશ્ન છે જે લગભગ દરેક જણ પોતાને પૂછે છે, તે પણ એક પ્રશ્ન છે જે હું માનતો નથી કે તમારે પ્રથમ સ્થાને પૂછવાની તસ્દી લેવી જોઈએ**

## જુસ્સો વિકસાવવા માટેના પગલાં

પ્રથમ પગલાં એ છે કે તમારી ઉર્જાને ફક્ત ધૂન માં રોકાણ કરો. રસના તે નાના તણખા જ્યાં તમે તેમને ઉત્કટ બનાવવા માટે પૂરતા પ્રમાણમાં જાણતા નથી. બેન કાસ્નોચા આને શોધતી રેન્ડમનેસ કહે છે. આનો અર્થ એ છે કે વિવિધ પુસ્તકો વાંચવા, વિવિધ પ્રવૃત્તિઓ કરવી અને જુદા જુદા લોકોને મળવું. વ્યાપક સંગઠનો કામ કરી શકે તેવા જુસ્સાને ઠોકર મારવાની ઘણી તકો આપે છે. પગલું બેઃ રસની જ્વાળાઓને ચાહક કરો,તમારી જાતને ઘણી બધી અવ્યવસ્થિતતા માટે ખુલ્લા કર્યા પછી, તમારે સફળતાઓ કેળવવાની જરૂર છે. તમારા જીવનમાં આવતા રસના નાના સ્પાર્ક પર બિલ્ડ કરો. પગલું ત્રણઃ વિક્ષેપોને કાપી નાખો, ધૂન કેળવવા અને નવા જુસ્સાને અન્વેષણ કરવા માટે સમયની જરૂર છે. મેં મારી જાત સાથે ઉત્પાદકતા પર આટલો ભાર મૂક્યો છે તેનું એક કારણ એ છે કે તેના વિના હું આ વિકલ્પોનું અન્વેષણ કરી શકતો નથી. ચોથું પગલુંઃ ન્યૂનતમ જીવવું, જો તમારી પાસે પહેલેથી જ એવી નોકરી છે જેના વિશે તમે ઉત્સાહી નથી, તો તમારે ચાલુ રાખવા માટે એટલું જ કામ કરો. માન્ય જુસ્સોને આવક પેદા કરવાની કૌશલ્યમાં વૃદ્ધિ કરવા માટે સમયની જરૂર છે. પગલું પાંચઃ એક જુસ્સો બનાવો જે મૂલ્ય બનાવે, જો તમારી પાસે કોઈ કૌશલ્ય છે જે સામાજિક મૂલ્ય બનાવે છે, તો તમે લગભગ કોઈપણ માધ્યમ દ્વારા પૈસા કમાઈ શકો છો. જુસ્સાનું મુદ્રીકરણ કૌશલ્ય લે છે, કારણ કે કોઈપણ ઉદ્યોગસાહસિક તમને કહી શકે છે, પરંતુ કાયદેસર મૂલ્ય પ્રદાન કર્યા વિના તે અશક્ય છે.

**તમારી કારકિર્દી સાથે તમારે કેવા પ્રકારનો સંબંધ રાખવો જોઈએ? જો તમને એવું લાગતું નથી કે તમારી પાસે તે છે, તો તમારે તેના વિશે શું કરવું?**

# કામ કેટલું મહત્વનું છે? અને શા માટે કામ વિશે કાળજી?

**જ્યારે વધુ પડતા કઠોર અર્થો વધુ પડતા તાણમાં આવે છે, ત્યારે તેઓ ક્યારેક ત્વરિત થઈ શકે છે**



કારકિર્દીની પસંદગીઓ કંઈક અંશે સમાન છે. કેટલાક માટે, કામ તેમને માત્ર આજીવિકા પ્રદાન કરતું નથી, તે તેમનું જીવન છે. અન્ય લોકો માટે, નોકરી એ છે જે તમારે મેળવવાની છે-તમારા જીવનની પૃષ્ઠભૂમિ, સ્પોટલાઈટ હેઠળ મુખ્ય દ્રશ્ય નહીં. હું કોની સાથે દલીલ કરું? પરંતુ, આજે, હું પૂછવા માંગુ છું કે કાર્ય કેવી રીતે મહત્વનું છે અને તે જીવનમાં કેવી રીતે બંધબેસે છે તે જોવા માંગુ છું. કોઈ પ્રિસ્ક્રિપ્શન નથી, પરંતુ એક અન્વેષણ, તે જોવા માટે કે અમારી કારકિર્દી સાથેનો આપણો સંબંધ કેવો બને છે અને અમે તેને કેવી રીતે સુધારી શકીએ છીએ. શા માટે કામ વિશે કાળજી? આ લેખ સાંભળો, તમારી કારકિર્દીની ચિંતા કરવાનું સ્પષ્ટ કારણ એ છે કે તમારે જીવવા માટે પૈસાની જરૂર છે. સર્વાઈવલ ઉચ્ચ મહત્વાકાંક્ષાઓ કરતાં ઊંચો છે, તેથી આપણામાંના મોટા ભાગના લોકો માટે, નોકરી ફક્ત એક આવશ્યકતા છે. પરંતુ જીવનમાં વધુ ધ્યાન કેન્દ્રિત કર્યા વિના ઘણી વસ્તુઓ જરૂરી છે. ખાવું પણ જરૂરી છે, પરંતુ હું મારા જીવનનો અર્થ ખોરાકમાંથી મેળવતો નથી. ખરેખર, એવું લાગે છે કે જે લોકો તેમની કારકિર્દી પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે તે લોકો છે જેમને તેની ઓછામાં ઓછી જરૂર હોય છે. પાર્ટનર બનાવવા માટે એંસી-કલાક અઠવાડિયા લગાડનાર વકીલને ભાડાના પૈસાની ચિંતા નથી. પરંતુ જો ટકી રહેવાનું નથી, તો ઓછામાં ઓછું આરામ એ કાર્યનું મુખ્ય લક્ષ્ય છે. જો તમે નાની આવક પર, કડક શબ્દોમાં કહીએ તો, ટકી શકતા હોવ તો પણ, તે ઘણીવાર જીવનને વધુ મુશ્કેલ બનાવશે. તેવી જ રીતે, આપણામાંના મોટા ભાગના લોકો એક મોટું ઘર, સારી વસ્તુઓ અથવા વધારાના વેકેશનની કલ્પના કરી શકે છે જે સારી નોકરી મેળવવા માટેના પ્રયત્નોને યોગ્ય છે. આ પરિપ્રેક્ષ્ય, તે કાર્ય મોટે ભાગે ભૌતિક અસ્તિત્વ અને આરામ વિશે છે, તે એક વાર્તા છે જે આપણે આપણી જાતને કામ વિશે કહીએ છીએ. તે દેખીતી રીતે સાચું છે, પરંતુ આ મુખ્ય પ્લોટલાઈન છે કે નહીં તે વ્યક્તિ પર આધારિત છે. જો કે, ત્યાં જુદી જુદી વાર્તાઓ છે જે તમે તમારા કામ વિશે તમારી જાતને કહી શકો છો. આદર તરીકે કામ કરો, એક અલગ વાર્તા, કદાચ સમૃદ્ધ દેશોમાં રહેતા મોટાભાગના લોકો પોતાને કહે છે, તે કામ આદર વિશે છે. તમારું કાર્ય સમાજમાં તમારી કેટલીક સ્થિતિ નક્કી કરે છે, અને તમારી કારકિર્દીમાં સારું કરવું એ મોટે ભાગે તમને મળેલા સન્માનને વધારવા વિશે છે. અહીં સ્વ-છેતરપિંડીનું એક તત્વ છે. જીવન ટકાવી રાખવા (અથવા તો આરામ) વિશેનું કામ વધુ દરજ્જો મેળવવાનો પ્રયાસ કરતાં વધુ સારું લાગે છે. મિથ્યાભિમાન અને અભિમાન એ આકર્ષક લક્ષણો નથી, તેથી ઘણા લોકો તેમના કામ વિશેની વિવિધ વાર્તાઓ હેઠળ આદર માટેની તેમની અંતર્ગત ઈચ્છાને ઢાંકી દે છે. ઘણીવાર, તમે સાચા પ્રેરણાને અનમાસ્ક કરી શકો તે એકમાત્ર રસ્તો એ છે કે લોકો તેમના કાર્યમાં જે પસંદગીઓ કરે છે તે જોવાનું છે. જ્યારે તેઓ મોટી સ્થિતિ ધરાવતા લોકો માટે વધુ નાણાકીય પુરસ્કાર સાથેના વિકલ્પોને ઠુકરાવી દે છે, ત્યારે તમે જોઈ શકો છો કે તેમના અચેતન મનમાં પૈસા કરતાં આદર સ્પષ્ટપણે ઊંચો છે. મને લાગે છે કે આ વાર્તા, કાર્ય-સન્માનની, કૉલેજ શિક્ષણના વિસ્ફોટના કારણનો એક મોટો ભાગ છે. જ્યારે તે સાચું છે કે કૉલેજ લોકોને વધુ ચૂકવણી કરે છે, આ માત્ર સરેરાશ પરિણામ છે. જેઓ ભાગ્યે જ પ્રવેશ મેળવે છે, તેમના માટે શાળાના થોડા વર્ષો માત્ર અધવચ્ચે જ સમાપ્ત થાય છે તે નાણાકીય આપત્તિ છે. તેનાથી વિપરિત, ઘણા વેપારોમાં ખૂબ ઊંચા પગારની ઓફર કરવા છતાં, લાયકાત ધરાવતા લોકોની અછત હોય છે. કૉલેજ-શિક્ષિત નોકરીઓ વધુ પ્રતિષ્ઠા પ્રદાન કરે છે અને તેથી લોકો તેમને પ્રાપ્ત કરવા માટે ભૌતિક આરામ પર બલિદાન આપવા તૈયાર છે. કોઈપણ જે પ્લમ્બિંગને બદલે મનોવિજ્ઞાનનો અભ્યાસ કરવા માટે દર વર્ષે $30,000 ચૂકવે છે, તે આંશિક અર્થમાં કહે છે કે તેમના માટે ભૌતિક આરામ કરતાં પ્રતિષ્ઠા વધુ મહત્વની છે.

# તંત્રી લેખ...

## દેશમાં ઓછો મૃત્યુદર ધરાવતા રાજ્યોની સરખામણીમાં ગુજરાત પાચમાં ક્રમે

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) ૩.૧ અંતર્ગત વર્ષ ૨૦૩૦ સુધીમાં માતા મૃત્યુદર ૭૦થી ઘટાડવાનું લક્ષ્યાંક હતું પરંતુ રાજ્ય સરકારનાં અસરકારક પગલાંને પરિણામે ગુજરાતમાં માતા મૃત્યુદર વર્ષ ૨૦૨૩માં જ પ્રતિ એક લાખ જીવિત જન્મે ૫૧ થયો છે. જે વર્ષ ૨૦૨૧માં પ્રતિ એક લાખ જીવિત જન્મે ૫૩, વર્ષ ૨૦૨૦માં ૫૭ અને વર્ષ ૨૦૧૬માં ૯૧ હતો. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS)-૨૦૨૧-૨૦૨૩ મુજબ દેશનો માતા મૃત્યુદર સરેરાશ ૮૮ નોંધાયો છે. જેમાં દેશના સૌથી ઓછો મૃત્યુદર ધરાવતા તમામ મોટા રાજ્યોની સરખામણીમાં ગુજરાત પાંચમાં ક્રમે છે. એનો અર્થ એ મનાય છે કે, રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સગર્ભા માતાઓને ગુણવત્તાસભર સેવાઓ પૂરી પાડવાના સતત પ્રયત્નોના પરિણામે રાજ્યમાં માતા મૃત્યુદરમાં પ્રતિ વર્ષ સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે.સગર્ભાવસ્થાની વહેલી નોંધણી(ANC), ૪થી વધુ પૂર્વ પ્રસૂતિ તપાસ(4 ANC), અતિ જોખમી લક્ષણો ધરાવતી માતાઓની વિશેષ કાળજી, સંસ્થાકીય પ્રસૂતિ, પ્રસૂતિ બાદની તપાસ અને માતા મૃત્યુનાં કારણોની વિસ્તૃત સમીક્ષા પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ૨૦૨૪-૨૫માં ખિલખિલાટ યોજના થકી ૧૯.૨ લાખ માતાઓ અને ૧૨,૫૫ લાખ નવજાત શિશુઓને લાભ આપવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫થી અતિ જોખમી ચિહ્નો ધરાવતી સગર્ભા માતાઓ માટેની યોજનામાં કુલ ૧૯ પ્રકારના માપદંડો ધરાવતી સગર્ભા માતાઓને રૂ. ૧૫,૦૦૦ની સહાય ચુકવવામાં આવે છે. નમોશ્રી યોજનામાં કુલ ૧૧ પ્રકારના માપદંડો ધરાવતી સગર્ભા માતાઓને રૂ. ૧૨,૦૦૦ની સહાય ચૂકવવામાં આવે છે.રાજ્યમા પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃતવ અભિયાન(PMSMA) જૂન-૨૦૧૬થી શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનો હેતુ જાહેર આરોગ્યની સંસ્થા દ્વારા સગર્ભાની, ખાસ કરીને જોખમી સગર્ભાઓની બીજી અને ત્રીજી તપાસના સમયગાળામાં નિષ્ણાંત દ્વારા પૂર્વ પ્રસૂતિ તપાસ કરાવી જરૂરી સેવાઓ પૂરી પાડવાનો છે. જેમાં દર માસની ૯મી અને ૨૪મી તારીખે જાહેર આરોગ્ય સંસ્થાઓ પર PMSMA અભિયાન અંતર્ગત ૫૦૨ ખાનગી ગાયનેકોલોજીસ્ટ દ્વારા સેવા પુરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫થી અતિ જોખમી ચિહ્નો ધરાવતી સગર્ભા માતાઓ માટેની યોજનામાં કુલ ૧૯ પ્રકારના માપદંડો ધરાવતી સગર્ભા માતાઓને રૂ. ૧૫,૦૦૦ની સહાય ચુકવવામાં આવે છે. નમોશ્રી યોજનામાં કુલ ૧૧ પ્રકારના માપદંડો ધરાવતી સગર્ભા માતાઓને રૂ. ૧૨,૦૦૦ની સહાય ચૂકવવામાં આવે છે.રાજ્યમા પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃતવ અભિયાન(PMSMA) જૂન-૨૦૧૬થી શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનો હેતુ જાહેર આરોગ્યની સંસ્થા દ્વારા સગર્ભાની, ખાસ કરીને જોખમી સગર્ભાઓની બીજી અને ત્રીજી તપાસના સમયગાળામાં નિષ્ણાંત દ્વારા પૂર્વ પ્રસૂતિ તપાસ કરાવી જરૂરી સેવાઓ પૂરી પાડવાનો છે. જેમાં દર માસની ૯મી અને ૨૪મી તારીખે જાહેર આરોગ્ય સંસ્થાઓ પર અભિયાન અંતર્ગત ૫૦૨ ખાનગી ગાયનેકોલોજીસ્ટ દ્વારા સેવા પુરી પાડવામાં આવે છે.

## બાવળા તાલુકાના ભાયલા ગામે દસ દિવસીય જાગૃતિ અભિયાન અંતર્ગત બાલિકા પંચાયત તાલીમ યોજાઈ



**(માહિતી) અમદાવાદ, તા.૧૪,**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ - હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજના ટીમ અને બાવળા બાળ વિકાસ યોજના અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે બાવળા તાલુકાના મોગલ ધામ ભાયલા ગામ ખાતે દસ દિવસીય ખાસ જાગૃતિ કાર્યક્રમ અને બાલિકા પંચાયત તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમ કાર્યક્રમમાં સંકલ્પ - હબ ફોર એમ્પાવારમેન્ટ ઑફ વિમન ટીમના જેન્ડર સ્પેશિયલિસ્ટ શ્રી જીતેશ સોલંકી અને સ્પેશિયલિસ્ટ ઈન ફાઈનાન્સ લિટ્રેસી સુશ્રી હેમલ બારોટ તેમજ દહેજ પ્રતિબંધક અધિકારી સુશ્રી વૃત્તિકા વેગડાએ બાવળા તાલુકાની બાલિકા પંચાયતની સરપંચ અને ઉપ સરપંચ દીકરીઓ અને આંગણવાડી કાર્યકર બહેનોને બાલિકા પંચાયતના કાર્યો અને રચના અંગે તેમજ લોકશાહી પદ્ધતિ, હક્કો તથા જવાબદારીઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ દરમિયાન બાળલગ્ન પ્રતિબંધ, શિક્ષણનું મહત્વ, સ્વચ્છતા, આરોગ્ય, પોષણ, તેમજ ગામના વિકાસમાં બાલિકાઓની ભૂમિકા જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા. બાલિકાઓને બાલિકા પંચાયતની બેઠકનો અનુભવ કરાવવામાં આવ્યો હતો; જેનો ઉદ્દેશ તેમનામાં આત્મવિશ્વાસ, નેતૃત્વ કૌશલ્ય અને નિર્ણય શક્તિ વિકસાવવાનો હતો. સૌએ આવી તાલીમ બાલિકાઓને સશક્ત બનાવવામાં મહત્વની સાબિત થાય છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. કાર્યક્રમના અંતે બાલિકાઓને અભ્યાસના હેતુ અર્થે શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીનો સ્ટાફ, બાવળા બાળ વિકાસ યોજના અધિકારીની કચેરીનો સ્ટાફ, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન ટીમ તેમજ મોટી સંખ્યામાં બાલિકાઓ અને આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

**જુદા જુદા સ્વયંભૂ શિવલિંગોની પૌરાણિક કથા સુતજીએ મુનીસશ્વરોને સંભળાવી, ત્યારબાદ મુનીસ્વરોએ સૂતજીને પ્રશ્ન કર્યો કે હે મહામતે સૂતજી વૈશાખ સુદ સાતમે ગંગાજી નર્મદામાં કઈ રીતે પ્રગટ થયા?**

# સતી અનસૂયા એ પોતાનાં એક વર્ષનાં પતિવ્રતા ધર્મનું ફળ ગંગાજીને આપ્યું !



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આમ સુતજીએ બે પતિવ્રતા ધર્મની સ્ત્રીઓને કારણે ભગવાન શિવના પ્રાગટ્યની કથા કહી, જેમાં એક અત્રિ ઋષિની પત્ની અનસૂયા છે! જે વેદ પુરાણ મુજબ ભગવાન શિવનાં મૂળ સ્વરૂપને જાણે છે, કે જગતના કર્તા, હર્તા, સમાહર્તા, ભગવાન શિવ જ છે! એમણે જ આ સમગ્ર બ્રહ્માંડ પર કલ્યાણ કરીને બ્રહ્મા અને વિષ્ણુ દ્વારા સુંદર સૃષ્ટિની રચના કરી છે. જ્યારે બીજી પતિવ્રતા સ્ત્રી એટલે એક બ્રાહ્મણની બાળ વિધવા કે જે માત્ર ને માત્ર ભક્તિના જળથી ભગવાન શિવનાં પાર્થિવ શિવલિંગ પર અભિષેક કરી રહી હતી,**

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર અને એટલે ચરિત્રની ઓળખ, પણ આપણે શ્રાવણ મહિનામાં શિવપુરાણ વિશે ચિંતન કર્યું હતું, અને હજી શિવપુરાણમાં શિવ ચરિત્રનાં એવા કેટલાય પ્રકરણનો ઉલ્લેખ બાકી છે, અને ખાસ કરીને અત્ર તત્ર સર્વત્ર દેખાતાં સ્વયંભૂ શિવલિંગો કંઈ રીતે ઉદ્ભવ પામ્યા છે, એ વિશેની પૌરાણિક કથાઓનો ઘણો મહિમા છે, તો આપણે શિવ તત્ત્વને હજી વધુ સારી રીતે આત્મસાત કરવાં માટે આગળ એની વિશે જ ચિંતન કરીશું.

શતરુદ્ર સંહિતા બાદ કોટીરુદ્ર સંહિતા આવે છે, જેમાં બાર જ્યોતિર્લિંગોની પૌરાણિક કથાઓનો ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ આપણે શ્રાવણીયા સોમવારે દર ત્રણ જ્યોતિર્લિંગ વિશે ચિંતન કરી લીધું છે!; પણ હજીય ભગવાન શિવના એવાં કેટલાંય શિવલિંગ રુપી સ્વરૂપ છે, જેને વિષે આપણે જાણતા નથી!; શિવ કે શિવલિંગ વિશે જાણવું નહીં! અર્થાત શિવનાં કલ્યાણ સ્વરૂપની મહત્તા સમજ્યા વગર, એને છોડી દેવું! અને એટલે જ એને છોડી દેવું નથી, અને આજે કાશી વિસ્તારમાં આવેલા અત્રીશ્વર મહાદેવ અને નંદીકેશ શિવલિંગ વિશે પૌરાણિક કથાના દ્રષ્ટાંત વિશે જોઈશું!

સૂતજી મુનીશ્વરોને કહે છે, ગંગાજીનાં તટ પર આવેલી કાશી નગરી કે જેને મુક્તદાયિની કહેવાય છે, એ ભગવાન શિવની નિવાસી છે, અને એમાં અસંખ્ય સ્વયંભૂ શિવલિંગ વાળા મંદિર આવેલાં છે. જેમ કે કૃત્તિવાસેશ્વર, તિલભાંડેશ્વર દશાશ્વમેઘ, સંગમેશ્વર, ભૂતેશ્વર, નારીશ્વર, સિદ્ધનાથેશ્વર, દૂધેશ્વર, શ્રૃંગેશ્વર, વૈદ્યનાથ, બટુકેશ્વર, પૂરેશ્વર, જપ્યેશ્વર, ગોપેશ્વર, રંગેશ્વર, વામેશ્વર, બ્રહ્મેશ્વર સોમેશ્વર, માધવેશ વગેરે શિવલિંગોનું વર્ણન છે.

એકવાર અત્રિ ઋષિની પત્ની અનસૂયાનાં પતિવ્રતા ધર્મ વિશે સાંભળીને ગંગાજી સતી અનસૂયાને ઘરે આવે છે, અને કહે છે કે હે સતી અનસૂયા! જો તમે એક વર્ષનું પતિ સેવાનું ફળ અને પાર્થિવ શિવલિંગની પૂજાનું ફળ મને આપી દ્યો, તો દેવતાઓ પર ઉપકાર કરવાં માટે હું સદાય અહીં સ્થિત થવાં તૈયાર છું. પતિવ્રતા સ્ત્રીનાં દર્શન માત્રથી હું પ્રસન્ન થાઉં છું, અને બીજા લાખ ઉપાય કરવાથી મને આવી પ્રસન્નતા મળતી નથી. આમ પણ ગંગામાં સ્નાન કરવાથી મનુષ્યનાં પાપ ધોવાય છે, એ પ્રચલિત કહેવત અનુસાર બધાં મારા તટ પર આવી સ્નાન કરે છે, અને એ પાપ પતિવ્રતા સ્ત્રીનાં દર્શનથી જ ધોવાય છે, અને હું વિશેષ શુદ્ધ થઈ જાઉં છું, કેમ કે પતિવ્રતા નારી પાર્વતી સમાન પવિત્ર હોય છે, તેથી જો તમે જગતનું કલ્યાણ કરવા ઈચ્છતા હો, અને લોકહિત માટે મારી આ માંગણી સ્વીકારી લ્યો તો હું અવશ્ય અહીં નિવાસ કરીશ. પતિવ્રતા અનસુયાએ ગંગાજીની માંગણી સ્વીકારી લીધી અને વર્ષ વરનો સમગ્ર પુણ્ય એમને આપી દીધું. અનસુયા એ જ્યારે પોતાના પુણ્યનું ફળ ગંગાજીને આપી દીધું, આ જોઈ ભગવાન મહાદેવ અત્યંત પ્રસન્ન થઈ ગયાં, અને પાર્થિવ લિંગમાંથી તત્કાળ પ્રગટ થઈને, એમણે દર્શન આપ્યા. એમણે અનસુયાને કહ્યું એ સાધ્વી તમારું આ કર્મ જોઈને હું ખૂબ જ પ્રસન્ન છું, માટે વરદાન માગો. અત્રી અનસુયા ભગવાન મહાદેવનાં પંચમુખ વાળા અદભુત સુંદર સ્વરૂપનાં દર્શન કરી આશ્ચર્યચકિત થઈ ગયાં અને એમણે નમસ્કાર કરીને સ્તુતિ કરી, અને કહ્યું હે દેવ દેવેશ્વર આપ જો અત્યંત પ્રસન્ન થયાં હો તો આ તપોવનમાં નિવાસ કરો, અને ત્યારે ગંગા અને શિવ બંનેએ પ્રસન્ન થઈ, એ સ્થાન પર નિવાસ કર્યો અને આ શિવલિંગનું નામ અત્રીશ્વર રાખવામાં આવ્યું.

આમ જુદા જુદા સ્વયંભૂ શિવલિંગોની પૌરાણિક કથા સુતજીએ મુનીસશ્વરોને સંભળાવી, ત્યારબાદ મુનીસ્વરોએ સૂતજીને પ્રશ્ન કર્યો કે હે મહામતે સૂતજી વૈશાખ સુદ સાતમે ગંગાજી નર્મદામાં કઈ રીતે પ્રગટ થયા?: એ કથા અમને પ્રસન્નતા પૂર્વક સંભળાવો.

ઘણા સમય પહેલા એક ઋષિકા નામની બ્રાહ્મણી હતી, જે ભગવાન શિવની ભક્ત હતી. સમય થતા એમના લગ્ન એક બ્રાહ્મણ સાથે થયાં, પરંતુ પૂર્વ જન્મનાં કોઈ અશુભ કર્મના પ્રભાવથી એ બાળ વિધવા બની. ઋષિકા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવા લાગી તથા પાર્થિવ શિવલિંગની પૂજા કરી પોતાનાથી કામાંધ બની કોઈ પાપ કર્મ થઈ ન જાય માટે કઠોર તપ કરતી હતી. એ સમયે મોઢ નામનો એક પ્રસિદ્ધ અને બલવાન અસુર જે મોટો માયાવી પણ હતો એ આ સુંદર કામિનીને તપસ્યા કરતી જોઈ ગયો! અને મોઢ નામનાં અસુરને ઋષિકા સાથે કામક્રિડા કરવાની અત્યંત ઈચ્છા થઈ, પરંતુ ઉત્તમ વ્રતનું પાલન કરનારી ઋષિકા એ અસુર તરફ દ્રષ્ટિ પણ કરી નહીં. આજ તીરસ્કાર દૈતેરાજ મૂઢથી સહન થયો નહીં, અને એણે ક્રોધિત થઈ પોતાનું મૂળ વિકટ સ્વરૂપ બતાવ્યું. એમ કેન પ્રકારે એણે ઋષિકાને પ્રાપ્ત કરવાં જુદી જુદી પ્રકારે ત્રાસ આપવાનું શરૂ કર્યું. ઋષિકા અસુરના વિકટ સ્વરૂપને જોઈ ભયથી ધ્રુજી રહી હતી, અને વારંવાર શિવ શિવ ના પોકાર કરવા લાગી, એને સંપૂર્ણ ભરોસો હતો કે, ભગવાન શિવ એની મદદે આવશે, અને આ અસુરના ત્રાસમાંથી એને છોડાવી, પોતાનાં પતિવ્રતા ધર્મનું રક્ષણ કરશે. શરણાગતની રક્ષા કરનાર ભગવાન શિવ ત્યાં પ્રગટ થયાં, અને કામવિમૂઢ થયેલા દૈત્યરાજ મૂડને એમણે તત્કાળ ભસ્મ કરી દીધો. ઋષિકા પર પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું! બ્રાહ્મણ પત્નીએ ભગવાન શિવના મંગલકારી સ્વરૂપનાં દર્શન કર્યા, અને શુદ્ધ અંતઃકરણ વાળી ઋષિકા એ ભગવાન શિવને કહ્યું, ભગવાન આપ દિનબંધુ છો, ભક્તોની સદા રક્ષા કરનારા છો, આપે મારા પતિવ્રતા ધર્મની રક્ષા કરી છે, અને આ કિસ્સો યાદ રહે, એ માટે મને આપનાં ચરણોમાં ઉત્તમ અને અનન્ય ભક્તિ પ્રદાન કરી, અહીં પધાર્યા એ જ મારું વરદાન છે, આનાથી વધારે મને શું જોઈએ!: પણ તે છતાં જો કંઈ આપવા ઈચ્છતા હો તો અહીં નિવાસ કરો! અને ભગવાન પ્રસન્ન થઈ, તથાસ્તુ કહી એ પાર્થિવ લિંગમા નંદીકેશ નામથી સ્થિત થયાં. એ સમયે ગંગાજી પણ પ્રગટ થયાં અને એમણે ઋષિકાને વચન આપ્યું કે દર વૈશાખ સુદ સપ્તમી એ અહીં એક દિવસ માટે નિવાસ કરશે અને આમ વૈશાખ સુદ સપ્તમીયે નર્મદામાં મા ગંગાનું પ્રગટીકરણ થાય છે, અને આપણે એને ગંગા સપ્તમી નામથી ઓળખીએ છીએ.

આમ સુતજીએ બે પતિવ્રતા ધર્મની સ્ત્રીઓને કારણે ભગવાન શિવના પ્રાગટ્યની કથા કહી, જેમાં એક અત્રિ ઋષિની પત્ની અનસૂયા છે! જે વેદ પુરાણ મુજબ ભગવાન શિવનાં મૂળ સ્વરૂપને જાણે છે, કે જગતના કર્તા, હર્તા, સમાહર્તા, ભગવાન શિવ જ છે! એમણે જ આ સમગ્ર બ્રહ્માંડ પર કલ્યાણ કરીને બ્રહ્મા અને વિષ્ણુ દ્વારા સુંદર સૃષ્ટિની રચના કરી છે. જ્યારે બીજી પતિવ્રતા સ્ત્રી એટલે એક બ્રાહ્મણની બાળ વિધવા કે જે માત્ર ને માત્ર ભક્તિના જળથી ભગવાન શિવનાં પાર્થિવ શિવલિંગ પર અભિષેક કરી રહી હતી, અને છતાં એ પણ કૃષિ પત્ની અનસૂયા જેવું જ વરદાન પ્રાપ્ત કરી શકી! આ વાત બતાવે છે કે, ભગવાન શિવનાં મનમાં એમનાં તમામ ભક્તો માટે સદા સમાન ભાવ રહ્યો છે, અને એ સમયે ભક્તની રક્ષા કરવા પોતાનાં મૂળ સ્વરૂપે પ્રગટ થઈ, લોકકલ્યાણ માટે સ્વયંભૂ શિવલિંગમાં સ્થિત થાય છે. તો ભક્તને મદદ કરવા સદા તત્પર રહેનારાં દેવોનાં દેવ મહાદેવની અપરંપાર કૃપા આપણી પર વરસતી રહે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**અનેકમાં એકના દર્શન કરે એ જ્ઞાન.એકમાં ઈશ્વરના દર્શન કરે એ સાધારણ.એક બ્રાહ્મણ રસ્તા માં કોઈ સ્ત્રીને જોશે તો તેમાં લક્ષ્મીની ભાવના કરશે**

# જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન કરવો. શુદ્ધ ભાવના વગરનું સત્કર્મ નકામું છે અને તેથી ઘણીવાર ધર્મ પણ અધર્મ બને છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દ્રોણાચાર્ય પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળે છે. શ્રીકૃષ્ણે વિચાર્યું કે, આ ડોસો નહીં મરે તો અનર્થ થશે. તેવામાં અશ્વત્થામા નામનો હાથી મરાયો. શ્રીકૃષ્ણે વિચાર્યું, જો દ્રોણાચાર્યને કહેવામાં આવે કે તમારો પુત્ર મરાયો છે તો પુત્રશોકને કારણે તે યુદ્ધ બંધ કરશે એટલે અશ્વત્થામા હણાયો તેમ કહેવામાં આવે છે. દ્રોણાચાર્ય સમજે છે, છોકરો મરી ગયો.**

મેઘરાજાએ બનાસકાંઠા-કચ્છ જિલ્લાના કેટલાક વિસ્તારોને ઘમરોળ્યા બાદ હજુ પાણીથી તરસ્યા એવા આ વિસ્તારો પાણીથી તરબતર થઈ ગયા છે ક્યારે તેનાથી મુક્તિ મળશે એ પણ કુદરત આધીન છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સર્વ ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ તરીકે પરમાત્મા રહેલા હોવાથી કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખવો એ ઈશ્વર પ્રત્યે કુભાવ રાખવા જેવું છે. જીવ સાથે તો શું કોઈ જડ પદાર્થ પ્રત્યે પણ કુભાવ ન રાખવો. સર્વ જીવને સહદ નહીં પણ ભૂતમાત્ર સહદ થવું એમ ગીતા કહે છે. સર્વમાં સદભાવ રાખજો. સર્વમાં સદભાવ એટલે જડ પદાર્થ પ્રત્યે પણ સદભાવ.

આ વિશે એક દ્ષ્ટાંત વિચારવા જેવું છે. એક દેશમાં એક રાજા અને તે નગરના નગરશેઠ વચ્ચે ગાઢ મિત્રતા. વાણિયા નગરશેઠનો વેપાર ચંદનનાં લાકડાં વેચવાનો. શેઠનો ધંધો બરાબર ન ચાલે.પાંચ વર્ષમાં શેઠને ખૂબ ખોટ ગઈ. છેવટે મહેતાજીએ જણાવ્યુંકે,જો આ વર્ષમાં પૂરતો માલ નહીં ખપે તો પેઢી ડૂબી જશે. હવે ચંદન જેવું કિંમતી લાકડું મોટા પ્રમાણ માં રાજા સિવાય બીજું કોણ લે!

મનુષ્યના હ્રદયમાં સ્વાર્થ જાગે ત્યારે વિવેક રહેતો નથી. સ્વાર્થ તો દરેકના હ્રદયમાં હોય છે. પણ તેમાં વિવેક રાખવો જોઈએ. નગર શેઠને વિચાર આવ્યો કે,આ રાજા મરી જાય તો તેને બાળવા માટે ચંદનની જરૂર પડે અને મારો સઘળો માલ વેચાઈ જાય!આમ શેઠના મનમાં રાજાના પ્રત્યેકુભાવ આવ્યો તે જ વખતે રાજાના મનમાં શેઠ પ્રત્યે કુભાવ આવ્યો તે દિવસે જ્યારે શેઠ રાજાને મળવા આવ્યા ત્યારે રાજાને પણ એવો વિચાર આવ્યો કે,આ વાણિયો ઝટ મરી જાય તો સારું.તે

નિઃસંતાન છે એટલે તેનું ધન રાજના ખજાનામાં આવે. આમ એકના કુભાવે બીજામાં કુભાવ જગાડયો. બે-ત્રણ દિવસ પછી રાજાના મન માં વિચાર આવ્યો કે,કોઈ દિવસ નહીં અને હમણાંના આ નગરશેઠ ના સંબંધમાં આવો ખરાબ વિચાર કેમ આવે છે?

રાજાએ તો શેઠની આગળ આ હકીકત જાહેર કરી કહ્યું કે,તમારા માટે ખોટા વિચાર આવે છે,તેનું કારણ કાંઈ સમજાતું નથી.

શેઠ રડી પડી કહે, મારો વેપાર- ધંધો ચાલતો નથી.તેથી મનેવિચાર આવ્યો,તે તમે મરી જાવ તો તમને બાળવામાં મારું ચંદન ખપીજાય!

રાજા વિચારમાં પડી ગયો.પછી તે કહે,તારી જરા ભૂલ થઈ. તારે એવો વિચાર કરવો જોઈતો હતો કે,રાજા એના મહેલના દરવાજા ચંદનના બનાવે અને તે માટે ચંદન ખરીદે અથવા રાજા ઠાકોરજી માટે ચંદનનો હિંડોળો બનાવે તેમાં મારું ચંદન ખપી જાય! રાજાનું મન શુદ્ધ થયું. વાણિયાનું મન શુદ્ધ થયું. તે પછી એકબીજા પ્રત્યે સારી ભાવના રાખી. રાજા અને શેઠ સુખી થયા.

ભાવશુદ્ધિએ મોટામાં મોટું તપ છે માનવજીવન તપ માટે જ છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન કરવો. શુદ્ધ ભાવના વગરનું સત્કર્મ નકામું છે અને તેથી ઘણીવાર ધર્મ પણ અધર્મ બને છે. સત્કર્મ કરવામાં જો હેતુ શુદ્ધ ન હોય તો એ સત્કર્મ પણ પાપ બને છે.દક્ષ પ્રજાપતિએ શિવજી પ્રત્યે કુભાવ રાખ્યો તેથી દક્ષ પ્રજાપતિનો ધર્મ પણ અધર્મ થયો.તેનો યજ્ઞ તેને મારનારો થયો. સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી સત્કર્મ સફળ થાય છે.સર્વનું કલ્યાણ થાય એ જ સત્ય અને સત્કાર્ય, માટે ભૂતમાત્રના હિતમાં રત રહેવું.

અનેકમાં એકના દર્શન કરે એ જ્ઞાન.એકમાં ઈશ્વરના દર્શન કરે એ સાધારણ.એક બ્રાહ્મણ રસ્તા માં કોઈ સ્ત્રીને જોશે તો તેમાં લક્ષ્મીની ભાવના કરશે. આ મહા લક્ષ્મી છે. તેથી તે સ્ત્રીમાં રહેલા અંતર્યામી ઈશ્વર તે બ્રાહ્મણને આશીર્વાદ આપશે, ત્યારે કામી પુરુષ કામભાવથી તે સ્ત્રીને જોશે તેથી તે સ્ત્રીહ્રદયમાં રહેલો ઈશ્વર તે પુરુષને શ્રાપ આપશે.તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારામાં ઈશ્વરની ભાવના રાખશે. સર્વમાં સમભાવ રાખવો એ ઉત્તમોત્તમ ધર્મ છે. સર્વમાં સદભાવ રાખશો તો સુખી થશો. સદભાવ એટલે ઈશ્વરનો ભાવ.કોઈ જીવમાં કુભાવ રાખનારો ધર્મ સફળ થતો નથી.મહાભારતમાં જોઈએ છીએ કે,શ્રીકૃષ્ણ કેટલીક વાર અધર્મ કરે છે,પણ તેના મન માં બધા પ્રત્યે સદભાવ છે. સદભાવ છે એટલે તેનો અધર્મ પણ ધર્મ બને છે. સર્વમાં સદભાવ રાખ.અધર્મ કરવામાં આવે તોતે અધર્મ પણ ધર્મ બને છે.મહા ભારતનો કર્ણ પર્વ અને દ્રોણ પર્વ આનાં દ્દષ્ટાંતો છે.

કર્ણપર્વમાં આપેલું છે કે,કર્ણ નિઃશસ્ત્ર હતો અને રથનું પૈડું જમીનમાંથી કાઢતો હતો.તે વખતે ભગવાને અર્જુનને કહ્યું કે, તું આ કર્ણને માર.

તે વખતે અર્જુન કહે છે,યુદ્ધ શાસ્ત્રનો નિયમ છે કે,શત્રુ જ્યારે નિઃશસ્ત્ર હોય ત્યારે તેના ઉપર પ્રહાર ન કરવો, માટે અર્જુને મારા ઉપર પ્રહાર ન કરવોજોઈએ પણ ભગવાન કર્ણને કહે છે, કર્ણ, તેં આજ સુધી ધર્મનું પાલન કેટલું કરેલું છે? તેં ધર્મનું પાલન કરેલું નથી અને બીજાને ધર્મનું પાલન કરવા ઉપદેશ આપે છે.ભરસભા માં દ્રોપદીનું અપમાન કરવામાં આવેલું,ત્યારે તારું ધર્મનું જ્ઞાન ક્યાં ગયું હતું?

તે જ પ્રમાણે દ્રોણપર્વમાં કથા આવે છે. દ્રોણાચાર્ય પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળે છે.શ્રીકૃષ્ણે વિચાર્યું કે,આ ડોસો નહીં મરે તો અનર્થ થશે. તેવામાં અશ્વત્થામા નામનો હાથી મરાયો.શ્રીકૃષ્ણે વિચાર્યું,જો દ્રોણાચાર્યને કહેવામાં આવે કે તમારો પુત્ર મરાયો છે તો પુત્રશોકને કારણે તે યુદ્ધ બંધ કરશે એટલે અશ્વત્થામા હણાયો તેમ કહેવામાં આવે છે. દ્રોણાચાર્ય સમજે છે,છોકરો મરી ગયો. છતાં ખાતરી કરવા તે ધર્મ રાજાને પૂછે છે. યુધિષ્ઠિરને ભગવાન કહે છે કે,બોલો,અશ્વત્થામા હણાયો યુધિષ્ઠિર કહેછેકે,મારાથીઅસત્ય કેમ કહેવાય.ત્યારે ભગવાન કહે છે, સર્વનું કલ્યાણ થાય તે સત્ય. દ્રોણાચાર્ય બ્રાહ્મણ થઈ અધર્મી દુર્યોધનને મદદ કરી રહ્યા છે. તેઓ યુદ્ધ છોડી દે તો અધર્મ છૂટી જાય. માટે કહું છું,બોલો,

અશ્વત્થામા હણાયો!ભગવાનના આગ્રહથી બોલવું પડ્યું કે,

અશ્વત્થામા હણાયો,પણ આ ખોટું બોલવાનું પાપ ન લાગે એટલે ધીમેથી બોલ્યાં કાં નર,કાં હાથી!પણ છેલ્લા શબ્દો કોઈને ન સંભળાય એટલે પ્રભુએ જોરથી શંખનાદ કર્યો અને ખરેખર આ છેલ્લા શબ્દો કોઈને સંભળાયા નહીં.દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો પણ એ યજ્ઞધર્મ શિવજી પ્રત્યે કુભાવ રાખીને કરવાથીએ અધર્મરૂપ બની દક્ષને મારનારો થયો અને શ્રીકૃષ્ણનો અસત્ય ભાષણરૂપ સર્વનું કલ્યાણ કરવાની ભાવનાથી કરેલો હોવાથી ધર્મરૂપ ગણાયો.સત્કર્મ કરતાં શુદ્ધ ભાવ રાખો. ભગવદ્ ભાવ રાખો. હ્રદય શુદ્ધ રાખો એ મોટામાં મોટું તપ છે. તેથી સૌના અહંકારથી બ્રહ્મ કર્મનો આરંભ કરું છું.એ મંત્ર બોલીને દરેક સત્કાર્યની શરૂઆત કરવાની હોય છે.મૈત્રેયજી પછી કર્દમની કન્યાઓના વંશનું વર્ણન કરે છે. મરીચિ અને કલાને ત્યાં કશ્યપ અને પૂર્ણિમા નામના બે પુત્રો થયેલા. અત્રિની પત્ની અનસૂયાથી દત્તાત્રેય, દુર્વાસા અને ચંદ્રમા નામના ત્રણ પુત્રો થયા છે. તે અનુક્રમે વિષ્ણુ, શંકર અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા.દત્તાત્રેય અત્રિના ઘરે આવે છે. પુરુષ અત્રિ જેવો તપસ્વી બને અને સ્ત્રી અનસૂયા જેવી તપસ્વિની બને,તો આજે પણ દત્તાત્રેય આવવા તૈયાર છે.

અત્રિ એટલે નત્રિ. ત્રણ નથી તે અત્રિ.ત્રણ એટલે સત્ત્વ,રજ, તમ. એ ત્રિગુણનો નાશ કરી જેનિર્ગુણી બને તે અત્રિ,સત્ત્વ,રજ તમ—આ ત્રણ ગુણમાં જીવ મળી ગયો છે. આ ત્રણ ગુણોમાં જીવ મળે છે. આ ત્રણ ગુણને છોડીને બ્રહ્મ સંબંધ કરવાનો છે. ત્રિગુણાતીત બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયો છે તે અત્રિ.

તર્જની આંગળી જીવભાવ-અભિમાન બતાવે છે.જીવમાં અભિમાન પ્રધાન છે.ટચલી આંગળી સત્ત્વગુણ છે.અંગૂઠોએ બ્રહ્મ છે.તેથી પુષ્ટિ સંપ્રદાયમાં ઠાકોરજીને તિલક અંગૂઠાથી થાય છે.

# રણબીર સાથે હોટ સિન્સ આપવા શું એક્સ ગર્લફ્રેન્ડ દીપિકા તૈયાર થશે ખરા?



**જો અભિનેત્રી આ ફિલ્મ સાઈન કરશે તો તેને રણબીર કપૂરની ઓપોઝીટ કામ કરવાનું રહેશે**

બોલીવૂડની ઘણી એવી જોડીઓ છે જેમને સાથે ફિલ્મ કરતા કરતા પ્રેમ થઈ જાય અને ઘણીવાર ફિલ્મ પૂરી થાય એટલે પ્રેમ પણ પૂરો થાય. આવું જ એક કપલ રણબીર કપૂર અને દીપિકા પદુકોણ છે. એક સમયે બન્ને પ્રેમમાં હતા અને લગ્ન કરવાની લગભગ તૈયારીમાં હતા, પરંતુ બન્ને વચ્ચે બ્રેક અપ થયો અને બન્ને પોત-પોતાના રસ્તે ચાલ્યા ગયા. હાલમાં બન્ને પરણી ગયા અને દીકરીના મા-બાપ પણ થઈ ગયા છે. રણબીર કપૂરે આલિયા ભટ્ટ અને દીપિકાએ રણવીર સિંહ સાથે લગ્ન કર્યા, પણ હવે રણબીર અને દીપિકા ફરી એક સાથે જોવા મળે તેવી સંભાવના છે. આ અઘરું કામ શકય કરશે ફિલ્મનિર્દેશક સંજય લીલા ભણસાલી. સંજય લીલા ભણસાલીની ફિલ્મ લવ એન્ડ વૉરમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ જેવા સ્ટાર્સ છે ત્યારે હવે દીપિકા પદુકોણ પણ જોડાય તેવી સંભાવના છે. દીપિકાને આ ફિલ્મમાં ૪૦ મિનિટ માટેના કેમિયો રોલની ઓફર કરવામાં આવી છે. જો અભિનેત્રી આ ફિલ્મ સાઈન કરશે તો તેને રણબીર કપૂરની ઓપોઝીટ કામ કરવાનું રહેશે. માત્ર એટલું નહીં પણ મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો આ બન્ને વચ્ચ હૉટ સિન્સ પણ હોઈ શકે છે. રણબીર અને વિકી કૌશલ આ ફિલ્મમાં આર્મી ઓફિસર તરીકે કામ કરી રહ્યા છે અને એકબીજાની વિરુદ્ધ છે જ્યારે આલિયા સાથે લવ ટ્રાયેંગલ હોવાની સંભાવના છે. હવે દીપિકાના આવવાથી ચોથો કયો એંગલ સંજય લીલા ભણસાલી આપે છે તે ખબર નથી. ફિલ્મ આવતા વર્ષે ૨૦૨૬માં રિલિઝ થશે. દીપિકાએ ફિલ્મ હજુ સાઈન કરી નથી, પણ જો સાઈન કરશે તો તેમની રીલ લાઈફની સાથે રીયલ લાઈફમાં કોઈ તોફાન ન આવે તો સારું.

# સલમાન ખાન વ્યક્તિગત રીતે ચાહકોને પૂછે છે, “મારે આગળ શું કરવું જોઈએ?”

## સિકંદરના ઉદાસીન પ્રતિભાવ પછી, સલમાન ખાન ચાહકો સાથે તેમનો પ્રામાણિક પ્રતિસાદ સાંભળવા અને તેમના ભાવિ પ્રોજેક્ટ્સની યોજના બનાવવા બેસે છે

સલમાન ખાને એક દુર્લભ પગલું ભર્યું જેણે ઘણા લોકોના દિલ પીગળી ગયા. કોઈ ચમકદાર દેખાવ કે પ્રમોશનલ ઈવેન્ટને બદલે, તેણે થોડા ચાહકો સાથે એક સાદી મુલાકાત પસંદ કરી અને કંઈક ખૂબ જ વાસ્તવિક - ફિલ્મોમાં તેના ભવિષ્ય વિશે વાત કરી. અને આ વખતે, તે સ્ટેજ પરથી બોલી રહ્યો ન હતો. તે ત્યાં જ હતો, મિત્રની જેમ તેમની વચ્ચે બેઠો હતો અને પૂછતો હતો, “મારે હવે શું કરવું જોઈએ?” તાજેતરમાં જ રિલીઝ થયેલી ફિલ્મ સિકંદર’ને બોક્સ ઓફિસ પર મિશ્ર પ્રતિસાદ મળ્યા બાદ, સલમાનને લાગ્યું કે હવે થોભવાનો અને ચિંતન કરવાનો યોગ્ય સમય છે. તે પોતાના



ચાહકો પાસેથી સીધા સાંભળવા માંગતો હતો જે તેના માટે સૌથી મહત્વપૂર્ણ છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, આ કોઈ પીઆર સ્ટંટ નહોતો. તે એક શાંત, અનૌપચારિક મેળાવડો હતો જ્યાં વાસ્તવિક વાતચીત થઈ હતી. એક સૂત્રએ HT ને જણાવ્યું હતું કે, “સલમાન તેના ચાહકો સાથે જોડાયેલા રહેવા માંગે છે અને તેમના વિચારો સીધા સાંભળવા માંગે છે. તે ખુલ્લા સંવાદ માટે એક પ્લેટફોર્મ બનાવી રહ્યો છે, જ્યાં તે તેના પ્રોજેક્ટ્સ પ્રત્યેની તેમની પ્રતિક્રિયાઓ અને તેઓ તેની પાસેથી શું અપેક્ષા રાખે છે તે સમજી શકે છે. તાજેતરની મુલાકાત એક કેઝ્યુઅલ, એજન્ડા-મુક્ત મેળાવડા હતી જેથી આ શક્ય બને.” ચાહકો પાછળ રહી શક્યા નહીં. તેમણે સિકંદરમાં તેમને શું ગમ્યું અને ક્યાં ચૂકી ગયું તે વિશે વાત કરી. સલમાને સંપૂર્ણ ધ્યાનથી સાંભળ્યું, ક્યારેક હસતાં, ક્યારેક માથું હલાવતા. તેમણે તેમનો ઉષ્માભર્યો આભાર માન્યો અને કહ્યું કે તેમની ખુશી ખરેખર તેમના માટે મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે તેઓ એવી સ્ક્રિપ્ટો પસંદ કરવા માંગે છે જે તેમના ચાહકોને ગર્વ કરાવે. વ્યાવસાયિક મોરચે, સંજય દત્ત સાથે ગંગા રામ, કિકની સંભવિત સિક્વલ અને દિગ્દર્શક એટલી સાથેના સંભવિત પ્રોજેક્ટ માટે ફરી મુલાકાત થવાની વાતો ચાલી રહી છે. અહેવાલોમાં એ પણ ઉલ્લેખ છે કે સલમાન તેની બધી વર્તમાન પ્રતિબદ્ધતાઓનું પાલન કરશે. સૂત્રએ શેર કર્યું, “સલમાન તે પ્રોજેક્ટ્સ પર કામ કરશે જે તેણે સાઈન કર્યા છે.

# ભણશાલી લવ એન્ડ વોરને પૈન ઇન્ડિયા રિલીઝ કરશે

સંજય લીલા ભણશાલી હાલ પોતાની આગામી ફિલ્મ લવ એન્ડ વોરના શૂટિંગમાં વ્યસ્ત છે. નિર્માતા-દિગ્દર્શક રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલ સાથેની આ ફિલ્મની રિલીઝ માટે એક નવી યોજના કરી રહ્યો હોવાનો રિપોર્ટ છે. જેના અનુસાર, ભણશાલી પોતાની ફિલ્મ લવ એન્ડ વોરને પૈન - ઈન્ડિયા રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યો છે. રણબીર કપૂર અને વિક્કી કૌશલની રિલીઝ થયેલી ફિલ્મોના બોક્સઓફિસના આંકડા જોઈને તેણે નિર્ણય કર્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. બોલીવૂડની ફિલ્મોને હવે સર્જરો નવી-નવી



બાઉન્ડ્રી સેટ કરી રહ્યા છે. ઉત્તરથી લઈને દક્ષિણ સહિતની દરેક માર્કેટને ફિલ્મસર્જકો ટાર્ગેટ કરવાની પ્લાનિંગ કરી રહ્યા છે. તેથી ભણશાલી પણ હવે આ બદલાવ સાથે જોડાવાના પ્રયાસ કરી રહ્યો છે. બોલીવૂડની ફિલ્મોને હવે સર્જરો નવી-નવી બાઉન્ડ્રી સેટ કરી રહ્યા છે ઉત્તરથી લઈને દક્ષિણ સહિતની દરેક માર્કેટને ફિલ્મસર્જકો ટાર્ગેટ કરવાની પ્લાનિંગ કરી રહ્યા છે ભૂતકાળમાં પણ ભણશાલીની ફિલ્મોએ સારી કમાણી કરી છે, પરંતુ હવે સમયના પરિવર્તન સાથે ફિલ્મસર્જકોએ પોતાના પ્રોજેક્ટના સારા પરિણામો માટે નવા નવા નિર્ણયો લેવા પડશે.

# ‘મસ્ત સમય પસાર થયો, પરેશ ગંટારાએ વાગલે કી દુનિયામાં ટ્રિપલ રોલ



‘વાગલે કી દુનિયા - નયી પીઢી નયે કિસી ‘ તેના મધ્યમ વર્ગના સંઘર્ષો અને હૃદયસ્પર્શી કૌટુંબિક ક્ષણો સાથે લોકોના દિલ જીતવાનું ચાલુ રાખે છે. મજામાં વધારો કરતા, પીઢ હાસ્ય અભિનેતા પરેશ ગણાત્રા શોમાં એક ખાસ ભૂમિકામાં જોડાવા માટે તૈયાર છે, જે જ્યોતિ (ભક્તિ ચૌહાણ) ના ત્રિપુટી ભાઈઓ - સુધાંશુ, હિમાંશુ અને દીપાંશુની ભૂમિકા ભજવીને ત્રણ ગણું હાસ્ય લાવશે. આગામી ટ્રેક દર્શકોને એક યાદગાર સફર પર લઈ જાય છે કારણ કે રાજેશ (સુમિત રાઘવન), વંદના (પરિવા પ્રણતિ), અથર્વ (શેહાન કપાહી) અને સખી (ચિન્મયી સાલ્વી) રાજેશની ભૂતકાળની સૌથી મોટી ભૂલોમાંથી એક - એક દુર્ભાગ્યપૂર્ણ લગ્ન કરવાનો પ્રયાસ - યાદ કરે છે. ફ્લેશબેકમાં, વેગલ્સ યાદ કરે છે કે કેવી રીતે રાજેશે વંદનાની મિત્ર, સંધ્યાને એક અત્યાધુનિક કાર્ડિયાક સર્જન ડૉ. સુધાંશુ સાથે સેટ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, એક ક્લાસિક મિશ્રણ સંધ્યાને તેના બે ખૂબ જ અલગ ભાઈઓ - હિમાંશુ, એક કઠોર અને બેશરમ વ્યક્તિત્વ, અને દીપાંશુ, એક અતિશય ભાવનાત્મક કેટરર - ને મળવા તરફ દોરી જાય છે. પરિણામે મૂંઝવણ ભૂલોનો એક કોમેડી ઉભો કરે છે જે દર્શકોને વિભાજીત કરી દેશે. પરેશ ગણાત્રા , જે ત્રણ વિરોધી ભાઈઓ - સુધાંશુ, હિમાંશુ અને દીપાંશુની ભૂમિકા ભજવી રહ્યા છે, તેમણે કહ્યું, “વાગલે કી દુનિયા એક એવો શો છે જે વાસ્તવિક, સંબંધિત વાર્તા કહેવા સાથે હળવા હૃદયના ક્ષણોને સુંદર રીતે મિશ્રિત કરે છે, અને જ્યારે મને તેનો ભાગ બનવાની તક મળી ત્યારે હું ખૂબ જ રોમાંચિત થઈ ગયો. એક જ સમયે ત્રણ સંપૂર્ણપણે અલગ પાત્રો ભજવવા એ ચોક્કસપણે એક પડકાર છે, પરંતુ એક એવો કે જેને હું ખુશીથી સ્વીકારું છું.

# સુભાષએ જોગેશ્વરીના પોતાના બે ફ્લેટ ૧૧.૬૧ કરોડ રૂપિયામાં વેચ્યા

**આ પહેલા આ જ વરસમાં તેણે બાંદરામાં એક ફ્લેટ ખરીદો અને અંધેરીનો એક ફ્લેટ વેચ્યો**

બોલીવુડનો જાણીતો ફિલ્મ નિર્માતા આ વરસે પ્રોપર્ટીમાં લે-વેચ કરવાથી ચર્ચામાં છે. તેણે હાલમાં જ જોગેશ્વરીના તેના બે એપાર્ટમેટ ૧૧. ૬૧ કરોડ રૂપિયામાં વેંચી નાખ્યા છે. હાલ બોલીવૂડની સેલિબ્રિટીઓ પ્રોપર્ટીમાં લે-વેચ કરવાથી ચર્ચામાં છે, આ પહેલા આ જ વરસમાં તેણે બાંદરામાં એક ફ્લેટ ખરીદો અને અંધેરીનો એક ફ્લેટ વેચ્યો તેની આ સંપત્તિઓ મુક્તા ટેલી આર્ટસ પ્રાઈવેટ લિમિટેડના નામ પર વેંચવામાં આવી છે. આ બન્ને એપાર્ટમેન્ટની પ્રત્યેક કિંમત ૫. ૮૦ કરોડ રૂપિયા છે. જે ૮૮૯ અને ૧૦૬૭ સ્કે. ફૂટ એરિયા ધરાવે છે. જેના દરેક યુનિટ દીઠ ૩૪.૮૩ લાખ રૂપિયા સ્ટેમ્પ ડયૂટી અને ૩૦૦૦૦ રૂપિયા ફલેટ દીઠ રજિસ્ટ્રેશનના ચુકવવામાં આવ્યા



છે. સુભાષ ઘાઈએ આ પહેલા આ જ વરસમાં જાન્યુઆરીમાં તેના અને તેની પત્નીના સંયુક્ત નામના અંધેરીના એપાર્ટમેન્ટને ૧૨. ૮૫ કરોડમાં વેંચ્યો હતો. જે તેણે ૨૦૧૬માં ૮.૭૨ કરોડ રૂપિયામાં લીધો હતો. આ ફલેટના વેંચાણથી તેમણે ૪૭ ટકાનો નફો મેળવ્યો હતો તેમજ ફેબ્રુઆરીમાં સુભાષ અને તેની પત્ની મુક્તા ઘાઈએ બાંદારમાં ૨૪ કરોડ રૂપિયાનો એક વિશાળ ૪ બેડરૂમ, હોલ કિચનનો ફલેટ ખરીદ્યો હતો. જેમાં ત્રણ પાર્કિંગની સુવિધા પણ છે. આ ફલેટ માટે ૧.૪૪ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડયુટી સામેલ હતી. હાલ બોલીવૂડની સેલિબ્રિટીઓ પ્રોપર્ટીમાં લે-વેચ કરવાથી ચર્ચામાં છે. હાલ ગૌરી ખાને, અક્ષયકુમારે પોતાના ફલેટ વેચ્યાના સમાચાર હતા.

**આ શોમાં એસીપી પ્રદ્યુમ્નને મૃત બતાવાશે**

# CIDમાંથી ACPપ્રદ્યુમ્નની વિદાય, શિવાજી સાટમે શો છોડી દીધો



ભારતીય ટેલિવિઝનમાં સૌથી લોકપ્રિય શો સીઆઈડીની નવી સીઝન થોડાં વખત પહેલાં જ ફરી એક વાર શરૂ થઈ છે

ભારતીય ટેલિવિઝનમાં સૌથી લોકપ્રિય શો સીઆઈડીની નવી સીઝન થોડાં વખત પહેલાં જ ફરી એક વાર શરૂ થઈ છે. પરંતુ હવે તેમાં મોટું પરિવર્તન આવવાનું છે, આ શોનું સૌથી લોકપ્રિય પાત્ર ભજવતા શિવાજી સાટમ અન્ય શો અને ફિલ્મોમાં વિવિધ રોલ કરવા છતાં માત્ર એસીપી પ્રદ્યુમ્ન નામથી જ સૌથી





વધુ લોકપ્રિય થયા છે. ત્યારે હવે શિવાજી સાટમ આ શો છોડી રહ્યા છે એવા અહેવાલો છે. સોશિયલ મીડિયા પર શિવાજી સાટમ અને તિગ્માંશુ ધુલિયાનો એક વીડિયો પણ વાયરલ થયો છે, જેમાં તિગ્માંશુ શિવાજી સામે બંદુક તાકીને ઉભેલા દેખાય છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર હવે આ શોમાં એસીપી પ્રદ્યુમ્નને મૃત બતાવાશે. થોડાં વખતથી તિગ્માંશુ ધુલિયા સીઆઈડીમાં કુર અને કુખ્યાત આંખ ગેંગના લીડર બાર્બોસાનો રોલ કરે છે. તે આ શોમાં એસીપીને મારી નાખશે. આવનારા એપિસોડમાં સીઆઈડીની ટીમને મારી નાખવા માટે બાર્બોસા બોમ્બ મુકશે એવું બતાવવામાં આવશે. આ બ્લાસ્ટમાં સાઆઈડી ટીમના બાકીના સભ્યો બચી જશે, પરંતુ શિવાજી સાટમ નહીં બચે. હવે એવા અહેવાલો પણ છે કે પ્રોડકશન હાઉસે આ પાત્ર માટે ઓડિશન પણ શરૂ કરી દીધાં છે. નવા એસીપી માટે ઓડિશન ચાલે છે પણ હજુ કોઈ સિલેક્ટ થયું નથી. એસીપી પ્રદ્યુમ્નના મૃત્યુનો એપિસોડ શૂટ થઈ ગયો છે અને ટૂંક સમયમાં ટીવી પર આવી જશે. હવે નવા એસીપી કેટલા અસરકારક હશે તે જોવાનું રહેશે.



# રાજામૌલીના સહયોગ પછી પ્રિયંકા અલ્લુ સાથેની ફિલ્મમાં કામ કરશે

ચાહકો માટે એક રોમાંચક અપડેટમાં, અહેવાલો સૂચવે છે કે પ્રિયંકા ચોપરા જોનાસ ટૂંક સમયમાં દક્ષિણના સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથે ડિરેક્ટર એટલી સાથેના તેમના આગામી પ્રોજેક્ટમાં સ્ક્રીન સ્પેસ શેર કરી શકે છે. જ્યારે સત્તાવાર જાહેરાત હજુ સુધી થઈ નથી, ત્યારે આ હાઈ-ઓક્ટેન ફિલ્મની ચર્ચા પહેલાથી જ હેડલાઈન્સમાં છે. લેટ્સ સિનેમાના તાજેતરના અહેવાલ મુજબ, પ્રિયંકાને આ અનટાઈટલ્ડ પ્રોજેક્ટ માટે મુખ્ય અભિનેત્રી તરીકે ગણવામાં આવી રહી છે. જોકે, નિર્માતાઓએ હજુ સુધી તેણીના કાસ્ટિંગની પુષ્ટિ કરી નથી. પિંકવિલાના એક સૂત્રએ જણાવ્યું હતું કે આ ફિલ્મ “સમાંતર બ્રહ્માંડ” પર આધારિત હશે અને સન પિક્ચર્સ દ્વારા તેનું નિર્માણ કરવામાં આવશે. અહેવાલમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ ફિલ્મ માટે અલ્લુ અર્જુનને મોટી રકમ ચૂકવવામાં આવી રહી છે. અગાઉ, અફવાઓ એવી હતી કે આ ફિલ્મ બે હીરોનો પ્રોજેક્ટ હોઈ શકે છે, પરંતુ અર્જુનની ટીમે પાછળથી સ્પષ્ટતા કરી હતી કે અભિનેતા બેવડી ભૂમિકા ભજવશે. આ ફિલ્મ અલ્લુ અર્જુન અને એટલી વચ્ચેનો પ્રથમ સહયોગ હશે, અને



ચાહકો પહેલાથી જ આ અનોખા સંયોજનને લઈને ઉત્સાહિત છે. અલ્લુ અર્જુન છેલ્લે પુષ્પા ૨: ધ રૂલમાં જોવા મળ્યો હતો, જ્યાં તેણે લાલ ચંદનના દાણચોર પુષ્પરાજુની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં રશ્મિકા મંદન્ના અને ફહાદ ફાસિલ પણ હતા, જેમાં એક્શન અને ડ્રામાથી ભરપૂર એક આકર્ષક વાર્તા હતી. દરમિયાન, પ્રિયંકા ચોપરા એસએસ રાજામૌલી સાથેના તેના આગામી પ્રોજેક્ટ, જેનું નામ SSMB29 છે, સાથે પણ ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મમાં મહેશ બાબુ અભિનીત છે અને તે એક જંગલ સાહસિક ફિલ્મ હોવાનું કહેવાય છે, જેનું શૂટિંગ મોટા પાયે કરવામાં આવ્યું છે. પૃથ્વીરાજ સુકુમારન પણ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, જે હવે બે ભાગની શ્રેણીને બદલે એક જ ફિલ્મ હોવાની પુષ્ટિ થઈ છે.

# અભિનેત્રી શ્રદ્ધા કપૂરને પોતાની કારકીર્દી ૬ ફિલ્મ ઇનકાર કરવાનો ભારે પસ્તાવો

**સલમાનની ફિલ્મ ‘લકીઃ નો ટાઇમ ફોર લવ’માં કામ કરવાનો પણ ઇનકાર કરી દીધો હતો**

શ્રદ્ધા કપૂરે એક બે નહી, આ ૬ ફિલ્મોની ઓફર ફગાવી દીધી હતી અને તેમની મોટા ભાગની ફિલ્મોએ તો તગડી કમાણી કરી છે. શ્રદ્ધાએ પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. પરંતુ અભિનેત્રીએ ઘણી મોટી ફિલ્મોની ઓફરોને નકારી પણ કાઢી છે. બોલીવુડ અભિનેત્રી શ્રદ્ધા કપૂર ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રીઓમાંની એક છે. શ્રદ્ધા કપૂરે પણ અર્જુન કપૂરની ફિલ્મ નકારી કાઢી હતી. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર વધારે કમાણી કરી શકી નહીં. આ યાદીમાં કાર્તિક આર્યનની હોરર કોમેડી ફિલ્મ ‘ભૂલ ભુલૈયા ૨’ પણ સામેલ છે. શ્રદ્ધાએ પણ આ ફિલ્મની ઓફર નકારી કાઢી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ. એસએસ રાજામૌલીની ફિલ્મ ‘આરઆરઆર’ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર રહી હતી. તમને જાણીને પણ



નવાઈ લાગશે કે શ્રદ્ધા કપૂરે પણ આ ફિલ્મમાં કામ કરવાની ઓફર નકારી કાઢી હતી. પરિણીતી પહેલા શ્રદ્ધા કપૂરને બેડમિન્ટન ખેલાડી સાયના નેહવાલના જીવન પર આધારિત ફિલ્મ સાયના માટે પસંદ કરવામાં આવી હતી. શ્રદ્ધા કપૂરે સુપરસ્ટાર સલમાન ખાનની ફિલ્મ ‘લકીઃ નો ટાઈમ ફોર લવ’માં કામ કરવાનો પણ ઈનકાર કરી દીધો હતોપણ તેણે તે કરવાનો ઈનકાર કર્યો.આમિર ખાન અને અમિતાભ બચ્ચનની ફિલ્મ





‘ઠગ્સ ઓફ હિન્દુસ્તાન’ માટે શ્રદ્ધા કપૂર નિર્માતાઓની પહેલી પસંદગી હતી. જોકે, તેમણે તેમ કરવાનો ઈનકાર કર્યો શ્રદ્ધા કપૂરે સુપરસ્ટાર સલમાન ખાનની ફિલ્મ ‘લકીઃ નો ટાઈમ ફોર લવ’માં કામ કરવાનો પણ ઈનકાર કરી દીધો હતો. મોટા ભાગની ફિલ્મોએ તો તગડી કમાણી કરી.

# મરચીની ખેતીમાં પેટલાદ તાલુકાના ભાટીયેલ ગામના ખેડૂતની નોંધપાત્ર સિધ્ધી

## ખેડૂત શ્રી કેતનભાઇ પટેલે મરચીના વાવેતરમાં રૂ.૩.૫૦ લાખ જેટલા ખર્ચની સામે બમણાથી ઉપરાંતની આવક મેળવી



આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના ભાટીયેલ ગામના આત્મનિર્ભર ખેડૂત શ્રી કેતનભાઈ પટેલે મરચીની ખેતીમાં નવી સફળતા હાંસલ કરી છે. તેમના દ્વારા મરચીનું ઓક્ટોબર મહિનામાં વાવતેર કરવામાં આવ્યું હતું. મરચીનું મોડી રોપણી હોવા છતાં, તેમણે **Good agricultural practices** પધ્ધતિ દ્વારા તેમજ યોગ્ય પાણી વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણના ઉપયોગથી ગુણવતાવાળું ઉત્પાદન મેળવ્યું છે. શ્રી કેતનભાઈ પટેલના ખેતરમાં મરચીનો પાક ૨ વિઘા વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી તેમણે મરચીના વાવેતરમાં રૂ.૩ લાખ ૫૦ હજાર જેટલો ખર્ચ કર્યો છે.જેની સામે મરચીના વેચાણથી બમણાથી ઉપર એટલે કે રૂ.૭ લાખ ૨૫ હજારની આવક મેળવી છે. જે ખેતીના ક્ષેત્રમાં એક પ્રેરણાદાયક ઉદાહરણ બની રહ્યું છે. વધુમાં ખેડુતશ્રી કેળની ખેતી પણ કરે છે, જેમા બાગાયત ખાતા દ્વારા કેળ પાકમાં રૂ. ૩૭ હજારની સહાય આપવામાં આવી છે. નાયબ બાગાયત નિયામકશ્રી ડો. સ્મિતાબેન પિલ્લાઈના જણાવ્યા મુજબ ખેડૂતશ્રી કેતનભાઈની સફળતા પાછળ બાગાયત ખાતાની યોજનાના વિવિધ લાભો, ખેડૂતની મહેનત, યોગ્ય સમય પર ખેતીની કામગીરી, બજારની માહિતી સાથે જોડાયેલા નિર્ણય, ટેકનિકલ માર્ગદર્શન દ્વારા આણંદ જિલ્લાના ખેડૂતો આત્મનિર્ભર બની રહ્યા છે.

### પ્રાકૃતિક ખેતી અપનાવી, એક વર્ષમાં, એક એકર જમીનમાં રેકર્ડ બ્રેક ૧૦ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવ્યો

# ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલ ખેડૂતે ટેક્નોલોજીના સહારે સ્ટ્રોબેરીની ખેતી શરૂ કરી

## આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન પૂર્ણ કરતાં યુવાને ખેતીથી રોજગારી સર્જી - 'ખેત મજૂર નહીં પણ ખેત માલિક બનવું છે' : જિગ્નેશભાઇ ભોયે





ઉમેશ ગાવિત 'ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ', 'અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ'- ઝવેરચંદ મેઘાણી રચિત આ પંક્તિનો અર્થ થાય છે કે, જે વ્યક્તિ યુવા અવસ્થામાં સાહસ કરીને કામ કરે છે તે જીવન જીવી જાણે છે અને નવું સર્જન કરી શકવાની ક્ષમતા ધરાવે છે. ઉક્ત પંક્તિઓને સાબિત કરી બતાવી છે ડાંગના એક તરવરિયા યુવાને. ડાંગ જિલ્લાના મહારાષ્ટ્રની બોર્ડરને અડીને આવેલ મોટા માંળુગા ગામનો ૨૬ વર્ષીય યુવક શ્રી જિગ્નેશભાઇ મધુભાઈ ભોયે જેણે, પ્રાકૃતિક ખેતી કરનાર પ્રગતિશીલ ખેડુત તરીકે નામનાં મેળવી છે. પાણીની અછત છતાંય ફળાઉ પાકની ખેતીમાં સાહસિકતા દાખવી આ યુવકે એક એકર જમીનમાં સ્ટ્રોબેરીનો મબલક પાક રળ્યો છે. માત્ર ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરેલ જિગ્નેશભાઈ ભોયેએ ટેક્નોલૉજીનો ઉપયોગ કરી યુટ્યુબના માધ્યમથી ખેતી વિશે જાણકારી મેળવી સ્ટ્રોબેરીની ખેતી કરવાનું શરૂ કર્યું હતું. છેલ્લાં ત્રણ વર્ષ થી તેઓ સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યાં છે. તેઓ દર વર્ષે વાર્ષિક ૬ થી ૭ ટન જેટલું ઉત્પાદન મેળવે છે પરંતુ ચાલુ વર્ષ દરમિયાન એક એકર જમીનમાં રેકર્ડ બ્રેક ૧૦ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવી તેઓ અન્ય ખેડૂતો માટે પ્રેરણા રૂપ બન્યા છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત બનાવવાનું સ્વપ્ર ડાંગના મોટા માળુંગાનો આ યુવાન સ્વપ્ર સાકાર કરી રહ્યો છે. ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો, જે બાદ રોજગારી માટે વાપી કે અન્ય ઈન્ડસ્ટ્રિયલ એરીયામાં નોકરી કરી, સાથે જ નજીકના મહારાષ્ટ્ર રાજ્યમાં દ્રાક્ષ અને સ્ટ્રોબેરીના ખેતરોમાં ખેત મજૂર તરીકે કામ કર્યું. પરંતુ આંખોમાં નવા સ્વપ્ર સેવી રહેલાં આ યુવકે ખેત મજૂર નહીં પરંતુ ખેત માલિક બનવાનો નિર્ણય કર્યો. વર્ષો થી તેઓના બાપદાદાઓ અને માતા-પિતા ખેત મજૂર તરીકે કામ કરતાં હતાં, પરંતુ ખેત મજૂર માંથી માલિક બનવાનો નિર્ધારિત કરેલ નિર્ણય આ યુવકે, ખેતી ક્ષેત્રે સંશોધન શરૂ કર્યું, ખેતી વિશે જાણકારી મેળવી સરકારના વિવિધ કાર્યક્રમો તેમજ તાલીમ મેળવી, પ્રાકૃતિક ખેતીની પ્રેરણા મેળવી અને ઘર બેઠાં પ્રાકૃતિક ખેતી કરવાનો નિર્ધાર કર્યો હતો. શરૂઆતમાં પારંપરિક ખેતી સિવાય કારેલાં, દૂધી અને ટાંમેટાની ખેતી કરી, પરંતુ તેમાં સફળતા મળી નહી. જે બાદ ઈન્ટરનેટ ઉપર ફળાઉ પાકો ની જાણકારી મેળવી સાથે જ ફળાઉ પાકો માટે સરકારની યોજનાઓની વિગતો મેળવી અને સ્ટ્રોબેરીની ખેતી કરવાનું નક્કી કર્યું. શરૂઆતના વર્ષોમાં ઓછી જગ્યામાં સ્ટ્રોબેરીની ખેતી કરી જેનું છૂટક વેચાણ આહવા તેમજ સાપુતારા ખાતે કર્યું. આ સાથે જ ડાંગ જિલ્લાના બાગાયતી વિભાગના અધિકારીઓ પાસેથી ખેતી વિશે વધુ જાણકારી મેળવી, ખેતી પધ્ધતીઓ જાણી અને ત્રીજા વર્ષે એક એકર જમીનમાં સાહસ કરીને સ્ટ્રોબેરીની ખેતી કરી જેમાં વાર્ષિક ૧૧ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવ્યો જેનું તેઓ મોટ પાયે અમદાવાદમાં એક્સપોર્ટ કરી રહ્યાં છે. જિગ્નેશભાઈ ભોયે જણાવે છે કે, વર્ષો થી તેઓનો પરિવાર પારંપરિક ડાંગર, નાગલી, અડદ, વરઈ વગેરેની ખેતી કરી રહ્યાં છે. ભણતર બાદ તેઓ પોતે પણ છેલ્લાં ૬ વર્ષથી ખેતીના કામમાં જોતરાયેલા છે. તેઓએ પોતાની ખેતી સાથે બહાર ગામ મજુરી કામ પણ કર્યું પરંતુ આત્મનિર્ભર બનવાનું નક્કી કરી તેઓએ ખેતીમાં ઝંપલાવ્યું, ખેતી પ્રત્યે પ્રમે થયો અને ગામમાં જ પોતાના ખેતરમાં ખેતીની શરૂઆત કરી જે બાદ તેઓએ ખેતીમાં નવતર પ્રયોગો કરી સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યાં છે. તેઓએ અર્લી વિન્ટર અને વિન્ટર ડાઉન નામની ૨ સ્ટ્રોબેરીની જાતને ખેતરમાં વાવી છે. જેને સામાન્ય રીતના ૯૦ થી ૧૦૫ દિવસમાં પાક આવવાની શરૂઆત થાય છે. પાક આવ્યાં બાદ દર બે ત્રણ દિવસે સતત પાકની લણણી કરવી પડતી હોય છે. જેના માટે તેઓને સાત થી આઠ મજૂરોની જરૂર પડતી હોય છે. જેથી ખેતીના કામ થી તેઓએ ગામમાં જ રોજગારી સર્જી છે. તેમજ તેઓ જથ્થાબંધ સ્ટ્રોબેરી સુરત, ભરૂચ તેમજ મોટ પાયે અમદાવાદ માર્કેટમાં પોતાનો પાક વેંચી રહ્યાં છે. જેનાથી તેઓને ઘર બેઠાં આવક મળી રહે છે તેમજ ગામના લોકોને રોજગારી પણ મળી રહે છે. સ્ટ્રોબેરીના પાક થી તેઓ વાર્ષિક સરેરાશ ૭ થી ૮ લાખની મબલક કમાણી કરી રહ્યાં છે. જિગ્નેશભાઈ ભોયે સરકાર તેમજ બાગાયતી વિભાગનો આભાર વ્યક્ત કરતાં જણાવે છે કે, તેઓને બાગાયતી પાકોમાં કૃષિ સહાય, હાઈબ્રીડ બિયારણ માટે ૫૦ ટકા સહાય, તેમજ સ્ટ્રોબેરીના રોપા માટે સહાય, પ્લાસ્ટિક આવરણ, પેંકીગ મટીરિયલ, કાચા મંડપ સહાયમાં દરેક યોજના દીઠ કુલ ૭૫ ટકાની સહાય પ્રાપ્ત થઈ છે. ઉપરાંત બાગાયત વિભાગ માંથી પ્રેરણા પ્રવાસ તરીકે તેઓ સૌરાષ્ટ્ર જિલ્લાની મુલાકાતે પણ ગયાં હતાં. વધુમાં તેઓ જણાવે છે કે, ડાંગ જિલ્લાનું વાતાવરણ સ્ટ્રોબેરીના પાક માટે અનુકુળ છે. જેથી મહારાષ્ટ્રમાં ખેત મજૂર તરીકે જતાં લોકોએ પોતાના વતનમાં જ ખેતીની શરૂઆત કરવી જોઈએ, સરકાર બાગાયતી પાકોમાં સહાય તેમજ પ્રાકૃતિક કૃષિમાં સહાય આપી રહી છે. સ્ટ્રોબેરી પાક ડાંગની ઓળખ બનશે તેમજ અહિં મોટી સંખ્યામાં લોકો સ્ટ્રોબેરીના કારણે રોજગારી પ્રાપ્ત કરી શકે છે એવો મક્કમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નાયબ બાગાયત નિયામક શ્રી તુષારભાઈ ગામીતે વિભાગ અંગેની માહિતી આપતાં જણાવે છે કે, પાક ઉત્પાદન થી બજાર વ્યવસ્થા સુધીની તમામ યોજનાઓ સરકારમાં ચાલુ છે. જેમાં બાગાયત વિભાગ દ્વારા શાકભાજી માટે હાઈબ્રિડ બિયારણ, કાચાં/અડધાં પાકા/ પાકા મંડપ, ફળાઉ પાક માટેની યોજના, પ્લાસ્ટીક આવરણ, બાગાયતી પેદાશો માટે પેંકિગ મટીરીયલમાં સહાય સાધનો (તાડપત્રી/વજન કાંટો અથવા પ્લાસ્ટિક કેરેટ), બાગાયતી યાંત્રિકીકરણ માટે (મિની ટ્રેક્ટર, પાવર ટીલર, સ્વયં સંચાલિત બાગાયતી મશીનરી પાવર વિડર, બૅટરી ઓપરેટેડ સ્પ્રે પંપ જેવી યોજનાઓ આપવામાં આવે છે. ડાંગ જિલ્લાના ૧૫ હજાર હેક્ટર વિસ્તારમાં બાગાયતી ખેતી કરવામાં આવે છે. જેમાં રીંગણ, મરચાં, ટામેટાં, કારેલાં, ભીંડા, ડુંગળી, દુધી, ફણસી, આંબા, કાજુ, તરબૂચ, સ્ટ્રોબેરી, કોબી, હળદર, સફેદ મુશળી, વિગેરેની ખેતી કરવામાં આવે છે. જેમાં ૧૦ થી ૧૨ હેક્ટર વિસ્તાર જમીનમાં સ્ટ્રોબેરીની ખેતી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ડાંગમાં સ્ટ્રોબેરીની ખેતી કરતાં ૬૪ ખેડુતો જે પૈકી ૭ મહિલાઓને સ્ટ્રોબેરી માટે વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણા થકી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ડાંગ સહિત ગુજરાતના ખેડૂતો 'નેચરલ ફાર્મીગ' તરફ પ્રયાણ કરી રહ્યા છે. સરકારના સતત કૃષિલક્ષી કાર્યક્રમોની સફળતાના પગલે ડાંગના છેવાડાના વિસ્તારના યુવા ખેડુત જિગ્નેશભાઈ ભોયે જેવા ખેડૂતોના આર્થિક, સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે. બાગાયતી યોજનાઓની સબસીડી તેમ ખેડુતોને આપવામાં આવેલ તાલીમોના કારણે ખેડૂતો પરંપરાગત ખેતી છોડી ને બાગાયતી પાકો અપનાવી વધુ આવક મેળવતા થયા છે. સાથે જ ઓછા ખર્ચે ખેતીમાં વધુ ઉત્પાદન મેળવતા થયા છે.

# આત્મા એટલે પ્રાકૃતિક ખેતીને લગતી તાલીમ અને કાર્યક્રમો યોજતી સંસ્થા

## આત્મા એટલે ખેડૂતોની જરૂરિયાતો અનુસાર કૃષિને લગતું શિક્ષણ અને શિક્ષણ પ્રવૃત્તિઓના નવા સંશોધનો પૂરા પાડતી સંસ્થા

ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનું ચલણ વધે અને ખેડૂતો વધારેમાં વધારે પ્રાકૃતિક પેદાશો સાથે જોડાય; અને તે સિવાય પણ જે ખેડૂતો રાસાયણિક ખેતી સાથે જોડાયેલા છે તે પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે. ઘણી વાર ખેડૂતો અને સામાન્ય જનતા પણ પ્રાકૃતિક રીતે થતી ખેતીથી અજાણ હોય છે. પરંતુ, પ્રાકૃતિક કૃષિને લગતી ચર્ચાઓમાં આપણે ક્યારેક તો આત્માનું નામ સાંભળ્યું જ હશે. આત્મા (**ATMA - Agricultural Technology Management Agency**) એટલે એવી એક એજન્સી જેના દ્વારા પ્રાકૃતિક ખેતીને લગતી વિવિધ પ્રકારની તાલીમ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કૃષિ ટેકનોલોજી અને વ્યવસ્થાપન એજન્સી 'આત્મા' એ જિલ્લા સ્તરે કાર્યરત એક રજિસ્ટર્ડ સોસાયટી છે, જે જિલ્લાના તમામ કૃષિ સંબંધિત સંગઠનો અને કૃષિ ભાગીદારોને આયોજનથી અમલીકરણ સુધી સામેલ કરીને જિલ્લાના ટકાઉ કૃષિ વિકાસ માટે પ્રયત્નો કરે છે.

આત્માનું મુખ્ય કાર્ય જિલ્લાની તમામ સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓનું સંકલન કરવાનું છે. ઉપરાંત, જાહેર કૃષિ ટેકનોલોજીને લગતી સિસ્ટમનું રોજિંદું સંચાલન અને તેનું વિકેન્દ્રિકરણ કરવાનું છે. આત્મા પ્રાકૃતિક કૃષિને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા તમામ જિલ્લાના કૃષિ વિભાગો, સંશોધન સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને કૃષિ વિકાસ સાથે સંકળાયેલ સંસ્થાઓ વગેરે સાથે જીવંત જોડાણ સ્થાપિત કરવા માટે જવાબદાર છે.

આત્માનું મિશન અને તેનો હેતુ ખેડૂતોને ધિરાણ લાયક બનાવવા માટેનો છે. પ્રાકૃતિક કૃષિને લગતા નિર્ણય લેવાની પ્રક્રિયાને વેગ આપવા માટે અને ખેતીમાં વ્યાવસાયિક અભિગમ શરૂ કરવા માટે ખેડૂતોને **FIG** (ફાર્મર્સ ઈન્ટરેસ્ટ ગ્રૂપ), **CIG** (કન્સરવેશન ઈનોવેશન ગ્રાન્ટ), **FAO** (ફૂડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ સાથે જ, ખેડૂતો પાસેથી મેળવેલી માહિતી પર ધ્યાન કેન્દ્રિત કરવું, ભાગીદારોની જવાબદારી વધારવી, ખેડૂતોની ક્ષમતાઓને મજબૂત કરવી, ખાનગી સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી, સ્ત્રી અને પુરુષ બંને ખેતી સાથે જોડાય તે માટે તેમની ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું વગેરે છે. આત્મા ખેડૂતોની જરૂરિયાતો અનુસાર કૃષિને લગતું શિક્ષણ અને શિક્ષણ પ્રવૃત્તિઓના નવા સંશોધનો પૂરા પાડે છે. ખેડૂતો પોતાની ભાગીદારીથી, પોતાની મરજીથી નિર્ણયો લઈ શકે તે માટે સત્તાનું વિકેન્દ્રીકરણ, કૃષિ વિકાસ સાથે સંકળાયેલા તમામ સરકારી, અર્ધ-સરકારી, બિન-સરકારી, વાણિજ્યિક ખેડૂત સંગઠનો તેમજ કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યઉદ્યોગ જેવા વિભાગોનું સંકલન પણ આત્મા દ્વારા કરવામાં આવે છે. આત્મા મુખ્યત્વે ટેકનોલોજી(ખેડૂતોનું કૃષિ સંશોધન)ના ટ્રાન્સફરમાં કામ કરે છે.

# પ્રાકૃતિક કૃષિમાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઇટ્રોજન ચક્ર દ્વારા છોડના વિકાસ માટેની તમામ જરૂરિયાતો કુદરતી રીતે સંતોષાય છે

હાલનાં સમયમાં પ્રાકૃતિક ખેતી એક વ્યાવહારિક ખેતી તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે. આ ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતી ફક્ત નાના ખેડૂતો જ નહિં પણ, મધ્યમ અને મોટા ખેડૂતોને પણ લાભદાયી છે. પ્રાકૃતિક ખેતીથી ઉપજેલ ખેતપેદાશો ઝેરમુક્ત અને સ્વાસ્થ્યની દૃષ્ટીએ સવર્શ્રેષ્ઠ સાબિત થઈ છે.

ગુજરાત રાજ્યના કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને વર્ણવી છે, જેને આધારે પ્રાકૃતિક ખેતીમાં ખાતર અને જંતુનાશક દવાઓની જગ્યાએ કુદરતી ચક્રો દ્વારા છોડનું પોષણ અને રક્ષણ કેમ થાય છે? તે જાણીએ.

જળચક્ર

પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રીય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઊતરે છે અને સંગ્રહ થાય છે. આ સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલા પોષક તત્ત્વો અને ખનીજો મિશ્રિત થાય છે. જ્યારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલા પોષક તત્ત્વો સાથે મૂળ નજીક આવે અને છોડને જરૂરી ભેજ અને પોષક તત્ત્વો પૂરાં પાડે છે. આમ પ્રાકૃતિક કૃષિમાં થતા જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકસાન થતું નથી અને પાણીની અછતમાં છોડને જરૂરી ભેજ મળી રહે છે.

ખાદ્યચક્ર

છોડના બંધારણમાં કાર્બન, હાઇડ્રોજન અને ઓક્સિજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫થી ૯૬ ટકા જેટલો હોય છે. જેનું નિર્માણ છોડના પર્ણમાં સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા દ્વારા પાણી અને (હવામાં રહેલા) કાર્બન ડાયોક્સાઇડના સંયોજનથી થાય છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ખેતીમાં ડ્રોનના ઉપયોગને લઈને જાગૃતિ કાર્યક્રમ તથા નિદર્શનો યોજાયા



અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના અરણેજ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂતો માટે ખેતીમાં ડ્રોનના ઉપયોગને લઈને જાગૃતિ કાર્યક્રમ તથા નિદર્શનો યોજાયા હતા. આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કુલપતિ શ્રી ડો. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ એગ્રી.ડ્રોન પ્રોજેક્ટ અંડર સબમિશન ઓન એગ્રીકલ્ચર મિકેનિઝેશન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના ખેડૂતો માટે ખેતીમાં ડ્રોનથી છંટકાવના પ્રત્યક્ષ નિદર્શનનું આયોજન કરવામાં આવતું હોય છે. માર્ચ મહિના દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યક્ષેત્રમાં આવતા કુલ ૧૫ ગામોના ૧૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતોની પસંદગી કરવામાં આવી કે જેઓ પોતાના ખેતરમાં ડ્રોન દ્વારા છંટકાવ કરવા સંમત થયા હતા. આ ખેડૂતોએ ખેતરમાં વિવિધ પાકો જેવા કે સુવા, ડાંગર, જીરું, ચણા તેમજ વરિયાળી વગેરે પાકોમાં જુદા જુદા દ્રાવણો જેવા કે સાગરિકા (દરિયાઈ શેવાળ), નેનો યુરિયા, નેનો ડી.એ.પી., ગોળ દૂધનું મિશ્રણ તેમજ જીવામૃતનો ડ્રોન દ્વારા છંટકાવ કરવામાં આવ્યો હતો. આ નિદર્શન હેઠળ ૪૦ એકર જેટલા વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો.

# રાસાયણિક ખાતરને છોડીને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા કંચનભાઈ રાઠવા

## ખેતી ખર્ચ ઘટે અને ઉત્પાદન સારું મળે એવી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી : કંચનભાઈ





છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મોટાઘોડા ગામના ખેડૂત અને ફાર્મર માસ્ટર ટ્રેનર કંચનભાઈ ધનજીભાઈ રાઠવા રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવોને ધ્યાને લઈને પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા. છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક કૃષિને અપનાવી અને અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરિત કરે છે.

પ્રાકૃતિક કૃષિ વિશે વાત કરતા તેઓ જણાવે છે કે, આત્મા પ્રોજેક્ટના અધિકારી સાથે અમારી મુલાકાત થઈ ત્યાંથી પ્રાકૃતિક કૃષિ વિશે માહિતી મળી હતી. આત્મા પ્રોજેક્ટ દ્વારા અમને ખેડા ખાતે દેથલી ગામમાં ત્રણ દિવસિય સેમીનારમાં પ્રાકૃતિક કૃષિ વિશે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિ શું છે? તે કેવી રીતે કરાય તેની સમજ આપવામાં આવી હતી,

પહેલા ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ બહુ કરતા હતા જેથી જમીન દૂષિત થઈ હતી.છેલ્લા ત્રણ વર્ષથી અમે ઘનજીવા મૃત, બીજામૃત, જીવામૃત નો ખેતીમાં ઉપયોગ કરવાનું શરૂઆત કર્યું હતું. અત્યારે મારા ખેતરમાં ચોમાસાની અંદર રોપણી વાળી ડાંગર કરું છું અને એના પછી હું મકાઈનું વાવેતર કરું છું. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામથી જમીન ફળદ્રુપ બની છે. એક દેશી ગાયથી ૩૦ એકર ખેતી કરી શકાય છે. પહેલા ખેતી કરતા અઢી એકર જમીનમાં અંદાજે ૩૫ હજારનો ખર્ચ દવા-ખાતર, ખેડાણ અને મંજૂરીમાં થઈ જતો હતો. પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા ત્યારથી અમને નહિવત ખર્ચ થાય છે. જે કંઈ જ વસ્તુની જરૂર હોય તે મળી જતી હોવાના કારણે ઓછા ખર્ચમાં પ્રાકૃતિક ખેતી કરીએ છીએ અને નફો પણ સારો દેખાય છે. વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન પાક પોતાના કુટુંબ માટે વાપરું છું. આ વર્ષે મારે ચોમાસેની સીઝનમાં ડાંગરની રોપણી કરી હતી જેમાં ૨૫ થી ૩૦ મણનો ઉતારો મળ્યો હતો. આ વખતના મકાઈમાં ૪૦ મણ જેટલું ઉત્પાદન થવાની શક્યતા છે. ગુજરાત સરકાર દ્વારા દેશી ગાયના નિભાવ ખર્ચ માટે માસિક ૯૦૦ રૂપિયા મળે છે. ખેડૂતોને સંદેશ આપતા કંચનભાઈ જણાવે છે કે, દરેક ખેડૂત પ્રાકૃતિક કૃષિ કરે એ જ મારો ઉદ્દેશ છે.

## ન્યૂઝ બ્રિફ

### અશ્લીલ વીડિયો બનાવી બ્લેકમેઈલ કરનારા ભાજપ નેતા સહિત 3 જેલભેગા

। (એજન્સી) આગ્રા, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના આગ્રામાં ટીપી નગર (હરિપર્વત) સ્થિત જૈન હોટેલમાં એક યુવતી સાથે અશ્લીલ વીડિયો બનાવીને એક યુવકને બ્લેકમેઈલ કરવા મામલે ન્યૂ આગ્રા પોલીસે વધુ ત્રણ લોકોને જેલ ભેગા કરી દીધા છે. આરોપીઓમાં ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ પદાધિકારી પણ સામેલ છે. યુવક પાસેથી ૧૦ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી રહી હતી. આવાસ વિકાસ કોલોનીના સેક્ટર ૮ના રહેવાસી એક યુવકની ફેસબુક પર એક યુવક સાથે મિત્રતા થઈ હતી. યુવકે તેને લગ્ન કરાવવા માટે ઝાંસો આપ્યો હતો. યુવતી સાથે મુલાકાત કરાવવા માટે જૈન હોટલમાં યુવકને બોલાવ્યો હતો. એવો આરોપ છે કે, યુવકને નશીલા પદાર્થ પીવડાવીને બેભાન કરી દીધો હતો. ત્યારબાદ યુવતીએ યુવકને નિર્વસ્ત્ર કરી દીધો હતો અને ત્યારબાદ તેની સાથે અશ્લીલ વીડિયો બનાવડાવ્યો હતો. ત્યારબાદ વીડિયો બતાવીને યુવકને ધમકાવવામાં આવી રહ્યો હતો. છેડતીના કેસમાં તેને જેલમાં હવાલે કરવાની ધમકી આપવામાં આવી હતી. કાનૂની નોટિસ મોકલવામાં આવી હતી. બુધવારે પીડિત યુવકે એક આરોપીને પકડીને પોલીસને સોંપી દીધો હતો. ફરિયાદના આધારે પોલીસે શકીલ, વિરાટ, પિંકી, મનીષ સહાની અને જૈન હોટેલના કર્મચારીઓ અને સંચાલકનું નામ જાહેર કર્યું હતું. પોલીસે ગુરુવારે શકીલને જેલમાં ધકેલી દીધો હતો. ઈન્સ્પેક્ટર ન્યૂ આગ્રા રાજીવ ત્યાગીએ જણાવ્યું કે, મથુરા નિવાસી પિંકી, મનીષ સહાની અને વિરાટ, જેઓ આ કેસમાં વોન્ટેડ હતા તેમની પણ ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. મનીષ સહાની ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ પદાધિકારી છે. પોલીસને શંકા છે કે, ગેંગે પહેલી વાર આ અંદાજમાં ઘટનાને અંજામ નથી આપ્યો. આરોપી શકીલની પૂછપરછમાં ખુલાસો થયો છે.

### મધ્ય પ્રદેશના સીએમ મોટી દુર્ઘટનાનો શિકાર થતા બચ્યા

। (એજન્સી) ભોપાલ, તા.૧૪ ।

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સાથે એક મોટી દુર્ઘટના ટળી ગઈ. શનિવારે (૧૩મી સપ્ટેમ્બર) જ્યારે તે હોટ એર બલૂન એક્ટિવિટી માટે મંદસૌર પહોંચ્યા હતા, ત્યારે તેમના હોટ એર બલૂનમા આગ લાગી હતી. જો કે, તેમની સાથે હાજર સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક તેમને હોટ એર બલૂનમાંથી બહાર કાઢ્યા હતા અને આગ પર કાબુ મેળવ્યો હતો.

અહેવાલો અનુસાર, મધ્ય પ્રદેશના મંદસૌરમાં ગાંધી સાગર અભયારણ્ય છે. દર વર્ષે અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. શનિવારે સવારે મુખ્યમંત્રી પણ હોટ એર બલૂન એક્ટિવિટી માટે આવ્યા હતા. જ્યારે તેઓ બલૂનની અંદર હતા, ત્યારે હોટ એર બલૂનનો નીચેનો ભાગ આગ લાગી હતી. પરંતુ તેમની સુરક્ષા માટે હાજર સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક તેમને બહાર કાઢ્યા અને પછી આગ ઓલવી નાખી.

હોટ એર બલૂનની સંભાળ રાખનારા લોકોએ જણાવ્યું કે, જ્યારે મુખ્યમંત્રી ફુગ્ગામાં ચઢ્યા ત્યારે પવનની ગતિ ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની હતી. આવી સ્થિતિમાં ફુગ્ગો આગળ વધી શક્યો નહીં. જેના કારણે તેના નીચેના ભાગમાં આગ લાગી હતી.

TTP એ સ્વીકારી જવાબદારી

# પાકિસ્તાની સૈન્ય પર ભીષણ આતંકી હુમલો, ૧૨ સૈનિકો શહિદ

## દક્ષિણ વજીરિસ્તાનમાં સેનાનો કાફલો આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૪ ।

પાકિસ્તાના અશાંત ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં શનિવારે વહેલી સવારે પાકિસ્તાની તાલિબાન (ટીટીપી) દ્વારા કરવામાં આવેલા ઘાતક હુમલામાં ઓછામાં ઓછા ૧૨ સૈનિકોના મોત નિપજ્યા છે અને ૪ અન્ય ઘાયલ થયા છે. સ્થાનિક વહીવટીતંત્ર અને સુરક્ષા અધિકારીઓએ આ હુમલાની પુષ્ટિ કરી છે. મળતી માહિતી મુજબ, દક્ષિણ વજીરિસ્તાન જિલ્લામાં સવારે લગભગ ૪ વાગ્યે જ્યારે સેનાનો કાફલો આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો. એક સ્થાનિક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, બંને બાજુથી ભારે હથિયારોથી ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં ૧૨ સુરક્ષા કર્મચારીઓના મોત નિપજ્યા હતા અને ચાર ઘાયલ થયા હતા. હુમલાખોરો સૈન્યના હથિયારો અને સાધનો લઈને સ્થળ પરથી ભાગી ગયા હતા. વિસ્તારના સુરક્ષા અધિકારીએ પણ જાનહાનિની સંખ્યાની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું



કે, હુમલો ખૂબ જ સુનિયોજિત અને તીવ્ર હતો. આ હુમલાની જવાબદારી આતંકવાદી સંગઠન પાકિસ્તાની તાલિબાને લીધી છે, જેને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) તરીકે પણ ઓળખવામાં આવે છે. આ હુમલાને તાજેતરના મહિનાઓમાં ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયેલી સૌથી ઘાતક ઘટનાઓમાંની એક માનવામાં આવે છે. TTP એક સમયે આ પ્રદેશમાં મજબૂત હાજરી ધરાવતું હતું, પરંતુ ૨૦૧૪માં પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા મોટા ઓપરેશન બાદ તેમને પીછેહઠ કરવી પડી હતી. જોકે, ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તામાં આવ્યા પછી, સરહદી વિસ્તારોમાં આતંકવાદી પ્રવૃત્તિઓ વધી રહી છે. ટીટીપી અને અફઘાન તાલિબાન અલગ સંગઠનો હોવા છતાં, તેમના ગાઢ સંબંધો હોવાનું માનવામાં આવે છે. પાકિસ્તાન સતત અફઘાનિસ્તાન પર આરોપ લગાવતું રહ્યું છે કે, તે તેની ધરતી પર કાર્યરત આતંકવાદીઓને ખતમ કરવામાં નિષ્ફળ રહ્યું છે, જેઓ પાછળથી પાકિસ્તાનમાં હુમલા કરે છે. બીજી બાજુ, કાબુલ વહીવટીતંત્ર આ આરોપ ોને નકારી રહ્યું છે. તાજેતરમાં, ખૈબર પખ્તુનખ્વાના ઘણા જિલ્લાઓમાં ઈમારતોની દિવાલો પર TTPના નામવાળા પોસ્ટરો અને સૂત્રો (ગ્રાફિટી) દેખાયા છે, જેના કારણે સામાન્ય નાગરિકોમાં ભય વધ્યો છે અને એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે જ્યારે તાલિબાનોએ આ પ્રદેશ પર કબજો કર્યો હતો તે યુગ ફરી પાછો આવી શકે છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે, છેલ્લાં કેટલાક મહિનામાં TTP લડાકુઓની હિલચાલ અને હુમલાઓમાં નોંધપાત્ર રીતે વધારો થયો છે.

સબમરીનને નષ્ટ કરી શકે તેવા એરક્રાફ્ટ ખરીદાશે

# ભારત-અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં P8I ડીલની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ સહયોગ એક નવા સ્તરે પહોંચવા જઈ રહ્યું છું. સૂત્રોના જણાવ્યાનુસાર, ભારતીય નૌકાદળ માટે ૬ વધારાના P-8I મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફટની ડીલ અંગે બંને દેશો વચ્ચે વાતચીત લગભગ પૂર્ણ થઈ ગઈ છે. આ ડીલ લગભગ ૪ અબજ ડોલરની છે અને આ માટે એક અમેરિકન પ્રતિનિધિમંડળ ૧૬થી ૧૯મી સપ્ટેમ્બર દરમિયાન દિલ્હી આવશે. અહેવાલો અનુસાર, પ્રતિનિધિમંડળમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ અને બોઈંગના પ્રતિનિધિઓ તેમજ અનેક મહત્ત્વપૂર્ણ સંસ્થાઓના અધિકારીઓનો સમાવેશ થશે. આમાં અંડર સેક્રેટરી ઓફ ડિફેન્સ ફોર પોલિસી, નેવી ઈન્ટરનેશનલ પ્રોગ્રામ્સ ઓફિસ (NIPO), મેરીટાઈમ પેટ્રોલ એન્ડ રેકગ્નિશન એરક્રાફટ પ્રોગ્રામ ઓફિસ (PMA 290) અને ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સી (DSCA)નો સમાવેશ થાય છે. NIPO વૈશ્વિક મેરીટાઈમ ભાગીદારી સંભાળવા માટે જવાબદાર છે જ્યારેં સ્છ ૨૯૦ મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફટના સંપાદન અને સપોર્ટમાં છે. ભારત પાસે હાલમાં 12 P-8I વિમાન છે અને હિંદ



મહાસાગર ક્ષેત્રમાં (IOR) તેની દેખરેખ અને સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓને મજબૂત કરવા માટે નૌકાદળને વધુ ૬ વિમાનોની જરૂર છે.

તાજેતરના વર્ષોમાં આ ક્ષેત્રમાં ચીની યુદ્ધ જહાજો અને સબમરીનની હાજરી વધી છે, પછી ભલે તે સર્વેક્ષણના નામે હોય કે ચાંચિયાગીરી વિરોધી કામગીરી હેઠળ. આ જ કારણ છે કે ભારતીય નૌકાદળ તેની દેખરેખ ક્ષમતાઓને સતત અપગ્રેડ કરી રહ્યું છે. P-8I વિમાન સાથે ભારતની સફર ૨૦૦૮માં શરૂ થઈ હતી જ્યારે નૌકાદળે પહેલી વાર ૮ વિમાન ખરીદ્યા હતા. ત્યારબાદ ૨૦૧૬ માં ૪ વધુ વિમાન ખરીદ્યા હતા. નૌકાદળે કુલ ૧૦ વધારાના વિમાનોની માંગ કરી હતી, પરંતુ ૨૦૧૯ માં 6 P-8I ને મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણયને મે ૨૦૨૧માં અમેરિકા સ્ટેટ ડિપાર્ટમેન્ટ તરફથી લીલી ઝંડી મળી હતી.

નેપાળના PM સુશીલા કાર્કી બનતાં મોદીએ કહ્યું

# ભારત નેપાળના લોકોની શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

નેપાળમાં પૂર્વ ચીફ જસ્ટિસ સુશીલા કાર્કીએ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના દિવસે વચગાળાની સરકારમાં કાર્યકારી વડાપ્રધાનના રૂપે શપથ લીધા. ત્યાર બાદ નેપાળને નવા વડાપ્રધાન મળતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુશીલા કાર્કીને શુભકામના આપતાં નેપાળમાં શાંતિ અને સ્થિરતાની આશા વ્યક્ત કરી હતી. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટ એક્સ પર પોસ્ટ કરી સુશીલા કાર્કીને શુભકામના પાઠવી હતી. તેમણે કહ્યું કે, ભારત નેપાળના લોકોની શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છે.સોશિયલ મીડિયા પર લગાવેલા પ્રતિબંધના વિરોધમાં શરુ કરવામાં આવેલા જેન-ઝી આંદોલને ધીમે-ધીમે ભ્રષ્ટાચાર સામે મોટા આંદોલનનું રૂપ લઈ લીધું હતું. આ આંદોલનમાં સીધી રીતે ઓલી સરકારને નિશાનો બનાવવામાં આવી હતી. વિરોધ વધતાં દેખાવકારો પર પોલીસ દ્વારા ફાયરિંગની કાર્યવાહી કરવામાં આવી, જેમાં ૨૦થી વધુ લોકોના મોત થયા હતા, આ મૃતકોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ હતા. વધતાં દબાણ અને જનવિરોધને લઈને ઓલીને રાજીનામું આપવું પડ્યું હતું. વડાપ્રધાન ઓલીના રાજીનામા બાદ પણ દેશમાં હિંસા અટકી ન હતી. મંગળવારે કાઠમાંડુ સહિત અનેક શહેરોમાં ઉગ્ર ભીડે ભારે ઉપદ્રવ મચાવ્યો હતો. દેખાવકારોએ સંસદ ભવન, રાજકીય નેતાઓના આવાસ અને અન્ય સરકારી ઈમારતોને આગ ચાંપી દીધી હતી. સ્થિતિ પર નિયંત્રણ મેળવવા માટે સેનાને હસ્તક્ષેપ કરવો પડ્યો. આ દરમિયાન ૫૦થી વધુ લોકોના મૃત્યુ થયા હતા. ભારતીય વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે, નેપાળ ભારતના પાડોશી દેશ છે. લાંબા સમયથી નેપાળ ભારતનો સહભાગી રહ્યું છે.

સ્થાનિક સમુદાયને ઘેરો આઘાત પહોંચ્યો

# બ્રિટનમાં શીખ મહિલા સાથે બે હેવાનોએ આચર્યું દુષ્કર્મ

। (એજન્સી) લંડન, તા.૧૪ ।

યુનાઈટેડ કિંગડમના ઓલ્ડબરી શહેરમાં એક શીખ મહિલા પર હેવાનિયતથી સ્થાનિક સમુદાયને ઘેરો આઘાત પહોંચ્યો છે. ૨૦ વર્ષની મહિલા પર બે પુરુષોએ બળાત્કાર ગુજાર્યો હતો તેમજ આ હેવાનોએ જાતિ આધારિત અપમાનજનક ભાષાનો પણ ઉપયોગ કર્યો હતો. આ ઘટના ગત મંગળવારે સવારે ૮:૩૦ વાગ્યે ટેમ રોડ પાસે બની હતી.

આ ઘટનાને પોલીસે જાતિગત રીતે ગંભીર ગુનો ગણાવતાં કહ્યું કે, હાલમાં અમે હુમલાખોરોને શોધી રહ્યા છે. તેમજ સીસીટીવી




અને ફોરેન્સિક તપાસ પણ હાથ ધરવામાં આવી રહી છે. આ હુમલા અંગે પીડિતાએ પોલીસને જણાવ્યું હતું કે, હુમલાખોરોએ તેના પર જાતિગત ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે તમારા દેશમાં પાછા જાઓ. સ્થાનિક મીડિયાના રિપોર્ટ પ્રમાણે, શંકાસ્પદો બંને શ્વેત પુરુષો છે. એકનું માથું મુંડન કરેલું હતું અને તેણે ઘેરા રંગનો સ્વેટશર્ટ પહેર્યો હતો, જ્યારે બીજો ગ્રે ટી-શર્ટ પહેરેલો હતો. આ ઘટનાને લઈને સ્થાનિક શીખ સમુદાયમાં ભારે આક્રોશ ફેલાયો છે. તેને સીધી રીતે જાણી જોઈને કરવામાં આવેલો હુમલો માનવામાં આવી રહ્યો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સમુદાયનો ગુસ્સો સંપૂર્ણપણે વાજબી હતો અને હવે આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

# હિમાચલના બિલાસપુરમાં આભ ફાટ્યું, અનેક વાહનો કાટમાળમાં દટાયા

। (એજન્સી) બિલાસપુર, તા.૧૪ ।

હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લાના નૈના દેવી વિધાનસભા વિસ્તારના ગુતરાહન ગામમાં શનિવારે સવારે વાદળ ફાટવાના કારણે તબાહીના દૃશ્યો સર્જાયા હતા. આ દરમિયાન અનેક વાહનો કાટમાળમાં દબાયા હતા અને રસ્તાને પણ ભારે નુકસાન થયું હતું.

નોંધનીય છે કે, આ કુદરતી આફતમાં કોઈ જાનહાનિ થઈ નથી, નહીંતર મોટી દુર્ઘટના બની શકી હોત. અસરગ્રસ્ત ગ્રામજનોએ વહીવટીતંત્ર પાસે માંગ કરી છે કે ટૂંક સમયમાં ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવે અને પીડિતોને યોગ્ય વળતર આપવામાં આવે. બીજી બાજુ, મંડી જિલ્લાના ધરમપુરના સપદી રોહ ગામમાં શનિવારે સવારે ૪ વાગ્યે ભૂસ્ખલન થયું હતું, જેના કારણે ઘણા ઘરો કાટમાળથી ઘેરાયેલા છે.

ઉલ્લેખનીય છે કે, હિમાચલ પ્રદેશના ઘણાં જિલ્લાઓમાં હવામાન ફરી બગડવા લાગ્યું છે. આવી સ્થિતિમાં, અનેક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન કેન્દ્ર શિમલાએ ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. વળી, કાંગડા, ઉના, હમીરપુર, બિલાસપુર અને મંડી જિલ્લાના કેટલાક ભાગોમાં હળવા અને ભારે વરસાદ માટે ઑરેન્જ ઍલર્ટ જારી કરવામાં આવ્યું છે. જ્યારે શિમલા, સિરમૌર, સોલન, કુલ્લુ અને ચંબા જિલ્લામાં વિવિધ સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ માટે યલો ઍલર્ટ રહેશે.

# ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ સૈનિકોનું અપમાન

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

એશિયા કપમાં ૧૪ સપ્ટેમ્બરે યોજાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચને લઈને શિવસેના (UBT) ના વડા ઉદ્ધવ ઠાકરેએ રસ્તા પર ઉતરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, એક આતંકવાદી દેશ સાથે મેચ રમવી એ રાષ્ટ્રીય ભાવનાનું અપમાન છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, શિવસેનાના કાર્યકરો સમગ્ર મહારાષ્ટ્રમાં રસ્તા પર ઉતરશે અને મેચનો વિરોધ કરશે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, આપણા સૈનિકો સરહદ પર પોતાના જીવનું બલિદાન આપી રહ્યા છે, શું આ સ્થિતિમાં આપણે પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવું જોઈએ? મારા પિતા (બાળાસાહેબ ઠાકરે) એ જાવેદ મિયાંદાદને કહ્યું હતું કે, જ્યાં સુધી પાકિસ્તાન દ્વારા ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રહેશે, ત્યાં સુધી ક્રિકેટ નહીં રમાય. એક દિવસ પહેલા જ આદિત્ય ઠાકરે કહ્યું હતું કે, ભાજપે પોતાની વિચારધાર બદલી નાખી છે. લોહી અને પાણી એક સાથે ન વહી શકે, તો ક્રિકેટ મેચ કેવી રીતે થઈ શકે. કોંગ્રેસની મહારાષ્ટ્ર એકમે આ પહેલા પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનો અને ફરજ દરમિયાન શહીદ થયેલા સૈનિકોનું અપમાન ગણાવ્યું હતું. તો, શરદ પવારના નેતૃત્વ હેઠળની NCP (SP) એ કહ્યું કે, મેચ માટે પરવાનગી આપવાથી સરકારના બેવડા ધોરણો છતા થાય છે.

# રહેઠાણનો અધિકાર જીવનના મૂળભૂત અધિકારનો હિસ્સો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

સુપ્રીમ કોર્ટે હજારો ફ્લેટ ખરીદદારોનું દુઃખ સમજી લીધું છે, જેઓ પોતાના જીવનની મહેનતની કમાણીનું રોકાણ કરીને ફ્લેટ અને ઘર બુક કરાવ્યા પછી ઘર રાખવાના સપના સાથે ભટકતા રહે છે. સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જે ફ્લેટ ખરીદદારોનું સપના તો પૂરું કરશે જ, પરંતુ રિયલ એસ્ટેટમાં લોકોનો વિશ્વાસ પણ પાછો મેળવશે.

સુપ્રીમ કોર્ટના જણાવ્યાનુસાર, રહેઠાણનો અધિકાર ફક્ત કરાર આધારિત અધિકાર નથી, પરંતુ તે બંધારણ હેઠળ જીવનના મૂળભૂત અધિકારનો એક ભાગ છે. તેથી, તે આવા નિર્દેશો આપી રહી છે જેથી ભારતના નાગરિકોનું ઘર રાખવાનું સપના પૂર્ણ થાય. તેમનું આ સપના જીવનભરનું દુઃસપનું ન બને.

મધ્યમ વર્ગના લોકોનું દુઃખ વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જીવનભરની કમાણી ઘર પર ખર્ચ્યા પછી, તે બેવડો બોજ સહન કરે છે. એક તરફ, તે ઘરનો EMI ચૂકવે છે અને બીજી તરફ, તે ભાડું ચૂકવે છે. તે ફક્ત ઘરનું પોતાનું સપનું પૂર્ણ કરવા માંગે છે, જે એક અધૂરું મકાન રહે છે.

## વિશેષ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ કર્યું

# દેશમાં ખેલાડીઓને વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર- તાલીમ, સિલેક્સનમાં પારદર્શિતા, સારા પર્ફોર્મરને વિશ્વ રમતોમાં દેશના પ્રતિનિધિત્વની તક જેવા મોટા બદલાવો સ્પોર્ટ્સ ક્ષેત્રે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આવ્યા છે : ગૃહ મંત્રીશ્રી અમિત શાહ

। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।

ઓલિમ્પિક ૨૦૩૬ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ પામી રહ્યું છે ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના નારણપુરામાં ₹૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલું વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ કર્યું હતું.રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓના આયોજન માટે સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સના લોકાપ ણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી મનસુખ માંડવિયા, રાજ્યના કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, રમતગમત રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા મેયર શ્રી પ્રતિભા જૈન ઉપસ્થિત રહ્યા હતા.દેશના ખેલાડીઓને વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ અર્પણ કરતા કેન્દ્રીય ગૃ હમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ખેલકૂદ સ્પોર્ટ્સ ભારતનો આત્મા છે. રમતગમતની શરૂઆત ભારતમાં થઈ હતી અને ભારત દુનિયાનો સૌથી યુવા દેશ છે ત્યારે ખેલકૂદ ક્ષેત્રમાં અવ્વલ સ્થાને રહેવું એ આપણું લક્ષ્ય હોવું જોઈએ.તેમણે કહ્યું કે, દેશમાં ખેલાડીઓને વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર- તાલીમ- સિલેક્સનમાં પારદર્શિતા - સારા પર્ફોર્મરને વિશ્વ રમતોમાં દેશના પ્રતિનિધિત્વની તક જેવા મોટા બદલાવો સ્પોર્ટ્સ ક્ષેત્રે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આવ્યા છે. પાછલા ૧૦ વર્ષમાં ભારતના સ્પ ોર્ટ સેક્ટરનું પરિદ્રશ્ય સંપૂર્ણપણે બદલાઈ ગયું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, વીર સાવરકર સ્પોર્ટ્સ સંકુલ આધુનિક વિશાળ અને પરિપ ૂર્ણ છે. લોકાર્પણ પહેલાં જ બે મોટી સ્પર્ધાઓ અહીં યોજાઈ ચૂકી છે. અહીં રમવા આવેલા દેશ વિદેશના ખેલાડીઓ, તેમના ખેલકૂદ મંડળોના અધ્યક્ષોએ પ્રતિભાવ આપ્યો છે કે, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સુવિધાઓ વર્લ્ડ ક્લાસ છે, આધુનિક છે.મંત્રીશ્રીએ અમદાવાદના નારણપુરા સ્થિત સ્પ ોર્ટ કોમ્પ્લેક્સને સ્વાતંત્ર સેનાની વીર સાવરકરનું નામ આપવા સંદર્ભે જણાવ્યું કે, મહાન સ્વાતંત્ર વીર સાવરકર ખૂબ જ માહેર તરવૈયા હતા. અંગ્રેજોની ચુન્ગાલ માંથી છૂટવા તેઓ આગબોટમાંથી બેડીઓ સાથે કૂદીને, દરિયો ઓળંગીને ફ્રાન્સ પહોંચ્યા હતા. અંગ્રેજ શાસિત ભારત ના ઈતિહાસ માં ૧૨૦ વર્ષની બેવડી જનમટીપની સજા મેળવનારા એકમાત્ર ક્રાંતિવીર સાવરકર અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢવા માટે સતત લડ્યા છે. ૧૮૫૭ ના સંગ્રામને અંગ્રેજોએ સૈનિક બળવો ગણાવ્યો હતો, પરંતુ વીર સાવરકરે આને સ્વાતંત્ર સંગ્રામ ગણાવ્યો હતો. એવા વીર સાવરકરને આ સ્પોર્ટ સંકુલ સમર્પિત છે, તેમ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, અહીં જે પણ ખેલાડી રમવા આવશે તે પોતાના માટે નહીં પરંતુ તેના દેશ માટે મેડલ જીતવાની આશા સાથે આવશે. વીર સાવરકર સ્પોર્ટ સંકુલ, આવા ખેલાડીઓને યથાર્થ પ્રેરણા આપશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, અમદાવાદ દેશની ખેલકૂદ રાજધાની, સ્પોર્ટ્સ કેપિટલ બનશે. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવ, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવા આધુનિક સંકુલોથી રમત ગમતની પૂરતી સુવિધાઓ વિકસી છે. તેમણે વધુમાં કહ્યું કે, ૧૦ વર્ષ પહેલાં UPA સરકારમાં ખેલકૂદ વિભાગનું બજેટ ૧૬૪૩ કરોડ હતું જે વધીને હવે ૫૩૦૦ કરોડ થયું છે. ખેલો ઈન્ડિયા જેવી સ્પર્ધાઓના માધ્યમથી ખેલાડીઓનું પ ર્ફોર્મન્સ, ન્યુટ્રીશન ચિકિત્સા, ઈંજરી વગેરેનું ધ્યાન રખાય છે. દેશમાં નવું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થઈ રહ્યું છે. ખેલો ઈન્ડિયા ગેમ્સ, પેરાગેમ્સ અને વિન્ટર ગેમ્સ પણ યોજાય છે. નવી ખેલ નીતિ સ્પ ોર્ટ્સ પોલીસી પણ આપણે લાવ્યા છીએ. સ્પોર્ટ પોલિસીના સંદર્ભમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ભારતના ખેલાડીઓને વૈશ્વિક મંચ મળે, ખેલકુદના માધ્યમથી આર્થિક વિકાસ અને સામાજિક વિકાસ થાય, ખેલકૂદ એક જનઆંદોલન બને તેમ જ શિક્ષણ અને રમતગમતનું એકીકરણ થાય તેવા પાંચ પિલર્સ ઉપર નવી સ્પોર્ટ્સ પોલીસી આધારિત છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી એ ભારપૂર્વક જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની સરકાર આવ્યા પછી દેશના ખેલાડીઓનું ઓલમ્પિક, કોમનવેલ્થ અને વિન્ટર ગેમ્સમાં પર્ફોર્મન્સ વધુ ઉત્કૃષ્ટ બન્યું છે. આ અંગે વધુ વિગતો આપતા મંત્રી શ્રી એ કહ્યું કે, ૧૯૪૭ થી ૨૦૧૨ સુધીમાં તમામ ઓલમ્પિકમાં ભારતને ૨૦ ગોલ્ડ મેડલ મળ્યા હતા જ્યારે પ ાછલા ૮ વર્ષમાં ૧૫ ઓલમ્પિક મેડલ મળ્યા છે. પ ેરા ઓલમ્પિકમાં ૮ મેડલ મળ્યા હતા, મોદી સરકાર આવ્યા પછી ૫૨ મેડલ મળ્યા છે. ડેફ ઓલમ્પિકમાં બે મેડલ મળ્યા હતા, હવે ૨૨ મળ્યા છે. તેમણે ઉમેર્યું કે, ૨૦૨૯માં અમદાવાદમાં પોલીસ અને ફાયર વિભાગના જવાનોની આંતરરાષ્ટ્રીય સ્પ ર્ધાઓ થવાની છે. ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં રમાય તે માટેની મંજૂરી ટૂંક સમયમાં મળે તેવી સંભાવના છે. અને ૨૦૩૬ માં ઓલમ્પિક પણ અમદાવાદમાં રમાય તે માટે સરકાર કટિબધ્ધ છે.

# કચ્છના ૪ ટોલનાકા સોમવાર સુધી ટોલ ફ્રી જાહેર કરાયા

## રિજનલ ઓફિસરે આ મુદ્દે દિલ્હીમાં ઉચ્ચ સ્તરે ચર્ચા કરી સવારે જવાબ આપવા જણાવ્યું હતું, નો રોડ-નો ટોલ' આંદોલનની અસર

। કચ્છ, તા.૧૪ ।

કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની ખખડધજ હાલતથી કંટાળેલા ટ્રાન્સપોર્ટ ઍસોસિએશન દ્વારા સામખિયાળી ટોલ નાકે શરુ કરવામાં આવેલા 'નો રોડ, નો ટોલ' ચક્કાજામ આંદોલનનો સુખદ અંત આવ્યો છે. નેશનલ હાઈવે ઑથોરિટી દ્વારા આગામી બે દિવસમાં તમામ ખખડધજ રોડ પર પડેલા ગાબડાં પૂરી નાખી પેચવર્ક કરવાની ખાતરી આપી હતી. સોમવાર મધરાત સુધી એટલે કે ૧૫ સપ્ટેમ્બર રાત્રિના ૧૨ વાગ્યા સુધી સૂરજબારી, સામખિયાળી, મોખા અને માખેલ નાકા ટોલ ફ્રી કરવાની પણ જાહેરાત કરી હતી.

લાંબા સમયથી ટ્રાન્સપોર્ટરો દ્વારા કરાઈ રહેલી રજૂઆતો છતાં હાઈવે ઑથોરિટી દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નહોતા. આખરે સત્યાગ્રહના પગલે મોડી રાત્રે નેશનલ હાઈવે ઑથોરિટીના રિજનલ ઑફિસર કચ્છ દોડી આવ્યા હતા અને ટ્રાન્સપોર્ટરો સાથે મીટીંગ કરી હતી. મધરાત્રે બે વાગ્યે સામખિયાળી ખાતે ટ્રાન્સપોર્ટરો સાથે યોજાયેલી બેઠકમાં ટ્રાન્સપોર્ટરો તેમની માંગણીઓ પર મક્કમ રહ્યા હતા. રિજનલ ઑફિસરે આ મુદ્દે દિલ્હીમાં ઉચ્ચ સ્તરે ચર્ચા કરી સવારે જવાબ આપવા જણાવ્યું હતું. ત્યારે આજે સવારે ફરી નેશનલ



હાઈવે ઑથોરિટીના રિજનલ ઑફિસર સુશીલ યાદવ, કચ્છ કલેક્ટર આનંદ પટેલ, પૂર્વ કચ્છ પોલીસ અધીક્ષક સાગર બાગમાર અને વિવિધ ઍસોસિએશનના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં ૧૫ સપ્ટેમ્બરની મધરાત્રિ સુધીમાં પેચવર્ક પૂર્ણ કરવાની અને ત્યાં સુધી વાહનોને ટોલ-ફ્રી રાખવાનો નિર્ણય લેવાયો હતો. ઉલ્લેખનીય છે કે આંદોલનના પગલે ૪૫થી વધુ વાહનોના પૈડા થંભી ગયા હતા. કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની હાલત સુધારવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચિમકી આપવામાં આવી હતી. જિલ્લાના ૭ ટોલનાકા ઉપર દૈનિક ચાર કરોડનું ટોલનાકું વસુલવામાં આવતું હોવા છતાં ધારીમાર્ગોની ખસ્તા હાલત છે. હાઈવેના રસ્તા ખખડધજ હાલતમાં છે. અનેક રજૂઆતો છતાં માર્ગ મરમત માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેથી નારાજ થઈ આ આંદોલનની શરુઆત કરવામાં આવી હતી. કચ્છના ટ્રાન્સપોર્ટ જગત દ્વારા કચ્છમાં રાષ્ટ્રીય ધોરીમાગીની ખસ્તા હાલત સામે લડતના મંડાણ કરાયા હતા. અંજાર તાલુકાનાં ખેડોઈ ગામના લોકોએ જણાવ્યું હતું કે ગાંધીધામ-મુન્દ્રા નેશનલ હાઈવે પર ઠેર ઠેર ડ્રગ્સના હાટડાઓ ધમધમી રહ્યા હોવાથી વાહન ચાલકો નશો કરી પોતાના વાહનો ચલાવતા હોવાથી અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે. આ ઉપરાંત રોડ પર ઠેર ઠેર ખાડાઓ હોવાથી નાના-મોટા અકસ્માતો રોજ બની રહ્યા છે. જેથી ગ્રામજનોએ માર્ગ પરથી પસાર થતાં વાહનોને અટકાવી ચાલકોને ગુલાબનું ફૂલ આપી, ઠંડી છાશ પીવડાવી નશો કરી વાહન ન ચલાવવા અપીલ કરી હતી.

## વડોદરામાં દારૂના કટિંગ સમયે જ પોલીસ ત્રાટકી

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।

વડોદરાના વાઘોડિયા રોડ પર દારૂના કટિંગ સમયે જ પોલીસે રેડ પાડી હતી. જીપ અને ઘરમાંથી પોલીસે ૨.૬૨ લાખનો દારૂનો જથ્થો કબજે કર્યો છે. પાણીગેટ પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન માહિતી મળી હતી કે, વાઘોડિયા રોડ બી.પી.એસ. સ્કૂલ પાસે આવેલી અંબિકા ધામ સોસાયટીમાં રહેતો રવિ કહાર પીકઅપ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લાવ્યો છે અને પોતાના ઘર પાસે ઉતારી રહ્યો છે. જેથી, પોલીસ સ્ટાફે ઉપરોક્ત સ્થળે રેડ કરતા એક જીપ ઉભી હતી અને તેની નજીક ઉભેલા રવિ કનુભાઈ કહારને કોર્ડન કરીને પકડી લીધો હતો. પોલીસે જીપ તથા આરોપીના ઘરમાંથી દારૂની ૧,૨૬૮ બોટલ કિંમત રૂપિયા ૨.૬૨ લાખની કબજે કરી હતી. પોલીસે દારૂ, જીપ, મોબાઈલ ફોન મળી કુલ ૬.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે જીપનો ડ્રાઈવર દિનેશભાઈ (રહે. સેલવાસ) ભાગી ગયો હોઈ પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

## અપર મહાપ્રબંધક પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી સ્ટેશન તથા ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડિપો, સાબરમતીનું નિરીક્ષણ કરવામાં આવ્યું

। (રેલવે) અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલવેના અપર મહાપ્રબંધક શ્રી પ્રદીપ કુમારે ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદ મંડળના સાબરમતી રેલવે સ્ટેશન તથા ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડિપો (ICD) સાબરમતીનું વ્યાપક નિરીક્ષણ કર્યું.

નિરીક્ષણ દરમિયાન શ્રી પ્રદીપ કુમારે સાબરમતી સ્ટેશન પર પુનર્વિકાસ કાર્યો અંતર્ગત નવનિર્મિત મુસાફરોની સુવિધાઓ જેમ કે કોન્કોર્સ હોલ, વેઈટિંગ એરિયા, ટિકિટ બુકિંગ વિન્ડો, મુસાફરો માટે અલગ-અલગ એન્ટ્રી અને એક્ઝિટ માર્ગ, લિફ્ટ તેમજ સ્ટેશન પર ઉપલબ્ધ અન્ય સુવિધાઓનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. તેમણે તમામ પ્લેટફોર્મ પર જઈને ત્યાંની વ્યવસ્થાનું અવલોકન કર્યું તથા નિર્માણધીન ફૂટ ઓવરબ્રિજ, એસ્કેલેટર, કવર શેડ વગેરે વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. આ અવસરે ઉપ મુખ્ય પરિયોજના પ્રબંધક (અમદાવાદ) શ્રી અનંત કુમારે સાબરમતી સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની વિગતવાર માહિતી અપર મહાપ્રબંધકને આપી તથા આ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિથી અવગત કરાવ્યા. અપર મહાપ્રબંધકે સાબરમતી સ્થિત ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડિપો (ICD)નું પણ નિરીક્ષણ કર્યું.

# નવરાત્રી અંગે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેફ્ટી ગાઈડલાઈન્સ જાહેર કરાઇ

## જરૂરી દસ્તાવેજોની હાર્ડ ફાઈલ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

આવનાર દિવસોમાં શારદીય નવરાત્રી મહોત્સવ પ્રારંભ ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઑક્ટોબર સુધી થશે. આગામી નવરાત્રી ધ્યાનમાં રાખીને ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ દ્વારા જાહેર સલામતી અને ફાયર સેફ્ટી માટે એક વિસ્તૃત માર્ગદર્શિકા (SOP) તૈયાર કરવામાં આવી છે. જાહેર કરાયેલા નિયમો જોઈએ તો તમામ નવરાત્રી આયોજકો માટે ટેમ્પરરી ફાયર સેફ્ટી સર્ટીફીકેટ (FSCAT) મેળવવું ફરજિયાત છે. આ માટે, તેમણે ગુજરાત ફાયર સેફ્ટીની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરીને જરૂરી દસ્તાવેજોની હાર્ડ ફાઈલ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે. સ્થળ નિરીક્ષણ બાદ આ સર્ટીફીકેટ આપવામાં આવશે.માર્ગદર્શિકામાં અનેક મુખ્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આયોજકોએ પંડાલની ક્ષમતા મુજબ જ વ્યક્તિઓને પ્રવેશ આપવો પડશે અને પ્રત્યેક વ્યક્તિ દીઠ ઓછામાં ઓછી ૧ ચોરસ મીટર જગ્યા સુનિશ્ચિત કરવી પડશે. આ ઉપરાંત, મંડપમાં પ્રવેશતા દર્શકો અને ખેલૈયાઓનો દૈનિક રેકોર્ડ પણ રાખવાનો રહેશે. ઈમરજન્સીના સમયે લોકો સરળતાથી બહાર નીકળી શકે તે માટે પૂરતા ઈમરજન્સી



એક્ઝિટ ગેટ રાખવા, જે પરસ્પર વિરુદ્ધ દિશામાં હોવા જોઈએ. મંડપમાં કે પંડાલમાં કોઈપણ પ્રકારની જ્વલનશીલ સામગ્રી, પ્રવાહી કે ફટાકડાનો ઉપયોગ કે સંગ્રહ કરવા પર પ્રતિબંધ છે. તમામ ઈલેક્ટ્રિક વાયરીંગ માન્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર દ્વારા તપાસેલું હોવું જોઈએ અને તે પ્રવર્તમાન વીજળી અધિનિયમ મુજબનું હોવું જોઈએ. મૂર્તિ પાસે રાખવામાં આવતા દીવા નીચે રેતીનો બેઝ રાખવો ફરજિયાત છે. દરેક ૧૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ઓછામાં ઓછા બે ૬ કિલોગ્રામના છમ્ઝ ટાઈપ ફાયર એક્સટીંગ્યુશર અને ૪.૫ કિલોગ્રામના ર્ઝ્ર ટાઈપ ફાયર એક્સટીંગ્યુશર ઉપલબ્ધ રાખવા પડશે. આયોજકોએ પ્રવેશદ્વાર પર ફાયર વિભાગ, પોલીસ અને એમ્બ્યુલન્સના ઈમરજન્સી સંપર્ક નંબરો દર્શાવતા બોર્ડ પણ લગાવવાના રહેશે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આગ અકસ્માતથી સુરક્ષિત રહે તે માટે ફાયર એક્સટીંગ્યુશરનો ઉપયોગ કરનાર જાણકાર વ્યક્તિઓને ચોવીસ કલાક ઉપલબ્ધ રાખવા પણ જણાવવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ માર્ગદર્શિકાનું પાલન સુનિશ્ચિત કરવા માટે તમામ સ્થળોએ સમયાંતરે ચકાસણી કરવામાં આવશે. જો કોઈ ક્ષતિ જણાશે તો આયોજકોએ તેને સુધારવી પડશે, અન્યથા કાર્યક્રમ બંધ કરાવવાની જવાબદારી આયોજકની રહેશે. અકસ્માતના કિસ્સામાં તમામ જવાબદારી આયોજકની રહેશે તેમ પણ સ્પષ્ટ કરાયું છે.

### યુવાન નશામાં ભાન ભુલી શર્ટ કાઢી રોડ પર ભારે ઉત્પાત મચાવ્યો

# વાપીના ભડકમોરામાં નશાધુત યુવાને એક કલાક સુધી રસ્તા પર ધમાલ મચાવી

## ભાન ભુલેલા યુવાન ટેમ્પામાંથી ગેસ સિલિન્ડર ખેંચી લીધા ભારે વાહનોને અટકવાતો અડફટે પણ આવી ગયો હતો

। (એજન્સી) વાપી, તા.૧૪ ।

વાપી-સેલવાસ રોડ પરના ભડકમોરા વિસ્તારમાં નશાધુત યુવાન ભાન ભુલી લગભગ એક કલાક સુધી વાહનોને અટકાવી ભારે ઉત્પાત મચાવી દેતા ટ્રાફિક જામ થઇ ગયો હતો. ભાન ભુલેલા યુવાન ટેમ્પામાંથી ગેસ સિલિન્ડર ખેંચી લીધા ભારે વાહનોને અટકવાતો અડફટે પણ આવી ગયો હતો. નાણાં ભરી જતી વાનને પણ રોકતા સિક્યુરિટી ગાર્ડ સહિત લોકોએ મેથીપાક આપવા છતા રીક્ષાને અટકાવવા જતા અડફટે આવી જતા જમીન પર બેહોશ થઈ ગયો હતો. આ ઘટનાનો વિડિયો વાયરલ થતા ચર્ચાનો વિષય બન્યો છે. વાપીના ભડકમોરા વિસ્તારમાં એક નશાધુત યુવાન નશામાં ભાન ભુલી શર્ટ કાઢી રોડ પર ભારે ઉત્પાત મચાવતો વિડિયો સોશિયલ મિડિયા પર વાયરલ થતા લોકોમાં ભારે આશ્ચર્ય સાથે ચર્ચાનો વિષય બન્યો છે. વાયરલ થયેલા વિડિયોમાં નશાધુત યુવાન રોડ પર ઉતરી વાહનોને અટકાવતો હતો. એક કાર પણ ચઢી ભારે ધમાલ મચાવી હતી. યુવાનની હરકત જોતા વાહનો પણ અટકી ગયા હતા. રીક્ષાઓને પણ અટકાવવા જતા અડફટે આવી પટકાયો હતો. રાહદારી અને વાહનચાલકોને ગાળો આપી દાદાગીરી પણ કરતો હતો. એટલું જ પણ રોડ પરથી ગેસ સિલિન્ડર ભરી જતા ટેમ્પા માંથી સિલિન્ડર કાઢી લીધા પર રોડ પર મુકી તેના બેસી ધાંધલ ધમાલ મચાવી હતી. નશાધુત યુવાન ભારે ધાંધલ ધમાલ કરતા લોકો સમજાવવા જતા દાદાગીરી કરતો જોવા મળ્યો હતો. નાણાં ભરી જતી કેશવાનને નશાધુત યુવાને અટકાવી તેના પણ ચઢી જઇ તોફાન કરતા આખરે ચાલક, સિક્યુરિટી ગાર્ડ અને લોકોએ તેને મેથીપાક આપ્યો હતો. વાન રવાના થાય બાદ યુવાન બસ નીચે ધુસી જતા તેને બહાર કાઢ્યો હતો. ભાન ભુલેલા યુવાને ફરી રીક્ષાઓને રોકવા જતા એક રીક્ષા અડફટે આવી જતા રોડ પર ઢીમ ગયા બાદ બેભાન થઈ ગયો હતો.

## થરા નગરમાં એક સમાજના બે જુથો વચ્ચે અથડામણ, ૧૦થી વધુ ઘાયલ

। (યશપાલસિંહ ટી વાઘેલા) થરા, તા.૧૪ ।

કાંકરેજ તાલુકાના થરા નગરમાં પોલીસ સ્ટેશનથી અડધો પોણો કી.મી. દૂર પશ્ચિમ દિશામાં આવેલ દિયોદર ત્રણ રસ્તા ઓવર બ્રિજ ગરનાળામાં દેવી પૂજક સમાજના લોકો વચ્ચે સામાજિક કારણોસર બોલાચાલી એ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું જેમાં પટ્ટણી દેવી પૂજક સમાજના બે જુથોમાં પુરુષ મહિલાઓ હાથમાં લાકડી ધોકા ધારિયા રોડા જેવા સાધનો વડે એકબીજા પર ઝનુની રીતે તૂટી પડ્યા હતા.થરા નગરથી દૂર હોવાથી આ ઘટનાની અસર થરા માર્કેટ યાર્ડ બસ સ્ટેશન કે અન્ય વિસ્તારોમાં જોવા મળી ન હતી છતાં આ વિસ્તારમાં થોડી વાર સુધી ભયનો માહોલ ઊભો થયો હતો.દેવી પૂજક લોકોના બંને ટોળાં એકબીજાના લોહી તરસ્યા બન્યા હોય તે રીતે હુમલાઓ કરતા દશથી વધુ લોકો ઘાયલ થયેલ જેમાંથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલને થરા રેફરલમાંથી ધારપુર પાટણ હોસ્પિટલ તરફ રિફર કર્યા હોવાનું જાણવા મળે છે થરા પોલીસ સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

## પિતાએ ઠપકો આપતા ૧૬ વર્ષનો પુત્ર ઘર છોડી ચાલ્યો ગયો

। વડોદરા, તા.૧૪ ।

પિતાએ મોબાઈલ ફોનમાં ગેમ રમવા બાબતે ઠપકો આપતા ૧૬ વર્ષનો પુત્ર મોડી રાત્રે કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી જઈ ગુમ થવા અંગે ફરિયાદના આધારે કપૂરાઈ પોલીસે શોધખોળ શરૂ કરી હતી.શહેરના આજવા રોડ ખાતે રહેતો ૧૬ વર્ષીય વિદ્યાર્થી કોમ્પ્યુટર એન્જિનિયરના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે.

# ધંધામાં રોકાણના નામે ૨.૬૮ કરોડની છેતરપિંડી



। સુરત, તા.૧૪ ।

સુરત શહેરમાં ધંધામાં રોકાણના બહાને ૨.૬૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરનાર એક આરોપીની પોલીસે ધરપકડ કરી છે. આ ઘટનાએ ફરી એકવાર નાણાકીય લેવડદેવડમાં સાવચેતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. અડાજણ વિસ્તારના એક વેપારી સાથે આ છેતરપિંડી કરવામાં આવી હતી, જેમાં આરોપીએ મોટા નફાનું વચન આપીને વેપારીને જાળમાં ફસાવ્યો હતો. આરોપી પ્રતિક ઉર્ફે રાહુલ પટેલે વેપારી પાસેથી ૨.૬૮ કરોડ રૂપિયાનું રોકાણ કરાવી લીધું હતું અને બાદમાં પૈસા પરત આપવાનો ઈનકાર કર્યો હતો. આ અંગે વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.અડાજણના વેપારીની ફરિયાદના આધારે પોલીસે આરોપી પ્રતિક ઉર્ફે રાહુલ પટેલની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીએ આ પ્રકારની અન્ય છેતરપિંડી પણ આચરી હોઈ શકે છે. પોલીસે આરોપી પાસેથી છેતરપિંડી સંબંધિત પુરાવા અને નાણાકીય વ્યવહારોની વિગતો મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ ઘટના સાબિત કરે છે કે આજકાલ છેતરપિંડી કરનારાઓ નવા નવા કીમિયાઓ અપનાવી રહ્યા છે, જેમાં વિશ્વાસ કેળવીને મોટી રકમો પડાવવામાં આવે છે. આવા કિસ્સાઓમાં ખાસ કરીને ધંધાકીય સંબંધોમાં વધુ સાવચેત રહેવું જરૂરી છે.સુરત પોલીસ દ્વારા આર્થિક ગુનાઓને ગંભીરતાથી લઈને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ૨.૬૮ કરોડ જેવી મોટી રકમની ઠગાઈના આ કેસમાં ઝડપી ધરપકડથી ગુનાખોરી પર નિયંત્રણ રાખવાનો પોલીસનો પ્રયાસ સ્પષ્ટ થાય છે. આવા કિસ્સાઓ અન્ય લોકોને પણ સાવચેત રહેવા અને કોઈપણ રોકાણ કરતા પહેલા તેની સંપૂર્ણ તપાસ કરવા માટે પ્રેરણા આપે છે. આધુનિક સમયમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમથી ઠગાઈના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે નાગરિકોએ પોતાની મહેનતની કમાણીનું રક્ષણ કરવા માટે સતર્ક રહેવું આવશ્યક છે. પોલીસની આ કાર્યવાહી ન્યાય અપાવવામાં મદદરૂપ થશે અને આવા ગુનેગારોને કડક સંદેશ આપશે. આવા કિસ્સાઓ અન્ય લોકોને પણ સાવચેત રહેવા અને કોઈપણ રોકાણ કરતા પહેલા તેની સંપૂર્ણ તપાસ કરવા માટે પ્રેરણા આપે છે. આધુનિક સમયમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમથી ઠગાઈના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે નાગરિકોએ પોતાની મહેનતની કમાણીનું રક્ષણ કરવા માટે સતર્ક રહેવું આવશ્યક છે. પોલીસની આ કાર્યવાહી ન્યાય અપાવવામાં મદદરૂપ થશે અને આવા ગુનેગારોને કડક સંદેશ આપશે.

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઇપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઇ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393